

પેજ-08
'હું થોડો-ઘણો યંગ હૃતિક રોશન જેવો દેખાઉં છું' : સૌરવ દાસે કંગનાની દુખતી નસ...

અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
ભારતીય ક્રિકેટના દિગ્ગજ અજિંક્ય રહાણે નિવૃત્તિ જાહેર કરી, આં.રા. ક્રિકેટના ...



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 27.00 |
| વડોદરા | 29.00 | 26.00 |
| સુરત | 27.00 | 26.00 |

પેજ 5




FMCG દિગ્ગજ પતંજલિ હવે વીમો પણ વેચશે

31
JULY-2026
FRIDAY

ક્વોન્ટસ વિમાને નોનસ્ટોપ ઉડીને રચ્યો ઇતિહાસ, ચોવીસ કલાકથી...



પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 77928.15 ▲ | 273.55 |
| નિફ્ટી | 24317.15 ▲ | 66.95 |
| સોનું | 142940.00 ▲ | 1159.00 |
| ચાંદી | 219200.00 ▲ | 1721.00 |

વર્ષ-15 । અંક-257 । વિક્રમ સંવત-2082 । અષાઢ વદ - 02 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

### રાજ્યસભામાં ખડગેના નિવેદનથી મામલો ઉગ્ર બન્યો, કહ્યું- નવા બિલમાં આંકડા સિવાય કશું નહીં

# 'અમિત શાહ બંધ રૂમમાં લાંબુ નહીં રહી શકે, ખેંચીને લાવીશું'



ખડગે બોલ્યા- અમિત શાહ જવાબ ન આપી શકે તો રાજીનામું આપે

નવી દિલ્હી | રાજ્યસભામાં પેપર લીક સંબંધિત પરીક્ષા સુધારા બિલ પર ચર્ચા દરમિયાન મલ્લિકાર્જુન ખડગેના 'મનુસ્મૃતિ' નિવેદન પર હોબાળો થયો. તેઓ શૈક્ષણિક સંસ્થાઓ પર RSSના હસ્તક્ષેપ વિશે બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે શિક્ષણ સંસ્થાઓમાં મનુસ્મૃતિ માનનારા વધી ગયા છે, જેનાથી શૂદ્રને ભણવાનો અધિકાર છીનવાઈ ગયો છે. આના પર સદનમાં હોબાળો શરૂ થઈ ગયો.આના પર જેપી નડ્ડાએ અટકાવતા કહ્યું કે ખડગેનું નિવેદન તથ્યોથી દૂર છે. આનાથી અશાંતિ ફેલાઈ શકે છે. ત્યારબાદ સભાપતિ સીપી રાધાકૃષ્ણને કહ્યું કે મનુસ્મૃતિ સંબંધિત નિવેદન રેકોર્ડ પરથી હટાવી દેવામાં આવશે.આ આખી ચર્ચા પેપર લીક સંબંધિત પબ્લિક એક્ઝામિનેશન સુધારા બિલ પર ચર્ચા દરમિયાન થઈ. ખડગેએ કહ્યું- આ બિલથી કોઈ ફરક પડવાનો નથી. પેપર ચોરનારા બચતા રહેશે. વિદ્યાર્થીઓ પીટાતા રહેશે.

### મનુસ્મૃતિને લઈને ગૃહમાં થયેલા દાવાનું ફેક્ટ ચેક

ફેક્ટ ચેક: ખડગેએ જે સજાઓ જણાવી, તે મૂળ મનુસ્મૃતિમાં નહીં, પરંતુ 'ગૌતમ ધર્મસૂત્ર' (અધ્યાય 12, શ્લોક 4-6)માં લખેલી છે. જોકે, ખડગેએ બાદમાં કહ્યું કે ગૌતમ ઋષિએ લખ્યું છે. દાવો: સુધાંશુએ 1790માં કલકત્તા હાઈકોર્ટના જજ વિલિયમ જોન્સે મનુસ્મૃતિનો અનુવાદ કર્યો અને તે પુસ્તક હવે ઉપલબ્ધ નથી.

1. સરકાર દબાણમાં ઝૂકી: સરકારને વિદ્યાર્થીઓના આંદોલન અને જનદબાણ સામે ઝૂકવું પડ્યું. ધર્મેન્દ્ર પ્રધાનને હટાવવા અને સુધારા બિલ લાવવું એ વિદ્યાર્થીઓના હિતમાં નહીં, પરંતુ સરકારની ખુરશી બચાવવાની મજબૂરી હતી.
2. માત્ર સજા વધારવાથી પેપર લીક નહીં અટકે: દંડ 1 કરોડથી 10 કરોડ કરવો, સજા કડક કરવી, સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવી પર્યાપ્ત નથી. સાચી જરૂરિયાત પરીક્ષા પ્રણાલીને પારદર્શક બનાવવાની છે.
3. 152 પરીક્ષાઓના પેપર લીક: કેટલાક વર્ષોમાં 152 પરીક્ષાઓના પેપર લીક થયા, પરંતુ કોઈ દોષિતને સજા મળી નહીં. NTAના ઘણા પદો ખાલી છે અને શિક્ષણ વ્યવસ્થામાં સુધારાને બદલે RSS સાથે સંકળાયેલા લોકોની નિમણૂકો કરવામાં આવી રહી છે.
4. અમિત શાહ જવાબ આપે: શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ, આંસુ ગેસ અને પેલેટ ગનનો ઉપયોગ કરવામાં આવ્યો. જો ગૃહમંત્રી અમિત શાહ આનો જવાબ ન આપી શકે તો રાજીનામું આપે.
5. શૂદ્રવાળા નિવેદન પર હોબાળો: નવા અભ્યાસક્રમમાં એવા સંદર્ભો ઉમેરવામાં આવી રહ્યા છે, જેમાં શૂદ્રોના વેદપાઠ સાંભળવા કે બોલવા પર કઠોર દંડનો ઉલ્લેખ છે. તેમણે કહ્યું કે આવી વિચારસરણી ધરાવતા લોકોને શિક્ષણ વ્યવસ્થામાંથી બહાર કરવા જોઈએ.

### સુપ્રીમના સરકારને આકરા સવાલ

## પેલેટ ગનના ઉપયોગની SOP શું છે?

- **સંસદ માર્ચમાં પેલેટ ગનથી ઘાયલ વિદ્યાર્થીઓને તમામ સારવાર આપવાનો આદેશ**

નવી દિલ્હી | સુપ્રીમ કોર્ટે ગુરુવારે દિલ્હી સરકારને આદેશ આપ્યો કે 20 જુલાઈએ કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સંસદ માર્ચમાં ઘાયલ પ્રદર્શનકારીઓની સારવાર કરવામાં આવે.કોર્ટે કેન્દ્રને કહ્યું કે જંતર-મંતર પર પ્રદર્શન દરમિયાન તૈનાત RAFના હથિયારો અને દારૂગોળાના ઉપયોગનો સંપૂર્ણ રેકોર્ડ સુરક્ષિત રાખવામાં આવે.CJI સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી મોહનની બેન્ચે પેલેટ ગનના ઉપયોગ પર હાલ પૂરતો પ્રતિબંધ મૂકવાનો ઈનકાર કર્યો છે. કોર્ટે કહ્યું કે પોલીસ વિશેષ પરિસ્થિતિઓમાં તેનો ઉપયોગ કરી શકે છે.કોર્ટે કહ્યું કે જ્યાં સુધી પેલેટ ગનના ઉપયોગની મંજૂરી આપતા પોલીસ નિયમોને પડકારવામાં ન આવે, ત્યાં સુધી તેના પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપવો મુશ્કેલ છે. કોર્ટે તેના ઉપયોગ સંબંધિત માર્ગદર્શિકા પર કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગ્યો છે.પૂર્વ IPS અધિકારી યશોવર્ધન આઝાદ, પ્રશાંત કુમાર સિંહ અને શેખ ઈરશાદ મન્સૂરી (બંને પીડિતો)એ અરજીમાં પેલેટ ગન પર પ્રતિબંધ મૂકવાની માગ કરી હતી.

## News Brief

### મધ્યપ્રદેશમાં ટેકાના ભાવે ખરીદી મુદ્દે ખેડૂતો વિફર્યા, ભોપાલમાં હજારો પ્રવેશ્યા

ભોપાલ : વિદ્યાર્થીઓ, યુવાનો બાદ હવે ખેડૂતો આંદોલન પર ઉતરી આવ્યા છે. મધ્ય પ્રદેશમાં ટેકાના ભાવે સંપૂર્ણ પાકની ખરીદી કરવાની સરકાર સમક્ષ માગણી સાથે હજારો ખેડૂતો મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં પહોંચી ગયા છે. ખેડૂતોને રોકવા માટેના તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા છે, હાલ તેઓ મુખ્યમંત્રી હાઉસ પર પહોંચવા તરફ આગળ વધી રહ્યા છે. અચાનક જ વિશાળ સંખ્યામાં ખેડૂતો ધસી આવતા પોલીસ પણ લાચાર જોવા મળી હતી. મધ્ય પ્રદેશમાં ટેકાના ભાવે મગની ૧૦૦ ટકા



ખરીદીની માગણી સાથે ૨૦ જેટલા ખેડૂત સંગઠનોએ એક થઈને સરકારને ભીસમાં લીધી છે. હજારોની સંખ્યામાં ખેડૂતો રાજધાની ભોપાલમાં પ્રવેશી ગયા છે. જોકે ખેડૂતોને રોકવા માટે રસ્તામાં ઠેર ઠેર પોલીસ દ્વારા બેરિકેડ્સ અને બસો સહિતના વાહનો ખડકી દેવાયા હતા. આ બેરિકેડ્સને જેને તોડીને ખેડૂતો આગળ વધી ગયા છે. કેટલાક ખેડૂતો બસો સહિતના વાહનો પર ચડીને પણ ભોપાલ પહોંચ્યા હતા અને સીએમ હાઉસ પર ઘેરાવ કરવાનો પ્રયાસ કર્યો હતો. મધ્ય પ્રદેશમાં મગનું સૌથી વધુ ઉત્પાદન થાય છે, સરકારે મગની ખરીદીની એક લિમિટ મુકી છે, સામાન્ય રીતે એક એકરમાં ચારથી પાંચ ક્વિંટલ મગનું ઉત્પાદન થતું હોય છે, પરંતુ સરકાર દ્વારા માત્ર ૧.૨૦ ક્વિંટલ મગની જ ખરીદી ટેકાના ભાવે કરવામાં આવે છે. બાકી બચેલા ત્રણથી ચાર ક્વિંટલ મગ બહુ જ નીચે ભાવે એટલે કે આશરે ચારથી પાંચ હજારમાં વેચવા ખેડૂતો મજબુર છે. હવે ખેડૂતોની માગણી છે કે સરકાર જેટલુ ઉત્પાદન થાય તે તમામ મગની ખરીદી ટેકાના ભાવે કરે અને આ લિમિટ હટાવવામાં આવે. સાથે જ ફર્ટિલાઈઝર પણ જરૂરિયાત મુજબ સમયસર આપવામાં આવે, ઈ-ટોકન સિસ્ટમની સમસ્યાઓનું નિકારણ લાવવામાં આવે. ખેડૂતોના રોષને ધ્યાનમાં રાખીને મધ્ય પ્રદેશ સરકાર વાતચીત માટે તૈયાર થઇ ગઇ છે. ખેડૂતો સાત દિવસનું રાશન લઈને લાંબા સમયના આંદોલન માટે ઘરેથી નીકળી પડયા છે.

### વિદ્યાર્થીઓ પર ગોળીબારનો આદેશ આપનારા અમિત શાહને હટાવો

નવી દિલ્હી : દિલ્હીમાં ૨૦મી જુલાઈએ સંસદ તરફ માર્ચ દરમિયાન દિલ્હી પોલીસ દ્વારા વિદ્યાર્થીઓ પર બર્બર લાઠીચાર્જ કરાયો હતો જેમાં અનેક વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. આ મુદ્દો હવે સંસદમાં ઉઠાવાયો છે અને વિપક્ષ દ્વારા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માગણી કરવામાં આવી છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ અમિત શાહને ગૃહમંત્રી પદેથી હટાવવા વડાપ્રધાન મોદી સમક્ષ માગણી કરી હતી, સાથે જ અમિત શાહ દ્વારા ગોળીબારનો આદેશ અપાયો હોવાનો આરોપ



પણ લગાવ્યો હતો અને સુપ્રીમ કોર્ટની દેખરેખરમાં તપાસ કરવા પણ માગ કરી છે. દેશભરમાં નીટ સહિતની પરીક્ષાઓના પેપર લીક મુદ્દે વિવાદ વચ્ચે કેન્દ્ર સરકાર દ્વારા આકરા દંડ અને સજાની જોગવાઈવાળા બિલને લોકસભામાં રજુ કરવામાં આવ્યું હતું, આ બિલને બુધવારે વિપક્ષના હોબાળા વચ્ચે ધ્વનિમતથી પસાર કરી દેવામાં આવ્યું હતું. હવે તેને રાજ્યસભામાં રજુ કરવામાં આવશે. આ દરમિયાન રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે અમિત શાહે વિદ્યાર્થીઓ પર ફાયરિંગનો આદેશ આપ્યો હતો. તેમને તાત્કાલીક ગૃહમંત્રી પદેથી હટાવવામાં આવે. રાહુલ ગાંધીના આ આરોપોનો કેન્દ્રીય મંત્રી જિતેન્દ્રસિંહે વળતો જવાબ આપ્યો હતો અને કહ્યું હતું કે ગોળી ચલાવવામાં આવી જ નથી, અને ગોળીબાર કરવાનો આદેશ મંત્રી નહીં પણ મેજિસ્ટ્રેટ દ્વારા અપાતો હોય છે. લોકસભામાં જિતેન્દ્રસિંહે કહ્યું હતું કે વારંવાર સ્પષ્ટતા કરવામાં આવી છે કે વિદ્યાર્થીઓના આંદોલન સમયે કોઇ જ ગોળીબાર નથી થયો, આંસુ ગેસનો ઉપયોગ થયો હતો. ગોળીબાર કરવાનો આદેશ આપવાનો અધિકાર મંત્રી નહીં પણ મેજિસ્ટ્રેટ પાસે હોય છે. વિદ્યાર્થીઓ પર ગોળીબારનો આદેશ અમિત શાહે આપ્યો હતો તેવા રાહુલ ગાંધીએ આરોપો લગાવ્યા ત્યારે સંસદમાં ભારે હોબાળો થયો હતો. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ રાહુલ ગાંધીને અટકાવ્યા હતા અને નીટ-પેપર લીક વિરોધી બિલ પર જ ધ્યાન આપવા કહ્યું હતું.

## રાજ્યસભામાં એન્ટિ પેપર લીક બિલ પર ચર્ચા પહેલા વિપક્ષનું વૉકઆઉટ

(એજન્સી) નવી દિલ્હી | તા 31

ગઈકાલે લોકસભામાં રાહુલ ગાંધીના નિવેદન બાદથી ભારે હોબાળો યથાવત્ છે. લોકસભામાં એન્ટિ પેપર લીક બિલને મંજૂરી આપી દેવામાં આવી છે ત્યારે આજે આ બિલ રાજ્યસભામાં રજૂ થવાનું હતું અને તેના પર ચર્ચા થવાની હતી. જોકે એ પહેલા જ વિપક્ષે હોબાળો મચાવતા રાજ્યસભામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીની માગ સાથે વૉકઆઉટ કર્યું હતું.

રાજ્યસભાની કુલ 245 સીટોમાંથી હાલ 3 સીટો ખાલી હોવાથી 242 સાંસદોનું સંખ્યાબળ છે, જેથી સામાન્ય બિલ પાસ કરાવવા માટે 122 સાંસદોના સમર્થનની જરૂર પડે છે. ભાજપની આગેવાની હેઠળના NDA પાસે હાલ 152 રાજ્યસભા સાંસદોનું મજબૂત સમર્થન છે, જે બહુમતીના આંકડા કરતાં ઘણું વધારે હોવાથી સરકાર 'એન્ટી પેપર લીક બિલ' આસાનીથી પસાર કરાવી લેશે. બીજી તરફ, કોંગ્રેસની આગેવાની હેઠળના ઈન્ડિયા ગઠબંધન પાસે 63 અને અન્ય વિપક્ષી દળો પાસે 29 સાંસદો છે; આમ જો સમગ્ર વિપક્ષ એક થઈ જાય તો પણ તેમની પાસે માત્ર 92 સાંસદોનું જ બળ રહે છે.

દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ અને પેલેટ ગનના ઉપયોગ મુદ્દે ગૃહમંત્રી અમિત શાહના જવાબની માંગ સાથે વિપક્ષે ભારે હોબાળો મચાવ્યા બાદ રાજ્યસભામાંથી વૉકઆઉટ કર્યું હતું. વિપક્ષના વૉકઆઉટ બાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાએ વિપક્ષના આ વલણની સખત નિંદા કરી હતી. તેમણે કહ્યું કે વિપક્ષ દરેક ચર્ચામાં હારી રહ્યો છે તેથી માત્ર વિરોધ પૂરતો જ રસ ધરાવે છે. કેન્દ્રીય મંત્રી જિંતેન્દ્ર સિંહ આજે 'એન્ટિ પેપર લીક બિલ' રજૂ કરશે, જેના પર બપોરે 2 વાગ્યાથી ચર્ચા થશે. એક દિવસ પહેલા જ લોકસભામાં ધ્વનિમતથી પસાર થઈ ચૂકેલું 'એન્ટિ પેપર લીક બિલ' આજે રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે. લોકસભામાં પીએમઓ રાજ્યમંત્રી ડૉ. જિંતેન્દ્ર સિંહે આ બિલ રજૂ કર્યું હતું અને લાંબી ચર્ચા બાદ તેને મંજૂરી મળી હતી. રાજ્યસભામાં વિપક્ષી સાંસદો વેલમાં આવીને હોબાળો અને નારેબાજી કરી રહ્યા છે.

### 'હું હૃતિક રોશન જેવો દેખાઉ છું...'

# કંગના રણૌતના કટાક્ષનો CJP નેતા સૌરવ દાસે આપ્યો જવાબ

(એજન્સી) નવી દિલ્હી | તા 31





બોલિવૂડ એક્ટ્રેસ અને ભાજપના સાંસદ કંગના રનૌત અને સીજેપી (CJP) નેતા તથા પ્રવક્તા સૌરવ દાસ વચ્ચેનો વિવાદ સતત ઘેરો બની રહ્યો છે. તાજેતરમાં કંગનાએ પોતાની એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં સૌરવ દાસને નકામા અને બેરોજગાર કહ્યા હતા. કંગનાના આ તીખા પ્રહાર બાદ હવે સૌરવ દાસનું વળતું નિવેદન સામે આવ્યું છે. તેમણે એક ઈન્ટરવ્યૂમાં કંગના પર પલટવાર કરતા જણાવ્યું હતું કે, 'મારા મિત્રો પણ એ વાતથી હેરાન હતા કે કંગના મને સતત કેમ નિશાનો બનાવી રહી છે.' સૌરવ દાસે મજાકમાં કહ્યું કે, 'મારા એક મિત્રે મને કહ્યું કે કદાચ કંગના મારી પાછળ પડી છે કારણ કે હું થોડો-ઘણો યુવાન હૃતિક રોશન જેવો દેખાઉં છું.'

સૌરવ દાસની આ ટિપ્પણીને કંગના અને હૃતિક રોશન વચ્ચે ભૂતકાળમાં થયેલા ચર્ચિત વિવાદ સાથે જોડીને જોવામાં આવી રહી છે. વર્ષ 2016માં બોલિવૂડના સૌથી મોટા વિવાદોમાંથી એક એવા આ કિસ્સામાં કંગનાએ એક ઈન્ટરવ્યૂમાં હૃતિકને 'સિલી એક્સ' કહ્યો હતો. જોકે, હૃતિકે તેમની વચ્ચે કોઈપણ સંબંધ હોવાનો સાફ ઈનકાર કર્યો હતો. આ મુદ્દે બંને વચ્ચે કાનૂની નોટિસો, જાહેર નિવેદનો અને ઈમેઈલ લીક થવાની ઘટનાઓ બની હતી, જેણે મહિનાઓ સુધી મીડિયામાં ભારે ચર્ચા જગાડી હતી.

પોતાના પર થયેલા વ્યક્તિગત હુમલાઓ અંગે વાત કરતા સૌરવ દાસે સ્પષ્ટ કર્યું હતું કે તેમના મનમાં કંગના પ્રત્યે કોઈ વ્યક્તિગત દ્વેષ નથી. તેમણે અંગત હુમલા કરવાના બદલે પરસ્પર સંવાદ સાધવા પર ભાર મુકતા કહ્યું હતું કે, 'આ દેશમાં હવે લોકો એકબીજા સાથે વાતચીત અને ચર્ચા કરવાનું ઓછું કરી રહ્યા છે. આપણે એકબીજા સાથે મર્યાદા રાખીને વાત કરવી જોઈએ.'

આ ઉપરાંત, કંગના દ્વારા Gen Z વિરુદ્ધ કરવામાં આવેલી ટિપ્પણીઓ અંગે તેમણે કહ્યું કે, 'કંગનાએ પોતાના શબ્દોની પસંદગી સમજી-વિચારીને કરવી જોઈએ. દેશની ભાવિ પેઢી વિશે બોલતી વખતે માનસિક સ્થિરતા અને સન્માન જાળવવું જરૂરી છે.'

સૌરવ દાસે જણાવ્યું હતું કે, 'જો કંગના મને ક્યારેય કોફી માટે આમંત્રણ આપે છે, તો હું ચોક્કસપણે મળીશ, કારણ કે હું ભાજપના સાંસદ કે સરકારના કોઈ પણ પ્રતિનિધિ પ્રત્યે કોઈ ખરાબ ભાવના રાખતો નથી. હું હંમેશાં સકારાત્મક સંવાદમાં વિશ્વાસ રાખું છું અને કોઈપણ મુદ્દાનો ઉકેલ ચર્ચા દ્વારા જ શક્ય છે.'

## ગુજરાતમાંથી NHAI એ 24,814 કરોડ રૂપિયાનું ઉઘરાણું કર્યું પણ હાઈવેની હાલત અત્યંત ખરાબ

આમ આદમી પાર્ટી | અમદાવાદ

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રવક્તા યોગેશ જાદવાણીએ એક ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) ના 38 ટોલનાકા હતા એ 66 થઈ ગયા. ગુજરાતમાંથી NHAI એ 24,814 કરોડ રૂપિયા નું ઉઘરાણું કર્યું છે. આટલા રૂપિયા ઉઘરાવ્યા છતાં પણ આ નેશનલ હાઈવે પર જનતા ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે, ઠેર ઠેર ડાઈવર્ઝનો કાઢ્યા છે, ઘણી જગ્યાએ હાઈવે બન્યા નથી અને સમારકામ ચાલે છે ત્યાં પણ ટોલ ઉઘરાવવામાં આવે છે. હજુ તો ચોમાસાની શરૂઆત છે તેમ છતાં પણ હાઈવેની પરિસ્થિતિ એટલી ખરાબ અને ભયંકર છે કે ગમે ત્યાં ખાડા આવી જાય છે અને રાત્રે કે દિવસે પણ અચાનક જ કોઈ ડાયવર્ઝન આવી જાય તો એનું પણ ખૂબ મોટું જોખમ છે. અને બીજી બાજુ આપણી પાસે કરોડો રૂપિયા ઉઘરાવવામાં આવે છે તો આ જનતા પાસેથી થઈ રહેલી એક લૂંટ છે. જ્યાં સમારકામ ચાલે છે અને રોડ સંપૂર્ણ બન્યો નથી ત્યાં શા માટે ટોલ ઉઘરાવો છો અને લોકોને લૂંટો છો..?વધુમાં આમ આદમી પાર્ટીના નેતા યોગેશ જાદવાણીએ જણાવ્યું હતું કે જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોતે પ્રધાનમંત્રી બન્યા

**હાઈવેની પરિસ્થિતિ એટલી ખરાબ છે કે ગમે ત્યાં ખાડા આવી જાય છે, અચાનક જ કોઈ ડાયવર્ઝન આવી જાય તો એનું પણ ખૂબ મોટું જોખમ છે: યોગેશ જાદવાણી AAP**

ન હતા ત્યારે "ગુજરાતને હળહળતો અન્યાય" અને લાફા વાળી જાહેરાતો ચલાવીને ગુજરાતના લોકોને ખૂબ જ ઈમોશનલી બ્લેકમેલ કર્યા અને ભોળવી નાંખતા હતા. અને હવે જ્યારે કેન્દ્રમાં સત્તા મળી ગઈ તો ગુજરાતના લોકો પર જ સૌથી મોટી લૂંટ ચલાવવાની? અને જેવી તેવી લૂંટ નહીં પરંતુ 24,814 કરોડ અને 97 લાખ ગુજરાતી જનતાએ તમને ચુકવ્યા છે. ટોલનાકા વધારીને 38 થી 66 કરી નાખ્યા. ખરાબ રોડના કારણે ગાડીઓ ખરાબ થઈ જાય, ટાયરો ફાટી જાય એવી હાલત છે. છતાં પણ કરોડો રૂપિયા ગુજરાતના લોકો પાસેથી ઉઘરાવવામાં આવે છે, તો આ લૂંટ હવે બંધ થવી જોઈએ. બે ગુજરાતીઓને કેન્દ્રમાં મોકલ્યા હોય તો તેઓ ગુજરાત માટે કંઈ કરે. એ બંને લોકોને પ્રજાએ આશા સાથે મોકલ્યા છે લૂંટ ચલાવવા માટે નહીં.

# લોકસભાની બેઠકો 850 કરવી એ લોકતંત્ર માટે ઘાતક

### એની જગ્યાએ ધારાસભ્યો વધારો : શશિ થરુર

(એજન્સી) નવી દિલ્હી | તા 31

કેન્દ્ર સરકાર દેશમાં નવા પરિસીમન (Delimitation) હેઠળ લોકસભા સભ્યોની સંખ્યા 543થી વધારીને આશરે 824થી 850 કરવાની તૈયારીમાં છે. આ માટે સંસદમાં એક મહત્ત્વપૂર્ણ બંધારણીય સુધારા બિલ લાવવાની પણ યોજના છે, જેના માટે સત્તાપક્ષને સંસદમાં મતદાન કરનારા સાંસદોના બે-તૃતિયાંશ બહુમતીના સમર્થનની જરૂર પડશે. આ તમામ અટકળો વચ્ચે કેરળના કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે એક અંગ્રેજી અખબારમાં લેખ લખીને ચેતવણી આપી છે કે આ નવી વ્યવસ્થા ભારત ક્ષેત્રના લોકશાહી માળખાને નબળું કરી



દેશે.

એક લેખમાં શશિ થરૂરે જણાવ્યું છે કે, સંસદનું આટલું મોટું વિસ્તરણ દેશના સંસ્થાકીય માળખા માટે નુકસાનકારક સાબિત થશે. સરકારનો તર્ક છે કે 1972 પછી ભારતની વસતી બમણા કરતાં પણ વધી ગઈ છે, તેથી સીટો વધારવી એ એક ગાણિતિક જરૂરિયાત છે. આ તર્ક ઉપરથી ભલે લોકશાહી પૂર્ણ લાગે, પરંતુ તેની પાછળ એક મોટું રાજકીય અને પ્રશાશનિક સંકટ છુપાયેલું છે.

થરૂરે લખ્યું છે કે વિશ્વની કોઈ પણ સ્થાપિત લોકશાહી પોતાની ધારાસભાને એટલી વિશાળ નથી બનાવતી કે જ્યાં અર્થપૂર્ણ ચર્ચા જ અશક્ય બની જાય. કોઈપણ પરિપક્વ લોકશાહી વ્યવસ્થામાં સાંસદોની સંખ્યા મર્યાદિત રાખવામાં આવે છે જેથી તેઓ કાયદાઓની યોગ્ય સમીક્ષા કરી શકે. 850 સભ્યો વાળી લોકસભા ચર્ચા કરવા માટેનું ગૃહ બનવાને બદલે એક અરાજક સંસ્થા બની જશે, જ્યાં માત્ર થોડા જ લોકો બોલશે અને બાકીના સભ્યો માત્ર વોટિંગ મશીનનું બટન દબાવનારા દર્શકો બનીને રહી જશે.

## E100 માટે રાતે 8 વાગ્યે ફાઈલ સાઈન કરી પણ E20 સાથે કોઈ લેવા દેવા નથી

(એજન્સી) નવી દિલ્હી | તા 31

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી દેશમાં ઈથેનોલ, ફ્લેક્સ-ફ્યુઅલ અને વૈકલ્પિક ઈંધણના સૌથી મોટા સમર્થક રહ્યા છે. તેમણે અનેક મંચો પરથી ઈથેનોલ ઈંધણની હિમાયત કરી છે અને તાજેતરમાં જ કહ્યું હતું કે તેમણે રાત્રે 8 વાગ્યે E100 (100% ઈથેનોલ) ફ્યુઅલ સાથે જોડાયેલી ફાઈલ પર સાઈન કરી છે. જોકે, બોમ્બે હાઈકોર્ટમાં રજૂ કરેલી 86 પાનાની અરજીમાં તેમના પક્ષે જણાવાયું કે 'E20 કે ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામ (EBP) સાથે તેમને કશી લેવાદેવા નથી'. આ બંને નિવેદનોના કારણે ભારે વિવાદ અને અસમંજસ ઊભી



થઈ છે.

સોશિયલ મીડિયા પર ફેક અને AI-જનરેટેડ વીડિયો દ્વારા દાવો કરવામાં આવી રહ્યો હતો કે નીતિન ગડકરી અને તેમના પરિવારને E20 નીતિથી આર્થિક લાભ થઈ રહ્યો છે. આ બદનક્ષી સામે ગડકરીએ મેટા, એક્સ, ગૂગલ, યૂટ્યૂબ સહિતના પ્લેટફોર્મ સામે બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી રૂ. 11 કરોડના વળતરની માંગ કરી છે. અરજીમાં તેમણે સ્પષ્ટ કર્યું કે E20 નીતિ બનાવવામાં કે લાગુ કરવામાં તેમની કોઈ વહીવટી ભૂમિકા નથી અને તે તેમના મંત્રાલય હેઠળ આવતી નથી.

આ મુદ્દાને સમજવા માટે બંને મંત્રાલયોની અલગ-અલગ જવાબદારીઓ જાણવી જરૂરી છે.

પેટ્રોલિયમ અને નૈસર્ગિક ગેસ મંત્રાલય (MoPNG): ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામ (EBP) નું નોડલ મંત્રાલય પેટ્રોલિયમ મંત્રાલય છે. પેટ્રોલમાં કેટલા ટકા ઈથેનોલ મિક્સ કરવું (જેમ કે E10, E20) અને તેની ખરીદી કેવી રીતે કરવી તે નક્કી કરવાનો નીતિગત અધિકાર આ જ મંત્રાલય પાસે છે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય: નીતિન ગડકરીના મંત્રાલયનું કામ ઈંધણનું બ્લેન્ડિંગ નક્કી કરવાનું નથી, પરંતુ તે ઈંધણ પર ચાલતા વાહનો માટે ટેકનિકલ નિયમો (CMVR) બનાવવાનું અને વાહન ઉત્પાદકોને મંજૂરી આપવાનું છે.

આમ, ગડકરીનું કોર્ટમાં આપેલું નિવેદન વહીવટી દ્રષ્ટિએ સાચું છે કે E20 નીતિ પેટ્રોલિયમ મંત્રાલયની છે, જ્યારે ફાઈલ સાઈન કરવાનો દાવો વાહનોના ટેકનિકલ નિયમોને મંજૂરી આપવા સાથે જોડાયેલો છે.

છેલ્લા કેટલાક સમયથી E20 પેટ્રોલમાં માઈલેજ ઘટવા અને જૂના વાહનોના એન્જિનને નુકસાન પહોંચવાના દાવા સામે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. આ દરમિયાન પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી અને નીતિન ગડકરીએ ફ્લેક્સ-ફ્યુઅલ વાહનો લોંચ કર્યા હતા અને સ્પષ્ટ કર્યું હતું કે E20 થી માઈલેજમાં નજીવો ઘટાડો થઈ શકે છે પરંતુ તે વાહનો માટે સંપૂર્ણપણે સુરક્ષિત છે.

## શિક્ષણમાં દેશના 784 માંથી 116 જિલ્લાઓમાં ગુજરાતનો એક પણ જિલ્લો નહીં: હિમાંશુ ઠક્કર AAP

# શિક્ષણમંત્રાલયનાપરફોર્મન્સગ્રેડિંગઇન્ડેક્સમાંગુજરાતનુંઅત્યંત નબળું પ્રદર્શન, હિમાંશુ ઠક્કરે ભાજપ સરકારને આડે હાથ લીધી

આમ આદમી પાર્ટી | અમદાવાદ

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા પરફોર્મન્સ ગ્રેડિંગ ઈન્ડેક્સના આધારે દેશની શિક્ષણ વ્યવસ્થાનું મૂલ્યાંકન કરવામાં આવે છે. પરંતુ આપણા ગુજરાતના લોકોને ખૂબ જ દુઃખ થવું જોઈએ કારણકે દેશના 784 જિલ્લાઓમાંથી 116 જિલ્લામાં ગુજરાતના એક પણ જિલ્લાનું ક્યાંય નામ નથી. હવે આની જવાબદારી કોણ લેશે? જે ત્રણ રાજ્યો મોખરે છે, એ છે દિલ્હી, પંજાબ અને કેરળ. દિલ્હી અને પંજાબમાં આમ આદમી પાર્ટીએ ક્રાંતિકારી શિક્ષણના કામો કર્યા પરંતુ ભાજપ જ્યાં 10-20 વર્ષથી વધુ સમયથી રાજ કરી રહ્યું છે તેના એક પણ જિલ્લાનું નામ નથી. ભાજપના નેતાઓ ઈચ્છતા નથી કે વિદ્યાર્થીઓ સારું ભણે કારણ કે બાળકો ભણશે તો સવાલ



કરશે અને એ આ અભણ લોકોને ગમશે નહીં. કરોડો રૂપિયાના ખર્ચે પ્રવેશોત્સવ, ગુણોત્સવમાં કાર્યક્રમ કરવામાં આવે છે પરંતુ વિદ્યાર્થીઓ પાસે ચોપડીઓ પણ પહોંચી નથી હોતી. જે લોકો એક કોલેજ ચલાવવાની હેસિયત નથી ધરાવતા એ લોકો આખી યુનિવર્સિટી લઈને બેઠા છે. સ્કિલ અને ઈનોવેશનની ફક્ત વાતો થાય છે પરંતુ સ્કિલ કોની ડેવલપ થાય છે? વધુમાં આમ આદમી પાર્ટીના નેતા હિમાંશુ ઠક્કરે જણાવ્યું હતું કે, હવે ગુજરાતની અસ્મિતા બચાવવા માટે આપણે તમામ લોકોએ જાગવું પડશે, ખૂબ જ ખરાબ પરિસ્થિતિમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ. આજે આપણે લાખો રૂપિયાના ખર્ચે પોતાના બાળકોને ભણાવી રહ્યા છીએ. મોટા મોટા લોકો તો પોતાના દીકરા દીકરીઓને વિદેશમાં મોકલી દેશે પરંતુ આપણા દેશમાં સામાન્ય વર્ગ અને ગરીબ લોકો માટે કેવી હાલત છે? આજે વિદ્યાર્થી ડ્રગ્સના રવાડે ચડી રહ્યા છે, અને જો હજી પણ આપણે જાગીશું નહીં તો જે વિનાશ અને નુકસાન થઈ રહ્યું છે એના જવાબદાર ફક્ત આપણે લોકો હોઈશું. તો આપણે વિચારવું પડશે કે આપણે ક્યાં જઈ રહ્યા છીએ. દેશનું GenZ જાગી ગયો છે એ સાચી પરિસ્થિતિ સમજી રહ્યો છે અને એ આનંદનો વિષય છે. દુનિયાની ટોપ 100 યુનિવર્સિટીમાં દેશની કોઈ યુનિવર્સિટી નથી. તો આ શિક્ષણ વ્યવસ્થાને બદલવા માટે આપ સૌનો સાથ સહકાર જોઈએ છે, શિક્ષણના ચિંતકોએ, વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ સાથે મળીને શાલીનતાપૂર્વક એક આંદોલન અને ક્રાંતિ લાવવી પડશે. શિક્ષાનો પાયો મજબૂત હશે તો બાકી તમામ વસ્તુઓ આપોઆપ ઠીક થશે.

# 2 લોકોને પ્રજાએ આશા સાથે કેન્દ્રમાં મોકલ્યા છે, લૂંટ ચલાવવા માટે નહીં: યોગેશ જાદવાણી AAP

આમ આદમી પાર્ટી | અમદાવાદ

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રવક્તા યોગેશ જાદવાણીએ એક ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) ના 38 ટોલનાકા હતા એ 66 થઈ ગયા. ગુજરાતમાંથી NHAI એ 24,814 કરોડ રૂપિયા નું ઉઘરાણું કર્યું છે. આટલા રૂપિયા ઉઘરાવ્યા છતાં પણ આ નેશનલ હાઈવે પર જનતા ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે, ઠેર ઠેર ડાઈવર્ઝનો કાઢ્યા છે, ઘણી જગ્યાએ હાઈવે બન્યા નથી અને સમારકામ ચાલે છે ત્યાં પણ ટોલ ઉઘરાવવામાં આવે છે. હજુ તો ચોમાસાની શરૂઆત છે તેમ છતાં પણ હાઈવેની પરિસ્થિતિ એટલી ખરાબ અને ભયંકર છે કે ગમે ત્યાં ખાડા આવી જાય છે અને રાત્રે કે દિવસે પણ અચાનક જ કોઈ ડાયવર્ઝન આવી જાય તો એનું પણ ખૂબ મોટું જોખમ છે. અને બીજી બાજુ આપણી પાસે કરોડો રૂપિયા ઉઘરાવવામાં આવે છે તો આ જનતા પાસેથી થઈ રહેલી એક લૂંટ છે. જ્યાં સમારકામ ચાલે છે અને રોડ સંપૂર્ણ બન્યો નથી ત્યાં શા માટે ટોલ ઉઘરાવો છો અને લોકોને લૂંટો છો..? વધુમાં આમ આદમી પાર્ટીના નેતા યોગેશ જાદવાણીએ જણાવ્યું હતું કે જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોતે પ્રધાનમંત્રી બન્યા ન હતા ત્યારે "ગુજરાતને હળહળતો અન્યાય" અને લાફા વાળી જાહેરાતો ચલાવીને ગુજરાતના લોકોને ખૂબ જ ઈમોશનલી બ્લેકમેલ કર્યા અને ભોળવી નાંખતા હતા. અને હવે જ્યારે કેન્દ્રમાં સત્તા મળી ગઈ તો ગુજરાતના લોકો પર જ સૌથી મોટી લૂંટ ચલાવવાની? અને જેવી તેવી લૂંટ નહીં પરંતુ 24,814 કરોડ અને 97 લાખ ગુજરાતી જનતાએ તમને ચુકવ્યા છે. ટોલનાકા વધારીને 38 થી 66 કરી નાખ્યા. ખરાબ રોડના કારણે ગાડીઓ ખરાબ થઈ જાય, ટાયરો ફાટી જાય એવી હાલત છે. છતાં પણ કરોડો રૂપિયા ગુજરાતના લોકો પાસેથી ઉઘરાવવામાં આવે છે, તો આ લૂંટ હવે બંધ થવી જોઈએ. બે ગુજરાતીઓને કેન્દ્રમાં મોકલ્યા હોય તો તેઓ ગુજરાત માટે કંઈ કરે. એ બંને લોકોને પ્રજાએ આશા સાથે મોકલ્યા છે લૂંટ ચલાવવા માટે નહીં. કેન્દ્ર સરકાર ગુજરાતની જનતાને લૂંટવાનું બંધ કરે. યુપીએ સરકાર હળહળતો અન્યાય કરે છે.

## ચૈતર વસાવાની ગેરહાજરી છતાં બિલોઠીમાં AAPનો વિજય, પ્રવીણ વસાવાની ભવ્ય જીત

# 'આ તો સેમીફાઇનલ છે, 2027માં ભાજપનો સફાયો થશે': નિરંજન વસાવા આમ આદમી

આમ આદમી પાર્ટી | અમદાવાદ

નેત્રંગ તાલુકા પંચાયતની બિલોઠી બેઠક પર યોજાયેલી પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ભવ્ય વિજય મેળવીને ભાજપના ગઢમાં સખત ગાબડું પાડ્યું છે. મતગણતરીના અંતે AAP ના ઉમેદવાર પ્રવીણ વસાવાને 2371 મત મળ્યા હતા, જ્યારે ભાજપના ઉમેદવાર કાંતિલાલ વસાવાને 1565 મત મળતા તેમનો 806 મતોથી કારમો પરાજય થયો છે. નોંધનીય છે કે ધારાસભ્ય ચૈતર વસાવા હાજર ન હોવા છતાં આમ આદમી પાર્ટીના આગેવાનો અને કાર્યકર્તાઓએ એકજૂથ થઈને કરેલી ભારે મહેનતના જોરે આ સીટ પર જીતનો પરચમ લહેરાવ્યો છે, જેને જનતાનો ભાજપ સરકાર સામેનો ભારે આક્રોશ માનવામાં આવી રહ્યો છે.આ ભવ્ય જીત બાદ નર્મદા જિલ્લા AAP પ્રમુખ નિરંજન વસાવાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ચૂંટણી જીતવા માટે ભાજપે પૈસા, દારૂ, સાંસદો અને ધારાસભ્યો સહિત સમગ્ર પોલીસ પ્રશાસનનો દુરુપયોગ કર્યો હતો. અમારા કાર્યકર્તાઓને ડરાવવા-ધમકાવવા અને ખોટા કેસોમાં ફસાવવાના ષડયંત્રો રચાયા હોવા છતાં બિલોઠીની જનતાએ ભાજપને જડબાતોડ જવાબ આપ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે આ જીત તો માત્ર શરુઆત અને સેમીફાઈનલ છે, 2027ની વિધાનસભા ચૂંટણીમાં રાજ્યની જનતા આ જ રીતે ભાજપનો સંપૂર્ણ સફાયો કરીને પરિવર્તન લાવશે.

આ ભવ્ય જીત બાદ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાના ધર્મપત્ની વર્ષાબેન વસાવાએ જણાવ્યું હતું કે, આજે નેત્રંગની



**કાર્યકર્તાઓને ધમકાવવાના ષડયંત્ર નિષ્ફળ, નેત્રંગ તાલુકા પંચાયતની બિલોઠી બેઠક પર જનતાએ 'આપ' પર પસંદગીનો કળશ ઢોળ્યો : ચૈતરભાઈ વસાવાને જેલમાં મોકલ્યા એનો જવાબ આજે જનતાએ આપ્યો: વર્ષાબેન વસાવા, ચૈતર વસાવાના ધર્મપત્ની**

બિલોઠી તાલુકા પંચાયત સીટમાં પર આયોજિત પેટા ચૂંટણીના પરિણામો આવ્યા અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર પ્રવીણભાઈ વસાવાએ 806 મતોના માર્જિનથી જીત મેળવી. અમે બિલોઠી તાલુકા પંચાયતના તમામ મતદારોનો આભાર વ્યક્ત કરીએ છીએ, લોકો એમને ખૂબ જ સાથ સહકાર આપ્યો. ચૈતરભાઈ વસાવા આજે જેલમાં છે અને એનો જવાબ આજે જનતાએ આપ્યો છે. તમામ લોકોએ ખૂબ જ મહેનત કરી અને આવનારા સમયમાં આપણે આ જ રીતે તમામ લોકો મહેનત કરતા રહો એવી આશા રાખીએ છીએ.

## અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં E20 નીતિ સામે 1 ઓગસ્ટે દિલ્હીમાં રાષ્ટ્રીય ટાઉન હોલનું આયોજન: ઈસુદાન

આમ આદમી પાર્ટી | અમદાવાદ

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ મીડિયાના માધ્યમથી કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરાયેલા E20 પેટ્રોલનો સખત વિરોધ દર્શાવ્યો છે. તેમણે સ્પષ્ટ કર્યું કે પેટ્રોલમાં 80 ટકા સામાન્ય પેટ્રોલ અને 20 ટકા ઈથેનોલનું મિશ્રણ ભારતના નાગરિકો પર બળજબરીપૂર્વક થોપી દેવામાં આવ્યું છે. મધ્યમ વર્ગના લોકોએ મહેનતની કમાણીથી ખરીદેલી ગાડીઓમાં ઈથેનોલના કારણે એન્જિન ખરાબ થઈ રહ્યા છે અને વાહનોનું આયુષ્ય ઘટી રહ્યું છે, જે બાબત વાહન ઉત્પાદકો પણ સ્વીકારે છે. જો સરકારે E20 અમલી બનાવવું જ હતું તો જૂના વાહનોને ધ્યાનમાં રાખીને 10 થી 15 વર્ષનો સમય આપવાની જરૂર હતી. તેમણે જણાવ્યુ હતુ કે ખેડૂતોને ફાયદો, પ્રદૂષણ મુક્તિ અને તેલ આયાતમાં આત્મ નિર્ભરતાના બહાના હેઠળ 20 ટકા ઈથેનોલ ભેળવવા છતાં પેટ્રોલના ભાવ ઘટાડવામાં આવ્યા નથી અને ઊલટાનું સામાન્ય જનતાને લૂંટવામાં આવી રહી છે. ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું કે અરવિંદ કેજરીવાલ અને દેશપ્રેમીઓની આખી ટીમ દ્વારા E20 નો વિરોધ શરૂ કરવામાં આવ્યો છે. સરકારે E20 ને આગામી પાંચ-દસ વર્ષ માટે મરજિયાત કરવું જોઈએ અથવા પેટ્રોલ સસ્તું કરવું જોઈએ. આ નીતિના વિરોધમાં આગામી 1 ઓગસ્ટે બપોરે 12 વાગે નવી દિલ્હીના કોન્સ્ટિટ્યુશનલ ક્લબ ખાતે રાષ્ટ્રીય ટાઉન હોલનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઓફલાઈન અને ઓનલાઈન લિંક દ્વારા લાખો લોકો જોડાવાના છે.

## સ્થાનિક સ્વરાજની પેટા ચૂંટણીમાં 8 માંથી 3 સીટો AAP એ કબજે કરી: મનોજ સોરઠીયા

આમ આદમી પાર્ટી | આજે આમ આદમી પાર્ટી માટે અને ગુજરાતની જનતા માટે ખૂબ જ ખુશીનો દિવસ છે કારણ કે સ્થાનિક સ્વરાજની પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ 3 સીટો પર જીત મેળવી છે. આ મુદ્દે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, આજે હું ગુજરાતની જનતાને ફરી એકવાર અભિનંદન આપવા માંગુ છું કારણ કે આપ સૌ જાણો છો કે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની 8 સીટો પર પેટા ચૂંટણી થઈ અને આ 8માંથી 3 સીટો પર આમ આદમી પાર્ટીની ભવ્ય જીત થઈ છે. બિલોઠી તાલુકા પંચાયતની સીટ પર આમ આદમી પાર્ટી જીતી છે. આ સિવાય દેવગઢ બારીયાના નગરપાલિકામાં આમ આદમી પાર્ટીના 2 ઉમેદવારો ચૂંટાઈને આવ્યા છે. બીજી સીટો પર આમ આદમી પાર્ટી ખૂબ જ ઓછા માર્જિનથી હારી છે. એ વાતનું પ્રમાણ છે કે ગુજરાતમાં આમ આદમી પાર્ટી હવે લોકોની પસંદગીની પાર્ટી બની રહી છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી સતત લોકોના મુદ્દાઓ ઉપાડી રહી છે અને મજબૂત વિપક્ષની ભૂમિકા ભજવી રહી છે.

# News Brief

## શીલજમાં રસ્તા પર દેખાયો ઝેરી કોબ્રા : વાઈલ્ડ લાઈફ એક્સપર્ટએ રેસ્ક્યૂ કર્યું



અમદાવાદ : શહેરના પોશ વિસ્તારમાં શીલજ વિસ્તારમાં પણ રસ્તા પર ભારતનો અત્યંત ઝેરી ગણાતો કોબ્રા સાપ દેખાતા સ્થાનિકોમાં ભય અને દોડધામનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિકોએ એનિમલ લાઈફ કેરના વાઈલ્ડલાઈફ એક્સપર્ટનો સંપર્ક કર્યો હતો. માહિતી મળતા જ વાઈલ્ડ લાઈફ એક્સપર્ટ દ્વારા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા અને સંપૂર્ણ સાવચેતી તેમજ કુશળતાથી કોબ્રા સાપનું સુરક્ષિત રીતે રેસ્ક્યુ કર્યું હતું.

રેસ્ક્યુ બાદ સાપને જરૂરી આરોગ્ય તપાસ અને નિરીક્ષણ માટે ફોરેસ્ટ વિભાગની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે એનિમલ લાઈફ કેરના વાઈલ્ડ લાઈફ એક્સપર્ટ વિજય ડાભીએ લોકોને અપીલ કરી હતી કે ચોમાસાની સિઝનમાં ઝેરી કે બિનઝેરી કોઈપણ સાપ જોવા મળે તો ગભરાશો નહીં અને તેને મારવાનો અથવા જાતે પકડવાનો પ્રયાસ પણ કરશો નહીં.

તેના બદલે તાત્કાલિક પ્રશિક્ષિત રેસ્ક્યુ ટીમ અથવા ફોરેસ્ટ વિભાગનો સંપર્ક કરો. તેમણે ઉમેર્યું કે વન્યજીવો આપણા પર્યાવરણનો મહત્વનો ભાગ છે અને તેમની સુરક્ષા કરવી દરેક નાગરિકની જવાબદારી છે.

## આખલા યુદ્ધમાં એક્ટિવાચાલક માંડ બચ્યા : સાદરા ગામમાં 100થી વધુ રખડતા પશુઓનો ત્રાસ દૂર કરવા માગ

ગાંધીનગર | ગાંધીનગર નજીક આવેલા સાદરા ગામના મુખ્ય માર્ગ પર બે આખલાઓ વચ્ચે આક્રમક યુદ્ધના કારણે સમગ્ર ગામમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ યુદ્ધ દરમિયાન ત્યાંથી પસાર થતાં એક એક્ટિવા ચાલક પણ આખલાની ઝપેટમાં આવીને રસ્તા પર પટકાયા હતા, જેમનો સ્થાનિકોએ સમયસૂચકતા વાપરીને બચાવ કર્યો હતો. ગામમાં દિનપ્રતિદિન વધતા રખડતા ઢોરોના ત્રાસ સામે ગ્રામજનોમાં તંત્ર પ્રત્યે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

લોકોએ પાણી છાંટી આખલાઓને છૂટા પાડવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો સ્થાનિક નાગરિકોએ પરિસ્થિતિ કાબૂમાં લેવા પોતાના જીવના જોખમે આખલાઓ પર ઠંડુ પાણી છાંટીને તેમને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આખલાઓ વધુ ક્રોધે ભરાઈને આક્રમક બન્યા હતા. રખડતા પશુઓના હુમલાથી બચવા માટે આસપાસના વેપારીઓએ દુકાનોના શટર પાડી દીધા હતા અને રાહદારીઓ સલામત સ્થળે ભાગી છૂટ્યા હતા. ગામમાં 100થી વધુ રખડતા ઢોરો મુક્તપણે ફરતાં અકસ્માતનો ભય સ્થાનિકોના આક્ષેપ મુજબ, સાદરા ગામનો ઝડપથી વિકાસ થઈ રહ્યો છે, ત્યારે આસપાસના વિસ્તારોમાંથી માલિકો પોતાના પશુઓને સાદરાની સીમમાં છોડી જાય છે. હાલ ગામમાં 100થી વધુ રખડતા પશુઓ ફરી રહ્યા છે, જે અવારનવાર હિંસક ઘટનાઓ અને અકસ્માતોનું કારણ બને છે. ગ્રામજનોએ તંત્ર પાસે આ સમસ્યાનું ઝડપી અને કાયમી નિરાકરણ લાવવાની માગ કરી છે.

## સોલા, જગતપુર અને રાણીપ સહિતના વિસ્તારના 16 પ્લોટ વેચાણ કરવાની દરખાસ્ત મૂકવામાં આવી

ગુજરાત | શહેરીજનોને માળખાકીય સુવિધા પૂરી પાડવા માટે અને વિકાસના કાર્યોને આગળ વધારવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનની આવકમાં વધારો કરવા માટે રહેણાંક અને કોમર્શિયલ હેતુના પ્લોટોનું વેચાણ કરવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનને રિઝર્વેશનના મળેલા 16 પ્લોટનું વેચાણ કરવા અંગેની દરખાસ્ત આજે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં લેવામાં આવનાર છે.

આ પ્લોટના વેચાણથી 1208 કરોડ રૂપિયાની કોર્પોરેશનને આવક થશે જે નાથી શહેરીજનોને પ્રાથમિક સુવિધાના કામો સહિતના વિવિધ કામો પાછળ ખર્ચ કરવામાં આવશે.

મળતી માહિતી મુજબ 12 જૂનના રોજ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) દ્વારા રચાયેલી પ્રાઈસ ફિક્સિંગ કમિટીની મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં કોર્પોરેશનના કુલ 20 પ્લોટોનું વેલ્યુએશન ચર્ચા વિચારણા માટે મૂકવામાં આવ્યું હતું. જે પૈકી કમિટી દ્વારા 16 પ્લોટોની તળિયાની કિંમતો આખરી કરીને મંજૂર કરવામાં આવી હતી, જ્યારે બાકીના 4 પ્લોટોનું વેલ્યુએશન હાલ પૂરતું મુલતવી રાખવાનો નિર્ણય લેવાયો હતો.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વેચાણ માટે મુકાયેલા પ્લોટો શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા આંબલી, ગોતા, સોલા, જગતપુર, થલતેજ અને રાણીપ જેવા વિકસિત અને પોશ વિસ્તારોમાં આવેલા છે. આ ઉપરાંત, ઉત્તર ઝોનમાં આવેલા હંસપુરા વિસ્તારના એક અત્યંત મહત્વના પ્લોટનો પણ છે. આ તમામ પ્લોટો પૈકી સૌથી મોટો પ્લોટ ટીપી 109 (મુઠિયા-હંસપુરા-બિલાસિયા)નો પ્લોટ નંબર 96 છે.

## મુંબઈના બે શખસોએ પૈસા બમણા કરવાની લાલચ આપી વૃદ્ધ પાસેથી પૈસા પડાવ્યા...

અમદાવાદ | શહેરના નારણપુરામાં રહેતા વૃદ્ધ પાસેથી મુંબઈના બે શખસે એકના ડબલ કરી આપવાનું કહી 15 લાખ રૂપિયા પડાવ્યા છે. વૃદ્ધે જિંદગી સારી રીતે નીકળે તે માટે બચત અને બેન્કમાંથી લોન લઈ ગઠિયાઓને 15 લાખ ટ્રાન્સફર કર્યા હતા. જો કે વૃદ્ધની મૂડી પણ પરત આપવામાં આવી ન હતી. જેથી વૃદ્ધે નારણપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

નારણપુરામાં રહેતા 85 વર્ષીય વિનોદભાઈ સોનકુશરે નિવૃત જીવન જીવી રહ્યા છે. તેઓ અગાઉ આર્મીમાં ફરજ બજાવતા હતા. જે બાદ ઈસરોમાં સિક્યુરિટી તરીકે નોકરી કરતા હતા. તેમનો સંપર્ક મુંબઈના પ્રકાશ પીપુડકર સાથે થયો હતો. પ્રકાશ અને તેનો સાથી સુદેશ મુંબઈથી અમદાવાદ આવ્યા હતા. આ બંનેએ વિનોદભાઈને જણાવ્યું હતું કે, તેમની કંપની બીજા ટ્રસ્ટમાં રોકડ જમા કરાવે તો તે ટ્રસ્ટ તેમની કંપનીમાં બમણા રૂપિયા આરટીજીએસથી બેંક એકાઉન્ટમાં આપે છે. વૃદ્ધે ઉંમર હોવાના કારણે લાલચમાં આવી જિંદગી સારી રીતે નીકળે તે માટે 15 લાખ રોકાણ કરવાનું નક્કી કર્યું હતું. વિનોદભાઈએ તેમના દાગીના ગીરવે મૂકીને 6.90 લાખ રૂપિયાની લોન લીધી હતી. આ ઉપરાંત તેમની બચતના પૈસા પણ ભેગા કર્યાં હતા. આ તમામ પૈસા ભેગા કરી 15 લાખ રૂપિયા પ્રકાશ અને સુદેશના કહેવાથી બેંક એકાઉન્ટમાં આરટીજીએસ મારફતે ટ્રાન્સફર કર્યાં હતા. પૈસા ટ્રાન્સફર કર્યા છતાં વિનોદભાઈને વર્ષો સુધી ન તો મૂડી પરત મળી કે ના કોઈ વળતર મળ્યું હતું. જેથી વિનોદભાઈએ પ્રકાશ અને સુદેશ વિરુદ્ધમાં નારણપુરા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

## NTT DATA Payment Services એ ભારતીય વ્યવસાયો માટે સ્માર્ટર કોમર્સ અને પેમેન્ટ્સને સક્ષમ કરવા 'ADAPTIS' રજૂ કર્યું

મુંબઈ : જેમ જેમ ભારતનું ડિજિટલ કોમર્સ ઈકોસિસ્ટમ વિસ્તરી રહ્યું છે, તેમ વેપારીઓ અને સાહસો એવા સંકલિત ઉકેલો (integrated solutions) શોધી રહ્યા છે જે પેમેન્ટ, કોમર્સ અને વ્યવસાયિક કામગીરીને એક જ પ્લેટફોર્મ પર લાવે. આ બદલાવને ધ્યાનમાં રાખીને, NTT DATA Payment Services India એ આજે પેમેન્ટ અને કોમર્સ સોલ્યુશન્સ માટે તેની એકીકૃત સેવા બ્રાન્ડ 'ADAPTIS' ના લોન્ચિંગની જાહેરાત કરી છે. આ લોન્ચિંગ NTT DATA Payment Services India ની પેમેન્ટ સ્વીકૃતિ (payment acceptance), મર્ચન્ટ સોલ્યુશન્સ, મૂલ્ય-વર્ધિત સેવાઓ અને કોમર્સ ક્ષમતાઓને એક જ બ્રાન્ડ હેઠળ એકત્રિત કરે છે. સ્થાનિક વેપારીઓ અને વિકસતા MSMEs થી લઈને મોટા સાહસો સુધીના વ્યવસાયો માટે રચાયેલ, ADAPTIS વેપારીઓને પેમેન્ટ સ્વીકારવા, કામગીરીને સુવ્યવસ્થિત



કરવા, ઓનલાઈન અને ઓફલાઈન ચેનલો પર ગ્રાહકોને શ્રેષ્ઠ અનુભવ પ્રદાન કરવા અને એક સંકલિત પ્લેટફોર્મ દ્વારા તેમની સમગ્ર કોમર્સ સફરનું સંચાલન કરવા સક્ષમ બનાવે છે.લોન્ચિંગ પ્રસંગે બોલતા, NTT DATA Payment Services India ના હોલ-ટાઈમ ડિરેક્ટર અને CEO, શ્રી તાકેઓ યુએનોએ કહ્યું: 'ભારત અમારી પ્રાદેશિક વિકાસ વ્યૂહરચનામાં એક મહત્વપૂર્ણ બજાર છે, જે મજબૂત ડિજિટલ અપનાવવાની ગતિ અને વેપારીઓની બદલાતી જરૂરિયાતો દ્વારા સંચાલિત છે. ADAPTIS સાથે, અમે તમામ કદના વ્યવસાયો માટે સુરક્ષિત, સ્કેલેબલ અને ગ્રાહક-કેન્દ્રિત કોમર્સ સોલ્યુશન્સ પ્રદાન કરવા માટે અમારી વૈશ્વિક નિપુણતાને સ્થાનિક બજારની ઊંડી સમજ સાથે જોડી રહ્યા છીએ....દરેક સ્થાનિક બજારની વિશિષ્ટ જરૂરિયાતોને પૂ રી કરવાની સુગમતા જાળવી રાખીને વેપારીઓને સુસંગત અને ઉચ્ચ-ગુણવત્તાવાળા અનુભવો પ્રદાન કરીએ છીએ.



IN THE COURT OF PRL DISTRICT JUDGE AT JAGTIAL

IA.No. OF 2026
IN
MVOP No. 56 OF 2025

**Between:**

Neelam Praveen, S/o.Gangaram, Age 45 years, Occ: GovtEmployee, H.No.4-5-94, Ravindra Road, Korutla and mandal of Jagtial district.
...Petitioner

AND

1. Markapuri Harish S/o Venkatnarsih, 21yrs, SC-Mitha Ayyalwar, R/o H.No.4-51, Tadla Rampur(V), Pegala(M), Nizmabad district. Aadhar Card No.4809 4017 1918, 0601114402. (Driver of TSRTC Bus B.No TS-21-T-0618)
2. Kodiyatar Raju Bhai Jesa S/o Jesa Bhai, 24yrs, Caste: Rabari R/o. Barvan Nesh village, Ranavav Taluka, Pabandar district, Gujarat State. Aadhar Card No.3349 6280 5939, 8980343231. (Driver of Lorry B.No GJ-11-VV-7666)
3. Bingi Shyam Sunder S/o Narayana, C/o H.No.3-3-351, Boyawada, Metpalli town, Jagtial district TSRTC bus B.No TS-21-T-0016
4. Deva Kodiyatar S/o Sarmanbai, C/o Post Piasava Junagadh, GJ-362015. (Owner of Lorry B.No GJ-11-VV-7666).
5. The Oriental Insurance Company, OP BUILDING COLLECTOR OFFICE ROAD. Period of insurance: from 00:00 hrs on 01-03-2024 to midnight of 28-02-2025.
6. ICICI Lombard Nibhaye Vaade C/o Third Zodiac Square SG road, Ahmedabad Gujarat-380054. (Period of Insurance: May 20, 2024 00:00h. to midnight of May 19, 2025).
...Respondents no.1 to 6.

**NOTICE**

**Whereas the above named petitioner has filed petition u/s 166 (1)(a) of Motor vehicle Act claiming compensation of Rs.35,00,000/- against Respondents no. 1 to 6 on account of injuries sustained by Gurram Laxman in the road traffic accident and the same is posted to 13.08.2026.**

**That you the Respondent no.4 is avoiding to take notice, as such the Hon'ble Court was ordered to issue publication of notice addresed by you.**

**Therefore, you are hereby called upon through this notice to attend before this Court on the date above mentioned on 13.08.2026 at 10.00am either on person (or) through a pleader, failing which the matter will be decided ex-parte.**

//BY ORDER OF THE COURT//

P.LAXMINARYANA,
ADVOCATE, JAGTIAL.

# રાજ્ય સરકારનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય

## મહેસૂલ વિભાગ હસ્તકની તમામ જિલ્લા-તાલુકા કચેરીઓમાં કાર્યરત વર્ગ-૩ના કર્મચારીઓની જિલ્લા આંતરિક બદલીની સત્તા કલેક્ટરશ્રીઓને સોંપાઈ

ગાંધીનગર | ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા વહીવટી પ્રક્રિયાને વધુ ઝડપી, સુદ્રઢ અને લોકાભિમુખ બનાવવા માટે એક અત્યંત મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગ હસ્તકના ખાતાના વડાઓની કચેરીઓમાં કાર્યરત વર્ગ-૩ના કર્મચારીઓની જિલ્લા પૂરતી આંતરિક બદલી કરવાની સત્તાઓ હવે સીધી સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રીઓને પણ સોંપવામાં આવી છે. જ્યારે, જે તે ખાતાના વડાની બદલીઓ અંગેની મૂળ સત્તા યથાવત રહેશે. રાજ્યમાં જિલ્લા કક્ષાએ મહેસૂલી તંત્રનું સંપૂર્ણ દેખરેખ અને સંકલન કલેક્ટરશ્રીઓ દ્વારા કરવામાં આવતું હોય છે. ઘણીવાર અનિવાર્ય કે તાકીદના સંજોગોમાં સ્થાનિક કક્ષાએ કર્મચારીઓની બદલી કરવાની પર્યાપ્ત સત્તા ન હોવાથી અરજદારોના કામો લંબાતા હતા. રાજ્ય સરકારશ્રીની પુખ્ત વિચારણાના અંતે હવે કલેક્ટરશ્રીઓને અનિવાર્ય કે તાકીદના સંજોગોમાં બદલીની સત્તાઓ સોંપતો નિર્ણય કરવામાં આવ્યો છે. અગાઉ કલેક્ટરશ્રીને નાયબ મામલતદાર, મહેસૂલી કારકૂન અને મહેસૂલી તલાટીઓની બદલી કરવાની સત્તા હતી. હવે આ નિર્ણયના પરિણામે કલેક્ટરશ્રીઓ મહેસૂલ વિભાગના અન્ય ખાતાના વડાઓની જિલ્લા તથા તાલુકા કચેરીઓમાં કાર્યરત વર્ગ-૩ના કર્મચારીઓ જેવા કે, સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૧, સબ રજીસ્ટ્રાર ગ્રેડ-૨, સિનિયર સર્વેયર, સર્વેયર અને કારકૂન વગેરેની જિલ્લા પૂરતી બદલી કરી શકશે. આ બદલીઓ જે તે ખાતાના વડાના મહેકમ પૂરતી જ સીમિત રહેશે. દા.ત. સેટલમેન્ટ કમિશનરશ્રી તાબા હેઠળના સર્વેયરની બદલી તેમની જ કચેરીમાં થશે, નોંધણી સર નિરીક્ષક કે સ્ટેમ્પ ડ્યુટી કચેરીમાં કરી શકાશે નહીં. કલેક્ટરશ્રી દ્વારા બદલી કરતી વખતે સંબંધિત જિલ્લા કક્ષાના વિભાગીય અધિકારીશ્રી સાથે જરૂરી સંકલન કરવાનું રહેશે, જેથી કચેરીઓની રોજબરોજની કામગીરી ખોરવાય નહીં. આ બદલીઓ કરતી વખતે સામાન્ય વહીવટ વિભાગ તથા મહેસૂલ વિભાગના પ્રવર્તમાન બદલી નિયમો અને માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

## રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે ATS હેડક્વાર્ટરની મુલાકાત લીધી

અમદાવાદ | રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે આજે એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS), ગુજરાતની ખાસ મુલાકાત લીધી હતી અને એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી. આ મુલાકાત દરમિયાન DGP શ્રી મલિકે ATS અને 'ચેતક કમાન્ડો ફોર્સ'ની કામગીરી, આધુનિક સજ્જતા અને ઓપરેશનલ ક્ષમતાઓનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. આ સાથે જ



તેમણે ATS દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા સફળ ઓપરેશન્સ અને ઉત્કૃષ્ટ કામગીરીની વિગતવાર સમીક્ષા કરી હતી.બેઠક દરમિયાન વર્તમાન અને ભવિષ્યમાં ઉદ્દભવી શકે તેવા સુરક્ષા પડકારો તથા ઉભરતા સુરક્ષા જોખમો (Emerging Threat Scenarios) અંગે ગહન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા અને આવા પડકારો સામે લડવા માટેની વ્યૂહરચના પર ખાસ ભાર મુકવામાં આવ્યો હતો.રાજ્યના પોલીસ વડાશ્રીએ ATS અને ચેતક કમાન્ડો ફોર્સના અધિકારીઓ અને જવાનોની નિષ્ઠા અને સમર્પણની પ્રશંસા કરી હતી. તેમણે સમગ્ર ટીમને રાજ્યની સુરક્ષા અને શાંતિ જાળવી રાખવા માટે ભવિષ્યમાં પણ આ જ રીતે ઉત્કૃષ્ટ કામગીરી ચાલુ રાખવા પ્રોત્સાહિત કર્યા હતા.આ મુલાકાત દરમિયાન રાજ્ય પોલીસ વડાશ્રીએ ATS હેડ કવાર્ટરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓનું પણ જાત-નિરીક્ષણ કર્યું હતું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### દસ ગ્રામ નશીલો પદાર્થ કબ્જે લેવાયો, ડ્રગ્સ વિરોધી ઝુંબેશ હેઠળ પોલીસની મોટી કાર્યવાહી

# વડોદરામાં ગાંજાના કેસ વધ્યા નવા યાર્ડમાં ઝડપાયો ખેપિયો

(એજન્સી) વડોદરા । તા. 30

વડોદરા શહેરના પોલીસ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી ડ્રગ્સ વિરોધી કડક ઝુંબેશના ભાગરૂપે નવા યાર્ડ વિસ્તારમાં અચાનક દરોડો પાડીને એક શખ્સને પ્રતિબંધિત નશીલા પદાર્થ સાથે ઝડપી પાડવામાં આવ્યો છે, જેના કારણે શહેરમાં ગેરકાયદેસર રીતે નશીલા દ્રવ્યોની હેરાફેરી કરતા અસામાજિક તત્વો અને બંધાણીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે અને પોલીસની આ સક્રિયતાથી ગુનેગારોમાં હચમચ મચી ગઈ છે.

વડોદરા શહેર પોલીસ કમિશનર દ્વારા થોડા સમય અગાઉ જ શહેરના તમામ પોલીસ સ્ટેશનોને નાર્કોટિક્સ અને ડ્રગ્સ સંબંધિત ગુનાઓ પર કડક નજર રાખવા અને સઘન કામગીરી કરવાની સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. આ આદેશના અમલીકરણ બાદથી અત્યાર સુધીમાં સમગ્ર શહેરમાં ડ્રગ્સ અને ગાંજાના વેચાણ અંગેના એક ડઝનથી વધુ ગંભીર કેસો નોંધાઈ ચૂક્યા છે, જે દર્શાવે છે કે પોલીસ આ મામલે કેટલી ગંભીરતાથી કામ કરી રહી છે અને ગુનેગારોને ઝડપી પાડવા માટે સતત પેટ્રોલિંગ વધારી રહી છે.

તાજા બનાવની વિગતો મુજબ, વડોદરા શહેર પોલીસે નવા યાર્ડ વિસ્તારમાં આવેલ રોશનનગર પાસેથી બાતમીના આધારે શાને મોહમ્મદ નબજુલખાન પઠાણ નામના શખ્સને દબોચી લીધો હતો. પોલીસ તપાસ દરમિયાન તેની પાસેથી અંદાજે દસ ગ્રામ જેટલો પ્રતિબંધિત ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે નશીલા પદાર્થ ઉપરાંત ઉપયોગમાં લેવાયેલ મોબાઈલ ફોન અને રોકડ રકમ સહિત કુલ છ હજાર રૂપિયાથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.



પકડાયેલા શખ્સની કડકાઈથી પૂછપરછ કરવામાં આવતા તેણે આ નશીલો જથ્થો ગોરવા વિસ્તારમાં રહેતા મુનાવર નામના શખ્સ પાસેથી મેળવ્યો હોવાની મહત્વપૂર્ણ કબૂલાત કરી હતી, જેના પગલે પોલીસે તાત્કાલિક તે શખ્સને વોન્ટેડ જાહેર કરીને તેની શોધખોળ શરૂ કરી દીધી છે.

#### ભવિષ્યની રૂપરેખા અને જનતા પર પ્રભાવ

પોલીસની આ સતત કાર્યવાહીથી યુવાધનને બરબાદ થતા અટકાવવામાં મોટી મદદ મળી રહી છે અને નાગરિકો પણ પોલીસના આ અભિગમને ખૂબ સરાહી રહ્યા છે. આગામી દિવસોમાં ડ્રગ્સના નેટવર્કને નેસ્તનાબૂદ કરવા માટે શહેરમાં વધુ કડક તપાસ અભિયાન ચલાવવામાં આવશે તેવી પૂરી સંભાવના છે.

નવા યાર્ડ વિસ્તારમાં પોલીસે એક શખ્સને ગાંજા સાથે ઝડપી પાડવાનો વધુ એક બન્યો છે. પોલીસે રોશનનગરમાં રહેતા શાને મોહમ્મદ નબજુલખાન પઠાણને ઝડપી પાડી તેની પાસેથી 10 ગ્રામ જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે મોબાઈલ અને અન્ય રોકડ મળી કુલ રૂ.6 હજાર ઉપરાંતની મતા કબજે કરી છે.

પૂછપરછ દરમિયાન ગાંજાનો જથ્થો ગોરવાના મુનાવર પાસેથી મેળવ્યો હોવાની વિગતો ખુલતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે. નોંધનીય છે કે બે મહિના પહેલા પોલીસ કમિશનરે તમામ પોલીસ સ્ટેશનને ડ્રગ્સની કામગીરી સોંપતા અત્યાર સુધીમાં ડ્રગ્સના એક ડઝનથી વધુના કેસો નોંધાયા છે.

## કારેલીબાગ વુડા ભવનમાં આગથી મહત્વના દસ્તાવેજો ખાક, પ્રાદેશિક કમિશનરની કચેરીમાં લાગી ભીષણ આગ



વડોદરા | આજે વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલા વુડા ભવનના છઠ્ઠા માળે એકાએક રહસ્યમય સંજોગોમાં ભીષણ આગ ફાટી નીકળવાની ઘટના સામે આવી છે, જેના કારણે પ્રાદેશિક કમિશનરની કચેરીમાં રાખેલા નગરપાલિકાઓના અત્યંત મહત્વના વહીવટી દસ્તાવેજો અને ફર્નિચર બળીને ખાખ થઈ ગયા છે અને આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, ગત રાત્રે કારેલીબાગ સ્થિત વુડા ઓફિસની ઈમારતના છઠ્ઠા માળે આવેલી નગરપાલિકાઓની પ્રાદેશિક કમિશનરની કચેરીમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આ કચેરીમાં નગરપાલિકાઓને લગતો તમામ મુખ્ય વહીવટ અને મહત્વના કાગળો રાખવામાં આવતા હોવાથી આગ લાગતા જ વ્યાપક નુકસાન થયું હતું. આગ એટલી ભયાનક હતી કે વાયરિંગ અને કચેરીનું ફર્નિચર સંપૂર્ણપણે તેની લપેટમાં આવી ગયું હતું. ઘટનાની ગંભીરતા જોતા તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

## વડોદરાના વેપારી સાથે ઓડિશાના પૂર્વ સીએમનું નામ દઈ ઠગાઈ, બત્રીસ લાખ રૂપિયાથી વધુની રકમ પડાવી લીધી

(એજન્સી) વડોદરા । તા. 30

આજે વડોદરા શહેરના ગોરવા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને ગંભીર ઠગાઈની ઘટના સામે આવી છે, જેમાં દિલ્હીની એક ખાનગી કંપનીના સંચાલકોએ ઓડિશાના પૂર્વ મુખ્યમંત્રીના નામે ખોટા સંબંધો ટાંકીને શહેરના એક જાણીતા પેટ્રોકેમિકલ વેપારી સાથે અંદાજે બત્રીસ લાખ રૂપિયાથી વધુની મોટી છેતરપિંડી આચરી હોવાનું બહાર આવતા વેપારી આખા જગતમાં ચર્ચાનો વિષય બન્યા છે અને પોલીસ દ્વારા તાત્કાલિક ગુનો નોંધીને કાયદેસરની તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરા શહેરના રેસકોર્સ વિસ્તારમાં આવેલી ઓફિસથી પેટ્રોકેમિકલ પ્રોડક્ટ્સનું ટ્રેડિંગ કરતા વેપારી વિશાલભાઇ વ્યાસનો પરિચય દિલ્હીના તપસ રંજન પટનાયક સાથે થયો હતો. થોડા સમય અગાઉ તેમના પુત્રના જન્મદિનની પાર્ટીમાં દિલ્હી બોલાવીને આ પરિવાર સાથે નિકટતા વધારવામાં આવી હતી. ત્યારબાદ આરોપી આસુતોષ પટનાયકે ફોન પર વાતચીત દરમિયાન ઓડિશાના પૂર્વ મુખ્યમંત્રી નવીન પટનાયક પોતાના કઝીન ભાઈ થાય છે તેવો મોટો દાવો કર્યો હતો અને પોતાનો પ્રભાવ પાડવા માટે વોટ્સએપ પર ભારત સરકારના હેલ્થ એડવાઈઝર હોવાનું ખોટું વિઝિટિંગ કાર્ડ પણ મોકલી આપ્યું હતું.

આરોપીઓએ વેપારીનો વિશ્વાસ પૂરેપૂરો જીતી લીધા બાદ કંડલા બંદર પાસે ઈન્ડસ્ટ્રિઅલ ફ્યુઅલ ઓઈલનો મોટો જથ્થો તૈયાર પડ્યો છે અને તે ખરીદી લેવાથી મોટો નફો થશે તેવી લોભામણી ઓફર આપી હતી. આ વાતમાં આવીને વેપારીએ રૂપિયા બત્રીસ લાખ ચોસઠ હજાર જેટલી માતબર રકમનું બિલ ચૂકવી દીધું હતું અને પેમેન્ટ જમા થતાં જ માલ તુરંત મળી જશે તેવું કહેવામાં આવ્યું હતું. પરંતુ નાણાં ચૂકવી દીધા બાદ પણ આરોપીઓ દ્વારા કોઈપણ પ્રકારનો માલ મોકલવામાં આવ્યો ન હતો અને ઉલટાનું વેપારીને ધમકીઓ આપવાનું શરૂ કરી દીધું હતું.



## સૌરાષ્ટ્રભરમાં વકીલોની હડતાલ, હાઈકોર્ટ બેંચની માંગ જોર પકડી

(એજન્સી) વડોદરા । તા. 30

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રભરના વકીલો દ્વારા રાજકોટમાં હાઈકોર્ટની બેંચ શરૂ કરવાની લાંબા સમયથી ચાલી આવતી માંગને લઈને કોર્ટની તમામ કાર્યવાહીથી અલિપ્ત રહીને પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો છે અને આ મુદ્દે આગામી દિવસોમાં રાજ્યના રાજ્યપાલ તેમજ હાઈકોર્ટના ચીફ જસ્ટિસને રૂબરૂ મળીને વિસ્તૃત રજૂઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આજરોજ સવારથી જ રાજકોટના વકીલોએ કામકાજથી દૂર રહીને મોટી સંખ્યામાં એકત્ર થઈને કલેક્ટરશ્રીને સત્તાવાર આવેદનપત્ર સુપરમાવ્યું હતું. આ આવેદનપત્રમાં સ્પષ્ટ રજૂઆત કરવામાં આવી છે કે ગુજરાત હાઈકોર્ટમાં ચાલતી કુલ તકરારો અને કેસોમાંથી આશરે ચાલીસ ટકા જેટલા કેસો માત્ર સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાંથી જ આવે છે. જો આ તમામ મેટર્સના નિકાલ માટે રાજકોટ ખાતે જ હાઈકોર્ટની બેંચ ફાળવવામાં આવે તો તેનાથી મુખ્ય હાઈકોર્ટનું કામકાજનું ભારણ નોંધપાત્ર રીતે ઘટી જશે.

વકીલોની દલીલ મુજબ હાલમાં સૌરાષ્ટ્ર-કચ્છના છેવાડાના વિસ્તારોમાંથી આવતા સામાન્ય નાગરિકો અને અસીલોને હાઈકોર્ટમાં જવા-આવવામાં ઓછામાં ઓછી છથી બાર કલાકની લાંબી મુસાફરી તેમજ ટ્રાફિક અને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જો કેસની તારીખ કે મુદત પડે તો લોકોને વધુ નાણાં અને સમયનો બગાડ સહન કરવો પડે છે.

## કંપનીના એમડીના નામે એકાઉન્ટન્ટ સાથે 29 લાખનું સાયબર ફ્રોડ, વોટ્સએપ પર મેસેજ મોકલી રકમ ટ્રાન્સફર કરાવી લીધી

(એજન્સી) રાજકોટ । તા. 30

આજે રાજકોટ શહેરમાં 'બોસ ફ્રોડ' અને ઓનલાઈન છેતરપિંડીનો વધુ એક ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં સાયબર ઠગોએ જગ મિન્ટ નામની ગોલ્ડ-સિલ્વર રિફાઈનરી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર (એમડી)ના નામે વોટ્સએપ પર ખોટો મેસેજ મોકલીને કંપનીની મહિલા એકાઉન્ટન્ટ સાથે રૂપિયા ઓગણત્રીસ લાખનું મસમોટું સાયબર ફ્રોડ આચર્યું હોવાનું બહાર આવતા સમગ્ર વેપારી આલમમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટના વાવડી વિસ્તારમાં રહેતા અને વ્રજવીલા ખાતે કચેરી ધરાવતા કવિતાબેન તેજશભાઈ શાહ (ઉ.વ. ૪૩) જગ મિન્ટ રિફાઈનરી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે બેન્કિંગ અને નાણાકીય વ્યવહારો સંભાળે છે. ગત તારીખ સોળમીના રોજ બપોરના સમયે તેમના ફોન પર વોટ્સએપ પર એક મેસેજ આવ્યો હતો, જેનો પ્રોફાઈલ ફોટો (ડીપી) કંપનીના વાસ્તવિક એમડી ધર્મેન્દ્ર પારેખનો જ હતો. આ મેસેજ મોકલનાર શખ્સે કંપનીના તમામ બેંક એકાઉન્ટનું બેલેન્સ ચેક કરીને વિગતો મોકલવા તાકીદ કરી હતી અને તમામ કામ પડતા મૂકીને આ કામ કરવા જણાવ્યું હતું. વિશ્વાસમાં આવીને એકાઉન્ટન્ટે બેલેન્સના સ્ક્રીનશોટ મોકલી આપ્યા હતા.

બીજા દિવસે તે જ નંબર પરથી એક નવું બેંક એકાઉન્ટ મોકલીને તેમાં રૂપિયા ૨૯ લાખ ટ્રાન્સફર કરવા માટે આદેશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તા. ૨૦ના રોજ અન્ય એક ખાતાની વિગત આપીને ફરીથી ૨૯ લાખ ટ્રાન્સફર કરવાનું કહેતા એકાઉન્ટન્ટે કંપનીના ઓપરેશન હેડ સમીર પાટડીયાની મંજૂરી મેળવીને રકમ ટ્રાન્સફર કરી દીધી હતી. થોડીવાર પછી ઠગોએ વધુ ૪૮.૦૫ લાખ રૂપિયા ટ્રાન્સફર કરવાનું કહેતા એકાઉન્ટન્ટને શંકા ગઈ હતી. તેમણે તાત્કાલિક સાચા એમડી ધર્મેન્દ્ર પારેખને ફોન કરીને આ વિશે પૂછપરછ કરતાં તેમણે આવા કોઈ મેસેજ કર્યા હોવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો અને પોતે સાયબર ફ્રોડનો ભિકાર બન્યા હોવાનું ધ્યાને આવતા તાત્કાલિક રાષ્ટ્રીય સાયબર ક્રાઇમ હેલ્પલાઈન પર ફોન કરીને પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી.

## દરજીપુરા આરટીઓ ટ્રેકમાં વરસાદી પાણી ભરાતા મુશ્કેલી, સેન્સર વાહનોને ડિટેક્ટ કરી શકતા નથી



વડોદરા | આજે વડોદરા સ્થિત દરજીપુરા પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીમાંથી પ્રાપ્ત થયેલા અહેવાલો મુજબ, ટુ વ્હીલર વાહનો માટેના આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક પર વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે અરજદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે, જેના કારણે ડ્રાઈવિંગ ટેસ્ટ જેવી મહત્વપૂર્ણ પ્રક્રિયા ગંભીર રીતે પ્રભાવિત થઈ છે અને તંત્રની કામગીરી સામે પણ મોટા સવાલો ઉભા થયા છે. ચાલુ ચોમાસાની સિઝનમાં વરસાદ પડ્યા બાદ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકના મોટા ભાગના વિસ્તારોમાં પાણી ભરાઈ રહેવાની સમસ્યા કાયમી બની ગઈ છે. ટ્રેક પર પાણી ભરાયેલા હોવાને કારણે ત્યાં લગાવવામાં આવેલા અત્યાધુનિક સેન્સર વાહનોને યોગ્ય રીતે ડિટેક્ટ કરી શકતા નથી, જેના પરિણામે અરજદારોને તેમના ટેસ્ટનું પરિણામ મેળવવામાં લાંબો વિલંબ સહન કરવો પડે છે. આ અગવડતાના કારણે દૂર-દૂરથી ટેસ્ટ આપવા આવતા નાગરિકોને કલાકો સુધી રાહ જોવી પડે છે અને અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

### મંત્રી ઈશ્વરસિંહ પટેલની અધ્યક્ષતામાં બેઠક

# નર્મદા જિલ્લામાં પંચાયતી રાજ તાલીમ કાર્યશાળા યોજાઈ





(એજન્સી) રાજપીપળા । તા. 30

નર્મદા જિલ્લા પંચાયત દ્વારા રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત જિલ્લાના ચૂંટાયેલા પદાધિકારીઓ અને સદસ્યો માટે રાજ્યના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી તથા નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલની વિશેષ ઉપસ્થિતિ અને અધ્યક્ષતામાં રાજપીપળા ખાતે આવેલા આંબેડકર હોલ ખાતે એક દિવસીય ભવ્ય ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યશાળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું, જેનાથી પંચાયતી રાજ સંસ્થાઓના પ્રતિનિધિઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે.

ગ્રામીણ સ્તરે સુશાસન અને વિકાસને વધુ વેગ આપવાના ઉદ્દેશ્યથી યોજાયેલી આ કાર્યશાળામાં પ્રભારી મંત્રીએ વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે જિલ્લામાં પંદરમા નાણાં પંચ હેઠળ અંદાજે ત્રણ બેતાલીસ કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યા છે અને આગામી સોળમા નાણાં પંચમાં પણ ઉત્સાહજનક ગ્રાન્ટ ફાળવવામાં આવશે. આ ઉપરાંત, જિલ્લાના કુલ પાંચસો પિસ્તાલીસ ગામો પૈકી પાંચસો ઓગણચાલીસ ગામોને સત્તાવાર રીતે મોડેલ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા છે, જે સમગ્ર જિલ્લા માટે એક ગૌરવપૂર્ણ સિદ્ધિ છે.

કાર્યશાળાને સંબોધતા મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જો ચૂંટાયેલા પ્રતિનિધિઓ પાસે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની સચોટ અને ઊંડી જાણકારી હશે, તો તેઓ જનતાના હિતના કાર્યો વધુ ઝડપથી મંજૂર કરાવી શકશે. આ સાથે જ ધારાસભ્ય સુશ્રી દર્શનાબેન દેશમુખે શિક્ષણ અને આરોગ્ય પર ભાર મૂકતા જણાવ્યું કે આદિવાસી વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિની મર્યાદા વધારવાનો નિર્ણય અને મિની બસોનું લોકાર્પણ શિક્ષણ ક્ષેત્રે મોટો બદલાવ લાવશે. કાર્યશાળા દરમિયાન તજજ્ઞો દ્વારા પદાધિકારીઓને પંચાયતી રાજ વ્યવસ્થા અંતર્ગત તેમની વિશેષ ભૂમિકાઓ, સત્તાઓ અને જવાબદારીઓ વિશે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

### કલેકટરશ્રી ગંગાસિંઘે યોજી વીડિયો કોન્ફરન્સ, ભારે વરસાદની સંભાવનાને લઈને અધિકારીઓને સૂચનાઓ અપાઈ

# હવામાન વિભાગની આગાહી પગલે જિલ્લા તંત્ર એલર્ટ મોડ પર

(એજન્સી) રાજપીપળા । તા. 30

આજે ભારતીય હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી ગંભીર આગાહીને પગલે રાજ્યના મધ્ય અને દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં આગામી એકત્રીસમી જુલાઈના રોજ ભારેથી અતિભારે તેમજ કેટલાક સ્થળોએ અત્યંત ભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે, જેને ધ્યાનમાં રાખીને સંભવિત આપત્તિ સામે પહોંચી વળવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પૂર્વ તૈયારીઓના ભાગરૂપે રાજપીપળા ખાતેથી એક મહત્વપૂર્ણ વીડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

હવામાન વિભાગની આ ચેતવણી બાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતેથી યોજાયેલી આ ઉચ્ચસ્તરીય બેઠકમાં જિલ્લા કક્ષાના સંબંધિત અધિકારીઓ ઉપરાંત તમામ તાલુકાઓના ડિઝાસ્ટર લાયઝન અધિકારીઓ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાઈ ગયા હતા. બેઠક દરમિયાન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલી તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી અને નીચાણવાળા તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ બંદોબસ્ત ગોઠવવા માટેની પ્રાથમિક રૂપરેખા તૈયાર કરી દેવામાં આવી છે.





વીડિયો કોન્ફરન્સને સંબોધતા જિલ્લા કલેકટરશ્રી ગંગાસિંઘે તમામ અધિકારીઓને તાકીદ કરી હતી કે ભારે વરસાદ અને તેજ પવનની આગાહીને ધ્યાનમાં રાખીને સમયસર ચેતવણીના સંદેશાઓ ગ્રામ્ય સ્તર સુધી પહોંચાડવામાં આવે. તેમણે જરૂરિયાત ઊભી થાય તો લોકોના સ્થળાંતર માટે સુરક્ષિત સ્થળોની આગોતરી વ્યવસ્થા રાખવા અને આરોગ્ય વિભાગ સહિતના તમામ સંબંધિત વિભાગો વચ્ચે પરસ્પર અસરકારક સંકલન જાળવી રાખવા સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત સ્થાનિક સ્તરે ગ્રામ સેવકો, તલાટી કમ મંત્રી, સરપંચો અને અન્ય જનપ્રતિનિધિઓ સાથે સતત સંપર્કમાં રહીને વરસાદ અંગેની સાચી માહિતી અને સાવચેતીના સંદેશાઓ નાગરિકો સુધી ઝડપથી પહોંચાડવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો હતો. સંભવિત આપત્તિને પહોંચી વટવા માટે તમામ અધિકારીઓને આગામી સૂચના સુધી પોતપોતાના મુખ્ય મથક એટલે કે હેડક્વાર્ટર ન છોડવા અને સતત સતર્ક રહેવા આદેશ કરાયો છે. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર, નાયબ કલેક્ટર તેમજ વિવિધ મામલતદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રની આ સક્રિયતા અને અગાઉથી જ કરવામાં આવેલી તૈયારીઓના કારણે નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકશે અને કોઈપણ આકસ્મિક પરિસ્થિતિમાં રાહત તથા બચાવ કાર્ય ઝડપથી હાથ ધરી શકાશે. વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને પણ અફવાઓથી દૂર રહીને તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

### આયુર્વેદ યુનિવર્સિટીની BAMS પરીક્ષાનું પેપર ફૂટ્યું

# પેપર લીક સામે રાજકોટમાં રોષભેર ચક્કાજામ, જામનગરમાં ઉગ્ર રજૂઆત

(એજન્સી) રાજકોટ । તા. 30

આજે જામનગર સ્થિત ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની બીએએમએસ તૃતીય પ્રોફેશનલની શલ્ય તંત્ર-૧ વિષયની પરીક્ષાનું પેપર લીક થયાના ગંભીર આક્ષેપોને પગલે રાજ્યભરમાં રોષ ફાટી નીકળ્યો છે અને પ્રદેશ એનએસયુઆઈ દ્વારા આ મામલે રાજ્યવ્યાપી ઉગ્ર વિરોધ પ્રદર્શનો યોજવામાં આવ્યા છે, જેને લઈને રાજકોટ અને જામનગર બંને શહેરોમાં વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પરીક્ષા શરૂ થાય તે પૂર્વે જ સોશિયલ મીડિયા એટલે કે વોટ્સએપ પર ૧૨ મહત્વના મુદ્દાઓ વાયરલ થયા હતા, જેમાંથી ૧૧ મુદ્દા હૂબહૂ પ્રશ્નપત્રમાં પૂછાતા શિક્ષણ જગતમાં ભારે ચકચાર અને ખળભળાટ મચી ગયો છે. આ ગંભીર બેદરકારી સામે રોષે ભરાયેલા એનએસયુઆઈના કાર્યકર્તાઓએ રાજકોટના વ્યસ્ત કોટેચા ચોક ખાતે રસ્તારોકો આંદોલન કરીને જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા અને ચક્કાજામ સર્જ્યો હતો, જેથી પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને અનેક વિદ્યાર્થી આગેવાનોની અટકાયત કરી લીધી હતી.



બીજી તરફ, જામનગરમાં વિદ્યાર્થીઓ અને આગેવાનોએ વિશાળ સંખ્યામાં એકત્ર થઈને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું અને સમગ્ર પ્રકરણની ન્યાયિક તથા નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી હતી. વિદ્યાર્થી નેતાઓના આક્ષેપ મુજબ પેપર તૈયાર કરનાર પ્રોફેસર ખુદ શંકાના દાયરામાં છે અને અગાઉથી જાણ કરવા છતાં યુનિવર્સિટી તંત્રની નિષ્ક્રિયતા તેમની ગંભીર બેદરકારી છતી કરે છે.

### રૂસ્તમપુરાના રાવણ તાડ પાસે વડની વડવાઈ

# સુરતમાં અલુણા વ્રત નિમિત્તે હીંચકે ઝૂલી રહી કુંવારિકાઓ

(એજન્સી) સુરત । તા. 30

સમયની સાથે સુરત શહેરનો ચહેરો ધરખમ બદલાઈ ગયો છે અને એક સમયે કોટ વિસ્તાર તથા તેની આસપાસની પોળો પૂરતું સીમિત રહેલું આ મહાનગર આજે વિસ્તરીને ચારે દિશામાં ફેલાઈ ગયું છે, તેમ છતાં સુરતના જૂના શહેરની ગલીઓમાં આપણી પુરાણી સંસ્કૃતિનો અસલ રંગ આજે પણ એટલો જ જીવંત જોવા મળે છે, જેનું સૌથી સુંદર ઉદાહરણ અષાઢી મેઘ મહેર સાથે શરૂ થતા કુંવારિકાઓના પ્રિય અલુણાના દિવસો અને તેનાથી જોડાયેલી પરંપરાઓ પૂરી પાડતી નજરે પડે છે.

વિકાસની આદતો વચ્ચે રહેણીકરણી અને જીવનશૈલી ભલે બદલાઈ ગઈ હોય, પરંતુ રૂસ્તમપુરા વિસ્તારમાં આવેલા રાવણ તાડ પાસે વડના ઝાડની મજબૂત વડવાઈ પર હીંચકો બાંધીને ઝૂલતી કુંવારિકાઓનું દૃશ્ય જૂના સુરતના સંસ્કારી અને સાંસ્કૃતિક વારસાને આંખો સામે તાજો કરી દે છે. અષાઢ મહિનો શરૂ થતાં જ કુંવારિકાઓમાં અલુણા વ્રતને લઈને ભારે ઉત્સાહ જોવા મળે છે. આ વ્રત સાથે શ્રદ્ધા, સંસ્કાર અને અનેક ઊંડી લોકપરંપરાઓ જોડાયેલી છે, જેમાં સારા જીવનસાથી અને સુખી દાંપત્યજીવનની મનોકામના મુખ્ય હોય છે. વ્રત દરમિયાન મીઠું ન લેવાની વિશેષ પરંપરાને કારણે તેને 'અલુણા' તરીકે ઓળખવામાં આવે છે. સમયના પ્રવાહ સાથે શહેરમાં ખુલ્લી જગ્યાઓ ઘટતી ગઈ અને મકાનો તથા મોટી વસાહતો વધતી ગઈ, જેના કારણે કુદરતી વડવાઈ પર હીંચકો બાંધવાની આ સુંદર પરંપરા શહેરના અનેક વિસ્તારોમાંથી ક્રમશઃ અદૃશ્ય થતી ગઈ છે.



## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

ધ્યાન તથા સ્વયં-સમજ લાભદાયક પુરવાર થશે. જો તમે છાત્ર છો અને વિદેશ માં જઈ ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.

**વૃષભ : બ. વ. ઉ.**

મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિન્ક અંગે સાવચેત રહેજો. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**મિથુન : ક. છ. ઘ.**

તમે નવરાશની લહેજત માણવાના છો. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે પ્રેમના અતિઆનંદમાં તમારાં સપનાં અને વાસ્તવિકતા એકમેકમાં ભળી જશે.

**કર્ક : ડ. હ.**

સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે- તમને પાળવામાં મુશ્કેલી પડે તેવા વચનો આપતા નહીં.

**સિંહ : મ. ટ.**

તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારી પત્ની સાથે પિકનિક પર જવા માટે ખૂબ જ સારો દિવસ. આ બાબત ન માત્ર તમારો મૂજ બદલશે બલ્કે તમારા વચ્ચેની ગેરસમજ ઉકેલવામા પણ મદદ કરશેં.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારી જાતને આજે તમે સામાન્યપણે તમે હો છો એના કરતાં ઓછા ઊર્જાવાન મહેસૂસ કરશો-વધારાના કામ દ્વારા તમારી જાત પર વધુ બોજો ન નાખતા- થોડોક આરામ કરો તથા તમારી એપોઈન્ટમેન્ટ બીજા કોઈ દિવસ માટે રાખો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે.

**તુલા : ર. ત.**

શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

**વૃશ્ચિક : ન. ય.**

વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. જો સંવાદ અને ચર્ચાથી કામ નહીં થાય-એનાથી તમને ગુસ્સો આવશે અને તમે કશુંક એવું બોલી જશો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો.

**મકર : ખ. જ.**

અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો.

**મીન : દ. ચ. ઝ. થ.**

શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. આજે તમે જે સામાજિક મેળાવડામાં સહભાગી થવાના છો તેમાં તમે આકર્ષણનું કેન્દ્ર હશો.

## હિંમતનગર રેલવે સ્ટેશન તિરંગા લાઈટથી ઝળહળશે



હિંમતનગર : હિંમતનગર રેલવે સ્ટેશન પર અમૃત ભારત યોજના હેઠળ વિવિધ વિકાસ કાર્યો ચાલી રહ્યા છે. આ અંતર્ગત, આગામી તહેવારોમાં સ્ટેશનની ઈમારતને 150 થી વધુ ફસાડ લાઈટિંગ વડે તિરંગાના રંગોથી ઝળહળતી કરવામાં આવશે.

અમૃત ભારત યોજના હેઠળ હિંમતનગર રેલવે સ્ટેશન પર નવી ઈમારતો, કોચ ઈન્ડિકેટર, પ્લેટફોર્મ, ફૂટ ઓવરબ્રિજ (FOB) અને લિફ્ટ સહિતના વિકાસ કાર્યો પ્રગતિમાં છે. આ પ્રોજેક્ટના ભાગરૂપે, સ્ટેશનની ઈમારત પર વિવિધ સ્થળોએ 150 થી વધુ ફસાડ લાઈટ્સ લગાવવામાં આવી છે.

આ મલ્ટી-કલર લાઈટ્સને વિશેષ પ્રોગ્રામિંગ દ્વારા તિરંગાની રોશનીમાં રૂપાંતરિત કરવામાં આવી છે. 150 ફસાડ લાઈટ્સ દ્વારા મલ્ટી-કલર લાઈટિંગ અને તિરંગાનો એક ખાસ પ્રોગ્રામ તૈયાર કરાયો છે, જેનું ગત રાત્રિએ સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ફસાડ લાઈટિંગ તહેવારોના દિવસોમાં રાત્રિના સમયે શરૂ કરવામાં આવશે.

આગામી સમયમાં, હિંમતનગર રેલવે સ્ટેશન પરની આ ફસાડ લાઈટિંગ શહેરીજનો અને યુવાનો માટે એક આકર્ષક સેલ્ફી પોઈન્ટ અને રીલ્સ બનાવવા માટેનું કેન્દ્ર બનશે.

# સાગબારા રોડ પર ગેરકાયદે બાયોડિઝલ પંપ પકડાયો

પ્રાપ્ત માહિતી મુજબ નર્મદા




નર્મદા જીલ્લા પોલીસ અધિક્ષક વિશાખા ડબરાલ નાઓ દ્વારા જીલ્લામાં ગેરકાયદેસર ચાલતી પ્રવૃતિ ઓને સંપૂર્ણ રીતે નેસ્ત નાબુદ કરવા પરીણામલક્ષી કામગીરી કરવા આપેલ સુચના ના આધારે કે.એ.વાળા પોલીસ ઈન્સ્પેકટર એસ.ઓ. જી.શાખા, નર્મદા તથા પોલીસ સબ ઈન્સ્પેકટર સી.ડી.પટેલ એસ.ઓ.જી. શાખા, નર્મદા તથા એસ.ઓ.જી.શાખાના સ્ટાફના માણસો સાથે સાગબારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ. માં હતા દરમ્યાન પો.સ.ઈ. સી.ડી.પટેલ નાઓની બાતમી ના આધારે સર્વે નં.૬૯ સાગબારા રોડ, નાના કાકડીઆંબા ગામની સીમ, તા.સાગબારા જી.નર્મદા ખાતે આવેલ દસ્તક બાયો ડ્રોપ ઈન ફયુલ મહાબલી એન્ટરપ્રાઇઝ ખાતે (૧) હાર્દીકભાઇ રતિભાઇ હિરપરા હાલ રહે, દસ્તક બાયો ડ્રોપ ઈન ફયુલ મહાબલી એન્ટર પ્રાઇઝની સાઈટ, સર્વે નં.૬૯, સાગબારા રોડ, નાના કાકડીઆંબા ગામની સીમ, તા.સાગબારા જી.નર્મદા મુળ રહે, લિલીયા, તા.વિસાવદર જી.જુનાગઢ નાઓએ ગેરકાયદેસર દસ્તક બાયો ડ્રોપ ઈન ફયુલ મહાબલી એન્ટરપ્રાઇઝની સાઈટ ખાતે કન્ઝ્યુમર (ડીઝલ) પંપની આડમાં શંકાસ્પદ પેટ્રોલીયમ પદાર્થનો બે હજાર પાંચસો (૨૫૦૦) લીટર, જેની કિ. રૂ.૨,૨૫,૦૦૦/- નો મુદ્દામાલ ગેરકાયદેસર રીતે વાહનોમાં ઈધંણ તરીકે ભરવા સંગ્રહ કરી, કોઈપણ પરવાના કે વાંધા પ્રમાણપત્રો નહિ મેળવી, આગ અથવા સળગી ઉઠે તેવા પદાર્થ અંગે બેદરકારી ભર્યુ આચરણ કરી, શંકાસ્પદ પેટ્રોલીયમ પદાર્થ વાહનોમાં ઈધણ તરીકે ભરવા માટે સંગ્રહ કરતા હોય તેને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી સાગબારા પો.સ્ટે પો.સ્ટે માં ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો છે.

પકડાયેલ આરોપીનું નામ :- (૧) હાર્દીકભાઇ રતિભાઇ હિરપરા હાલ રહે, દસ્તક બાયો ડ્રોપ ઈન ફયુલ મહાબલી એન્ટર પ્રાઇઝ ની સાઈટ સર્વે નં.૬૯, સાગબારા રોડ, નાના કાકડીઆંબા ગામની સીમ, તા.સાગબારા જી.નર્મદા મુળ રહે,લિલીયા તા.વિસાવદર જી.જુનાગઢ. વોન્ટેડ આરોપીનું નામ :- (૧) હર્ષ કિશોરભાઇ છોડવાડિયા રહે, બી-૧,૫૦૨ શ્રૃષ્ટી રેસીડેન્સી, વી-૧ નજીક સાઈ આસ્થા રેસીડેન્સી સાયણ રોડ, સુરત.

# ચાંદીપુરા વાયરસે પાટણના 5 વર્ષના બાળકનો જીવ લીધો

## બે દિવસની સારવાર બાદ પણ બચી ના શક્યો, જિલ્લાનો પ્રથમ કિસ્સો

(એજન્સી) પાટણ | તા 30

પાટણ જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો પ્રથમ કેસ નોંધાયો છે. સરસ્વતી તાલુકાના સાણોદરડા ગામના પાંચ વર્ષના બાળકનું ધારપુર હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. બાળકને ચાંદીપુરા વાયરસના લક્ષણો દેખાતા બે દિવસથી સારવાર ચાલી રહી હતી.

મળતી માહિતી મુજબ, સાણોદરડા ગામના પાંચ વર્ષીય બાળકને ચાંદીપુરા વાયરસના લક્ષણો જણાતા તેને વધુ સારવાર માટે પાટણની ધારપુર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બે દિવસની સઘન સારવાર છતાં બાળકનું જીવન બચાવી શકાયું ન હતું અને તેનું મૃત્યુ થયું હતું. આ ઘટનાથી જિલ્લા આરોગ્ય તંત્ર પણ એલર્ટ બન્યું છે. ધારપુર હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના કારણે બાળકનું મૃત્યુ થયું હોવાનો આ પાટણ જિલ્લાનો પ્રથમ કિસ્સો છે. આગામી સમયમાં આવા કેસ ન નોંધાય તે માટે જિલ્લાનું આરોગ્ય તંત્ર દવા છંટકાવ સહિતની જરૂરી કામગીરી હાથ ધરે તેવી માગ ઉઠી છે. આ ઉપરાંત, સમી તાલુકાનું વધુ એક બાળક ચાંદીપુરા વાયરસની શંકાસ્પદ સારવાર હેઠળ હોવાનું પણ જાણવા મળ્યું છે.

જિલ્લા આરોગ્ય અધિકારી વિષ્ણુ પટેલે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગત 27મી તારીખે સમી તાલુકાના તારોરા ગામ અને સરસ્વતી તાલુકાના સાણોદરડા ગામમાં ચાંદીપુરા વાયરસના કેસ નોંધાયા હતા. આ પૈકી સાણોદરડાના દર્દીને ધારપુર મેડિકલ કોલેજ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ગઈકાલે રાત્રે સારવાર દરમિયાન તેનું અવસાન થયું છે; જ્યારે તારોરા ગામના દર્દીની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને તેમની તબિયતમાં હાલ સુધારો આવી રહ્યો છે.

મુખ્યત્વે જૂના કાચા ઘરોમાં રહેતી 'સેન્ડફ્લાય' માખી દ્વારા નાના બાળકોમાં ફેલાતા આ વાયરસના મુખ્ય લક્ષણોમાં તીવ્ર તાવ, ઊલટી, ઉબકા, પેટમાં દુખાવો અને બેચેનીનો સમાવેશ થાય છે.

આરોગ્ય તંત્ર દ્વારા તાત્કાલિક અટકાયતી પગલાં ભરતાં ગાઈડલાઈન મુજબ સંક્રમિત વિસ્તારોના 50 ઘરની આજુબાજુ ડસ્ટિંગ, સ્પ્રે અને સઘન સર્વેલન્સની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

# ભુરાવાવ હંગામી બસ સ્ટેન્ડમાં સમારકામ શરૂ થતાં ચક્કાજામ

ભુરાવાવ : ભુરાવાવ ખાતે હંગામી બસ સ્ટેન્ડ પરિસરમાં લાંબા સમયથી પડેલા મોટા ખાડાઓને કારણે મુસાફરો અને એસટી ચાલકો ભારે પરેશાન હતા. આખરે વિભાગ દ્વારા આ ખાડાઓ પૂરવા અને પરિસરને દુરસ્ત કરવા માટે આરસીસી કામ હાથ ધર્યું છે. ગોધરા ભુરાવાવ હંગામી બસસ્ટેન્ડ ખાતે બસ સ્ટેન્ડ પરિસરમાં બરાબર પ્લેટફોર્મની નજીક જ આરસીસી રોડ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. કામગીરીને કારણે રોડ ખોદી નાખવામાં આવ્યો છે અને મેટલ તેમજ કોંક્રિટના ઢગલા પડ્યા છે. આ સ્થિતિને કારણે બસોને પ્લેટફોર્મ સુધી પહોંચવામાં અને બસ સ્ટેન્ડની બહાર નીકળવામાં ભારે કસરત કરવી પડી રહી છે. અવરજવર માટેનો રસ્તો સાંકડો થઈ જતા ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ છે. ગોધરાનું આ બસ સ્ટેન્ડ અત્યંત વ્યસ્ત ગણાય છે, જ્યાં દિવસ દરમિયાન લાંબા અને ટૂંકા રૂટની અંદાજિત 600 જેટલી એસટી બસોની અવરજવર રહે છે. સવાર અને સાંજના સમયે જ્યારે મુસાફરોનો ધસારો વધુ હોય છે, ત્યારે બસોનો પણ ઘસારો વધે છે. આવા સમયે પરિસરમાં ચાલી રહેલી કામગીરીને કારણે બસોની લાંબી કતારો લાગે છે અને ચક્કાજામ જેવી સ્થિતિ ઉભી થાય છે. બસો સમયસર પ્લેટફોર્મ પર ન આવી શકવાને કારણે બસોના શિડ્યુલ પર પણ માઠી અસર પડી રહી છે.

# પાટણના ફાટીપાળ દરવાજા બહાર ખોદકામ દરમિયાન પ્રાચીન મૂર્તિ મળી

## કાળકા મંદિર પમ્પિંગ સ્ટેશન ખસેડાઈ, કેટલા વર્ષ જૂની છે તે અંગે ચકાસણી હાથ ધરાશે

(એજન્સી) પાટણ | તા 30

પાટણ શહેરના ઐતિહાસિક ફાટીપાળ દરવાજા બહાર જેસીબી મશીન વડે ચાલી રહેલા ખોદકામ દરમિયાન એક પ્રાચીન મૂર્તિ મળી આવી છે. આ મૂર્તિને સુરક્ષિત રીતે કાળકા મંદિર પમ્પિંગ સ્ટેશન ખાતે ખસેડવામાં આવી છે.

ખોદકામ કરતી વખતે જમીનમાંથી આ પૌરાણિક મૂર્તિ બહાર આવતા સ્થળ પર કામ કરી રહેલા શ્રમિકો અને સ્થાનિક



લોકો એકઠા થઈ ગયા હતા. આ અંગે પાલિકાને જાણ થતાં જ સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને મૂર્તિનો કબજો લીધો હતો.

આ મૂર્તિ કેટલા વર્ષ જૂની છે અને તે કયા કાળની છે તે અંગે પુરાતત્વ વિભાગ દ્વારા ચકાસણી હાથ ધરવામાં આવશે. હાલ પૂરતી, સુરક્ષા અને જાળવણીના ભાગરૂપે તેને કાળકા મંદિર પમ્પિંગ સ્ટેશન ખાતે રાખવામાં આવી છે.

# બાલાસિનોર નગરપાલિકા વિસ્તારમાં રોગચાળો અટકાવવા ફોગિંગ અને દવાનો છંટકાવ કરવાના આવ્યો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ચોમાસાની ઋતુમાં વરસાદના વિરામ બાદ મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો વકરવાની શક્યતાઓને ધ્યાનમાં રાખીને, બાલાસિનોર નગરપાલિકા વિસ્તારમાં નગરજનોના આરોગ્યની સુખાકારી માટે સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે.તંત્ર દ્વારા સમગ્ર વિસ્તારમાં યુદ્ધના ધોરણે ફોગિંગ, પાવડર છંટકાવ અને જંતુનાશક દવાઓના છંટકાવની કામગીરી શરૂ કરવામાં આવી છે. ખાબોચિયાં, ગટર લાઈનો, ખુલ્લા પ્લોટ અને ગીચ વિસ્તારોમાં મચ્છરોના ઉપદ્રવને ડામવા માટે સફાઈ અને આરોગ્ય વિભાગની ટીમો સતત કાર્યરત છે. આ તકે નગરજનોને અપીલ કરવામાં આવે છે કે તેઓ પોતાના ઘરની આસપાસ ગંદકી કે પાણી ભરાવા ન દે, જૂના ટાયર કે ભંગારમાં ભરાયેલા વરસાદી પાણીનો તાત્કાલિક નિકાલ કરે અને



સ્વચ્છતા જાળવી પાલિકાની આ રોગચાળા નિયંત્રણ કામગીરીમાં પોતાનો સંપૂર્ણ સહકાર આપે.

## ગાંધીનગર સચિવાલયનો અધિકારી બની વાપીના વેપારી સાથે 2.12 કરોડની ઠગાઈ

વાપી : વાપી જીઆઈડીસી પોલીસ મથકે નોંધાયેલી એફઆઈઆર મુજબ, ગાંધીનગર સચિવાલયના ઉચ્ચ અધિકારી તરીકેની ખોટી ઓળખ આપીને જમીન લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી સાથે રૂ. 2,12,45,000ની છેતરપિંડી અને વિશ્વાસઘાત આચરવામાં આવતા આ અંગે 3 લોકો સામે FIR થઇ છે.

વાપીની આગન સોસાયટીમાં રહેતા ફરિયાદી ઉત્પલભાઈ બલદેવભાઈ પારેખે આ મામલે ત્રણ શખ્સો સામે કાયદેસરની ફરિયાદ કરી જણાવ્યું કે, આરોપીઓએ કાવતરું રચી વેપારી સાથે મિત્રતા કેળવી હતી. વાપીના જ રાજેશ ગૌતમે ફરિયાદીને જણાવ્યું હતું કે તેનો મિત્ર રાજેન્દ્ર મુકેશભાઈ ઝેકડીયા ગાંધીનગર સચિવાલયના મહેસુલ વિભાગમાં વર્ગ-૨ નો અધિકારી છે. તેમણે વલસાડ કલેક્ટર કચેરીથી ગાંધીનગર ખાતે 73-73એએ, બિનખેતી અને સરકારી પડતર જમીનોની ફાઈલોના મંજૂરીના હુકમો ઝડપથી કરાવી આપવાનો ભરોસો આપ્યો હતો.

ત્યારબાદ સચિવાલયમાં વર્ગ-1ના નકલી સાહેબ તરીકે એસ.એસ. ગોહિલ નામના વ્યક્તિની ખોટી ઓળખ આપી મુલાકાત કરાવી હતી. આ ત્રણેય ઠગોએ જમીનની અલગ-અલગ ફાઈલોના કામ કરાવવાના બહાને ફરિયાદી તેમજ અન્ય પક્ષકારો પાસેથી રોકડા, બેંક ટ્રાન્સફર અને આંગણિયા મારફતે કરોડો રૂપિયા પડાવ્યા હતા. કામ ન થયું હોવા છતાં વલસાડ કલેક્ટરના ખોટા સહી-સિક્કાવાળા બનાવટી હુકમો, મામલતદારના નકલી 7/12 ના ઉતારા તથા ખોટા ઓનલાઈન સ્ટેટસ બનાવી કુરિયર દ્વારા મોકલી સાચા હોવાનો ઢોંગ કર્યો હતો.

# રાધનપુર પોલીસ કચેરીમાં પિતા-પુત્રનો ASI પર હુમલો

## આત્મવિલોપનની ચીમકી આપતાં સમજાવટ કરવા જતાં માથું દીવાલ અથડાવ્યું, ત્રણ સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો

રાધનપુર : રાધનપુર સ્થિત નાયબ પોલીસ અધિક્ષકની કચેરીમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. તપાસ અર્થે નિવેદન આપવા આવેલા પિતા-પુત્રો સહિત ત્રણ શખ્સોએ ફરજ પરના એ.એસ.આઇ. ઘનશ્યામસિંહ રામુજી પર હુમલો કર્યો હતો. આ ઘટનામાં પોલીસકર્મીનું ગળું દબાવી દીવાલમાં માથું અથડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ અંગે રાધનપુર પોલીસ સ્ટેશનમાં ત્રણ આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) અને જી.પી. એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદ મુજબ, રાધનપુર તાલુકાના અગીચણા ગામના




શંકરભાઈ ડુંગરભાઈ આયર અને તેમના પુત્ર લક્ષ્મણભાઈ ઉર્ફે લાલાભાઈ શંકરભાઈ આયર કચેરી ખાતે એક ઈન્કવાયરીના કામે નિવેદન નોંધાવવા આવ્યા હતા.

નિવેદન આપવાની ના પાડીને તેમણે આત્મવિલોપન કરવાની ધમકી આપી હતી. કચેરીમાં હાજર ફરિયાદી અને સાહેદોને ગાળો ભાંડી ધમકીઓ આપવાનું શરૂ કરતા, એ.એસ.આઇ. ઘનશ્યામસિંહે તેમને શાંત પાડી નિયમ મુજબ નિવેદન આપવા સમજાવવાનો પ્રયાસ કર્યો.

સમજાવટ દરમિયાન આરોપીઓએ ઉગ્ર બોલાચાલી કરી હતી. આરોપીઓ તેમના અન્ય સાગરીત ભરતભાઈ શંકરભાઈ આયરના ટેલિફોનિક સંપર્કમાં રહી પૂર્વઆયોજિત યોજનાના ભાગરૂપે હુમલો કર્યો હતો. લક્ષ્મણભાઈ ઉર્ફે લાલાભાઈએ એ.એસ.આઇ. ના શર્ટનો કોલર પકડ્યો, જ્યારે શંકરભાઈ ડુંગરભાઈએ તેમનું ગળું દબાવી દીવાલમાં માથું અથડાવવાનો પ્રયાસ કર્યો અને શ્વાસ રોકી જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો.

કચેરીમાં હાજર અન્ય સાહેદોએ તાત્કાલિક વચ્ચે પડીને ફરિયાદીને આરોપીઓના ચુંગાલમાંથી છોડાવ્યા હતા. ઘટના સમયે ભરતભાઈ શંકરભાઈ પણ સ્થળ પર આવી પહોંચ્યો હતો અને કચેરીમાં હાજર ફરિયાદી તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગાળો બોલી હતી.

આરોપીઓએ રાજ્યસેવકની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઊભી કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

આ બનાવ અંગે રાધનપુર પોલીસ સ્ટેશનમાં BNS કલમ 109(1), 221, 132, 224, 351(3), 296(B), 61(2) તથા જી.પી. એક્ટ કલમ 110, 117 મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ મામલે પોલીસે ત્રણ લોકોની અટકાયત કરી હોવાનું જાણવા મળ્યું છે.

## ચાણસ્મા નગરની ભારતી સોસાયટીમાં જીઇબી નો થાંભલો લીમડાના ડાળાથી વિંટાયો

ચાણસ્મા | ચોમાસા પૂર્વે મોન્સુન પ્લાન મુજબ જીઇબી દ્વારા વીજવાયરો ને ઝાડીઝાંખળાં નડતાં હોય અને જેનાથી.ચોમાસા દરમિયાન અકસ્માત સર્જાય નહી તેની તકેદારી ના ભાગરૂપે નડતરરૂપ ઝાડી ઝાંખળાં દુર કરવાની કામગીરી કરવામાં આવતી હોય છે પરંતુ ચાણસ્મા નગરમાં રેલવે સ્ટેશન રોડ પર રામદેવપીર મંદિર સામે આવેલ ભારતી સોસાયટીમાં છેલ્લે લીંમડાના ડાળા વિજ પોલ સાથે ઓતપ્રોત થઈ ગયા છે આ લિંબડાના ડાળા દૂર કરવા સોસાયટીના રહીશ દ્વારા જીઇબી ના અધિકારીને ચાર દિવસ. પહેલાં રૂબરૂ મળી રજુઆત કરાઇ હોવા છતાં જીઇબી દ્વારા કોઈ જ સકારાત્મક કારગીરી કરાઇ નથી બીજી બાજુ શનિવારે ભારે વરસાદની હવામાન ખાતા દ્વારા આગાહી આપવામાં આવી છે. ક્યાંતો લીંમડો પડશે અને વિજવાયર તૂટવાના કારણે અકસ્માત થશે તો જવાબદાર કોણ રહે છે જેથી જીઇબી દ્વારા ભારતી સોસયટીના લીંમડાના ડાળાં જીઇબી પોલ સાથે ઓતપ્રોત થઈ ગયા છે તેને દૂર કરવા સોસાયટીના રહીશોએ ઉગ્ર માંગ કરી છે.



## કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા માતુશ્રી એસ.બી.વી. ચાવડા સરસ્વતી હાઈસ્કૂલ, પાલનપુર ખાતે વિદ્યાર્થીઓને કાનૂની હેલ્પલાઇન અંગે માર્ગદર્શન

પાલનપુર, તા. 30/07/2026: કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આપવામાં આવતી કાનૂની સહાય અને કાનૂની હેલ્પલાઈન અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે તે હેતુથી માતુશ્રી એસ.બી.વી. ચાવડા સરસ્વતી હાઈસ્કૂલ, પાલનપુર ખાતે કાનૂની જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં કાનૂની સેવા સત્તા મંડળ માંથી પધારેલ કશ્મીરાબેન રાણા દ્વારા શાળાના વિદ્યાર્થીઓને કાનૂની હક્કો, કાનૂની સહાય મેળવવાની પ્રક્રિયા તથા જરૂરિયાતમંદ વ્યક્તિઓ માટે ઉપલબ્ધ મફત કાનૂની સેવાઓ અંગે મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને કાનૂની માર્ગદર્શન અને સહાય મેળવવા માટેની ટોલ-ફ્રી કાનૂની હેલ્પલાઈન



નંબર - 15100 કાનૂની સેવા સત્તા મંડળ હેલ્પલાઈન - 13266 જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, બનાસકાંઠા (પાલનપુર) - 02742-261495 મહિલા હેલ્પલાઈન - 181 ચાઈલ્ડ હેલ્પલાઈન - 1098 અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વિદ્યાર્થીઓને કાયદા અંગે જાગૃત રહેવા તેમજ પોતાના અને સમાજના અન્ય નાગરિકોના કાનૂની અધિકારો વિશે જાણકારી મેળવવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

## રાજુલા તાલુકામાં જ્યોતિગ્રામ ફીડરોમાં MVCC કેબલ બદલવાની કામગીરીનો પ્રારંભ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા તાલુકામાં જ્યોતિગ્રામ વીજળી ધરાવતા ગામોમાં જૂના ખુલ્લા વીજવાયરોના સ્થાને આધુનિક MVCC કેબલ નાખવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. અકસ્માતોની શક્યતા ઘટાડવા અને વીજ પુરવઠાને વધુ સુરક્ષિત તથા વિશ્વસનીય બનાવવા માટે PGVCL દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી છે.આ કામગીરીનું ખાતમુહૂર્ત રાજુલાના ધારાસભ્ય ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ધારાસભ્ય એ જણાવ્યું હતું કે,આજરોજ મારા મતક્ષેત્ર રાજુલાના 66 કે.વી. આગરિયા સબસ્ટેશન ખાતે RDSS યોજના અંતર્ગત જ્યોતિગ્રામ ફીડરોમાં ખુલ્લા વીજતારના બદલે MVCC કેબલ નાખવાની મંજૂરી મળતા તેનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે."તેમણે વધુમાં જણાવ્યું કે આ કામગીરી પૂર્ણ થયા બાદ રાજુલા શહેર તેમજ તાલુકાના જ્યોતિગ્રામ યોજના હેઠળ આવતા તમામ ગામોમાં વીજ પુરવઠો વધુ સુરક્ષિત બનશે, અકસ્માતોના બનાવોમાં ઘટાડો થશે અને વીજ વ્યવસ્થાની ગુણવત્તામાં પણ સુધારો થશે.આ પ્રસંગે PGVCLના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ વિવિધ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા સિવિલ હોસ્પિટલમાં ડોક્ટરોની ઘટ, ધારાસભ્ય ની અચાનક મુલાકાત

કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાજુલા શહેર તેમજ ૭૨ ગામોને આરોગ્ય સેવા પૂરી પાડતી રાજુલા સિવિલ હોસ્પિટલમાં તબીબોની અછતનો મુદ્દો ગંભીર બન્યો છે. હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તેમજ અન્ય તબીબોની કુલ ચાર જગ્યાઓ ખાલી હોવાનું સામે આવ્યું છે. આ અંગે ધારાસભ્ય દ્વારા અગાઉ રાજ્ય સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી.

આજરોજ ધારાસભ્ય અચાનક રાજુલા સિવિલ હોસ્પિટલની મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે હોસ્પિટલની કામગીરીનું નિરીક્ષણ કર્યું અને અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. હોસ્પિટલમાં ખૂટતી સુવિધાઓ અને સ્ટાફની અછત સહિતની સમસ્યાઓ અંગે વિગતવાર રિપોર્ટ રજૂ કરવા અધિકારીઓને સૂચના આપી હતી. આ મુલાકાત દરમિયાન સ્થાનિક આગેવાનો અને વેપારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.ધારાસભ્યએ જણાવ્યું હતું કે તેઓ રાજુલા જનરલ હોસ્પિટલ ખાતે યોજાયેલી રોગી કલ્યાણ સમિતિની બેઠકમાં હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન દર્દીઓને વધુ સારી અને સુવિધાસભર આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા.

વીમા ક્ષેત્રમાં એન્ટ્રીની જાહેરાત...

₹૪,૫૦૦ કરોડમાં મેગ્મા જનરલ ઈન્શ્યોરન્સના સંપાદનને IRDAI ની મંજૂરી

# FMCG દિગ્ગજ પતંજલિ હવે વીમો પણ વેચશે

CMની અધ્યક્ષતામાં કેબિનેટમાં લેવાયો મોટો નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી | તા.30

પતંજલિ આયુર્વેદ અને ધર્મપાલ સત્યપાલ (DS) ગ્રુપને મેગ્મા જનરલ ઈન્શ્યોરન્સના સંપાદન માટે IRDAI તરફથી મંજૂરી મળી ગઈ છે. આ સંપાદન સાથે, પતંજલિએ નાણાકીય સેવાઓ ક્ષેત્રમાં મોટો પ્રવેશ કર્યો છે. પતંજલિ બહુમતી હિસ્સો હસ્તગત કરશે, જ્યારે DS ગ્રુપ સહ-રોકાણકાર તરીકે કાર્ય કરશે. મેગ્મા જનરલ ઈન્શ્યોરન્સે પ્રીમિયમમાં પ્રભાવશાળી વૃદ્ધિ દર્શાવી છે અને નફાકારક રહ્યું છે. પતંજલિ કંપનીની પ્રોડક્ટ ઓફરિંગ અને સમગ્ર ભારતમાં તેની પહોંચને વિસ્તૃત કરવાની યોજના ધરાવે છે.નિર્ણય લીધો છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે માહિતી આપી છે.

## પતંજલિ પ્રોડક્ટ પોર્ટફોલિયોનું વિસ્તરણ કરશે

વિવિધ શ્રેણીઓમાં 70 થી વધુ ઉત્પાદનોમાં ફેલાયેલા પોર્ટફોલિયો સાથે, કંપની સામાન્ય વીમા ક્ષેત્રમાં મુખ્ય જોખમો સામે વીમા કવરેજ પ્રદાન કરે છે. આગળ જતાં, પતંજલિ તેની વીમા કંપનીના ઉત્પાદન પોર્ટફોલિયોનો વિસ્તાર કરે તેવી શક્યતા છે અને સમગ્ર ભારતમાં, ખાસ કરીને ઓછી સેવા ધરાવતા અર્ધ-શહેરી અને ગ્રામીણ બજારોમાં તેની પહોંચ વધારશે. પતંજલિ પાસે એક મજબૂત વિતરણ નેટવર્ક છે જે ગ્રામીણ બજારો સુધી વિસ્તરે છે; તેના ઉત્પાદનો દેશભરમાં આશરે 200,000 કાઉન્ટર પર ઉપલબ્ધ છે, જેમાં રિલાયન્સ રિટેલ, હાઈપરસિટી અને સ્ટાર બજાર જેવી રાષ્ટ્રીય સ્તરની ચેઈન તેમજ 250 પતંજલિ મેગા સ્ટોર્સનો સમાવેશ થાય છે.

### છેલ્લા કેટલાક વર્ષોમાં મેગ્માનું પ્રદર્શન

વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળ (IRDAI) એ પતંજલિ આયુર્વેદ અને ધર્મપાલ સત્યપાલ ગ્રુપ દ્વારા આશરે 4,500 કરોડમાં મેગ્મા જનરલ ઈન્શ્યોરન્સના સંપાદનને મંજૂરી આપી છે. આ સોદા માટે જરૂરી અંતિમ નિયમનકારી મંજૂરી છે - જે મૂળ રૂપે માર્ચમાં જાહેર કરવામાં આવી હતી - જે બાબા રામદેવના પતંજલિ આયુર્વેદને નાણાકીય સેવાઓ ક્ષેત્રમાં પ્રવેશવાનો માર્ગ મોકળો કરે છે. હર્બલ અને અન્ય FMCG ઉત્પાદનોના ઉત્પાદન અને વેચાણ માટે જાણીતી કંપની પતંજલિ, નોન-લાઈફ ઈન્શ્યોરન્સ કંપનીમાં 73.6% હિસ્સો હસ્તગત કરશે. દરમિયાન, રજનીગંધા પાન મસાલાના નિર્માતા ડીએસ ગ્રુપ, અદાર પૂનાવાલાની સનોતી પ્રોપર્ટીઝ, સેલ્કા ડેવલપર્સ અને જગુઆર એડવાઈઝરી સર્વિસીસ જેવા હાલના શેરધારકો પાસેથી 24.5% હિસ્સો હસ્તગત કરશે. આ સોદા પહેલા, સનોતી મેગ્મામાં 72.4% હિસ્સો ધરાવતા હતા. 28 જુલાઈના રોજ આપવામાં આવેલી મંજૂરીની શરતો હેઠળ, પતંજલિ નોન-લાઈફ ઈન્શ્યોરન્સ કંપનીના પ્રમોટર બનશે અને કંપનીની સધ્ધરતા અને વૃદ્ધિને ટેકો આપવા માટે મૂડી રોકાણ કરવાનું ચાલુ રાખશે. ડીએસ ગ્રુપ સહ-રોકાણકાર તરીકે હસ્તગત કરનાર કન્સોર્ટિયમમાં જોડાશે. કેરએજ રેટિંગ્સે માર્ચમાં જણાવ્યું હતું કે મેગ્માનું ગ્રોસ ડાયરેક્ટ પ્રીમિયમ FY2021 અને FY2025 વચ્ચે 22 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર (CAGR) થી વધીને 3,334 કરોડ સુધી પહોંચ્યું છે, જ્યારે સામાન્ય વીમા ઉદ્યોગનો CAGR 10 ટકા રહ્યો છે.




સેલ્સફોર્સ અને વિવેકાનંદ હોસ્પિટલ વચ્ચે ભાગીદારી

## દર્દીઓની સંભાળ માટે સેલ્સફોર્સ અને વિવેકાનંદ હોસ્પિટલ પ્રાઈવેટ લિમિટેડનો મોટો સહયોગ



(એજન્સી) કોલકાતા । તા. 30

વિશ્વના ★1 Agentic AI CRM* સેલ્સફોર્સે પશ્ચિમ બંગાળની અગ્રણી આરોગ્ય સંભાળ સંસ્થાઓમાંથી એક, વિવેકાનંદ હોસ્પિટલ પ્રાઈવેટ લિમિટેડ (VHPL) સાથે એક સંકલિત અને AI-સંચાલિત પ્લેટફોર્મ દ્વારા દર્દીઓ સાથેના જોડાણને વધુ બહેતર બનાવવા માટે સહયોગની જાહેરાત કરી છે.જે રીતે દર્દીઓની અપેક્ષાઓ બદલાઈ રહી છે, તેને ધ્યાનમાં રાખીને આરોગ્ય સંભાળ સંસ્થાઓને એવી ટેકનોલોજીની જરૂર છે જે સારવારની સમગ્ર યાત્રા દરમિયાન પ્રથમ સમુદાય સંપર્ક કાર્યક્રમ કે પૂછપરછથી લઈને હોસ્પિટલ સાથેના સતત જોડાણ સુધીના દરેક સંપર્કને એકબીજા સાથે જોડી શકે. VHPL દર્દી અને ડૉક્ટરની માહિતી, ક્ષેત્રીય કામગીરી, જનસંપર્ક અને AI ને એક જ પ્લેટફોર્મ પર લાવીને આ જરૂરિયાત પૂરી કરી રહ્યું છે. આ એક એવું એકીકૃત ડિજિટલ માળખું ઊભું કરે છે જે સમયસર, વ્યક્તિગત અને ઉત્કૃષ્ટ દર્દી અનુભવ પૂરો પાડવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. એજન્ટફોર્સ 360 પ્લેટફોર્મ પર આધારિત અને VHPL ના હોસ્પિટલ માહિતી સંચાલન પ્રણાલી (HIMS) સાથે જોડાયેલ આ સોલ્યુશન સંસ્થાના અગાઉ વિભાજિત થયેલા ડેટા અને કામગીરીને એક તાંતણે બાંધે છે. આ અમલીકરણમાં પેશન્ટ 360, ડૉક્ટર 360, બીટ પ્લાનિંગ અને કેમ્પેઈન મેનેજમેન્ટનો સમાવેશ થાય છે, જે ટીમોને દર્દીઓ અને ડૉક્ટરોની સંપૂર્ણ તેમજ ત્વરિત માહિતી આપે છે. સાથોસાથ, તે ક્ષેત્રીય ટીમોને જનસંપર્કનું વધુ અસરકારક આયોજન કરવામાં મદદ કરે છે. ઓટોમેટેડ વર્કફ્લો દર્દીઓની પૂછપરછ નોંધવા, તેને યોગ્ય વિભાગ સુધી પહોંચાડવા, ટ્રેક કરવા અને આગળ વધારવામાં મદદ કરે છે, જ્યારે વાસ્તવિક સમયનું ડેશબોર્ડ દર્દીઓના જોડાણ અને ઝુંબેશની કામગીરી પર સ્પષ્ટ નજર રાખવાની સુવિધા આપે છે.

## બ્યૂટી ગેરેજ લિમિટેડે સેબી સમક્ષ ડીઆરએચપી ફાઈલ કર્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.30

ભારતમાં જ વિકસેલી પ્રીમિયમ અને સલૂન-ગ્રેડ હેરકેર કંપની બ્યૂટી ગેરેજ લિમિટેડે આઈપીઓ દ્વારા ભંડોળ એકત્ર કરવા માટે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) સમક્ષ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે. કંપની ભારતભરના લક્ઝરી અને પ્રીમિયમ કેટેગરીના સલૂન, બ્યૂટી પ્રોફેશનલ્સ તેમજ રિટેલ ગ્રાહકો માટે અદ્યતન હેર ટ્રીટમેન્ટ અને હેર મેઈન્ટેનન્સ સોલ્યુશન્સ પૂરા પાડે છે. પોતાના સલૂન નેટવર્ક દ્વારા કંપનીએ દેશના 272 શહેરોમાં હાજરી ઊભી કરી છે અને તેની ડિસ્ટ્રીબ્યુશન ચેનલ મારફતે 13,044થી વધુ સલૂન સુધી પહોંચ બનાવી છે.ડીઆરએચપી મુજબ, પ્રસ્તાવિત આઈપીઓમાં રૂ. 1,250 મિલિયન (રૂ. 125 કરોડ) સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ જીગર બાબુભાઈ રાવરિયા અને મહેશ બાબુભાઈ રાવરિયા દ્વારા કુલ 78,36,000 જેટલા ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફર નો સમાવેશ થાય છે.

# ગોલ્ડથી પર થઈને રોકાણનો વિચાર

નોન-પાર્ટિસિપેટિંગ જીવન વીમાયોજના નિશ્ચિતતા માટે નવા ગોલ્ડ માપદંડ તરીકે કેવી રીતે બહાર આવી છે?



(એજન્સી) મુંબઈ । તા. 30

પેઢીઓથી ભારતીય કુટુંબોમાં અનિશ્ચિત સમયમાં એક સ્વાભાવિક પ્રથા કે વલણ રહ્યું છે - જ્યારે નાણાકીય બજારોમાં શંકા લાગે, ત્યારે ગોલ્ડમાં રોકાણ કરવું જોકે, તાજેતરમાં બજારની અનિશ્ચિતતાએ કે સતત વધઘટે રોકાણકારોને સમયસર યાદ અપાવ્યું છે કે પરંપરાગત રીતે સલામત ગણાતી સંપત્તિઓમાં પણ ઊંચી વધઘટ થઈ શકે છે. પશ્ચિમ એશિયામાં સંઘર્ષ શરૂ થયો એ પછી અત્યાર સુધી આંતરરાષ્ટ્રીય બજારોમાં અસ્થિરતા છે, ક્રૂડ ઑઈલની કિંમતોમાં સતત વધઘટ થઈ રહી છે અને રોકાણકારોનો મૂડ ઝડપથી બદલાઈ રહ્યો છે. આ પ્રકારના સમયગાળામાં સામાન્ય રીતે સલામત રોકાણ તરીકે ગોલ્ડની માગ વધશે અને તેમાંથી લાભ થશે, પરંતુ હાલ તો ગોલ્ડ પણ દબાણમાં છે.27 ફેબ્રુઆરીએ એટલે કે સંઘર્ષ શરૂ થયો એના એક દિવસ અગાઉ ગોલ્ડનું ટ્રેડિંગ ટ્રોય ઔંસદીઠ 5,278 અમેરિકન ડોલર પર થતું હતું. પછી 27 જુલાઈ સુધી તેમાં મોટો ઘટાડો થયો છે અને એનો ભાવ લગભગ ટ્રોય ઔંસદીઠ 4,090 અમેરિકન ડોલર પર આવી ગયો છે (સ્રોત : Investing.com). ભારતીય રૂપિયાની દ્રષ્ટિથી જોઈએ તો, ગોલ્ડનું ટ્રેડિંગ 27 ફેબ્રુઆરીએ 10 ગ્રામદીઠ 158,585 પર બંધ થયું હતું, જે જુલાઈને અંતે 10 ગ્રામદીઠ 142,800-144,200 પર હતું (સ્રોત : MCX સ્પોટ માર્કેટ પ્રાઈસ, અમદાવાદ).

■ **નિશ્ચિતતા હવે નવી સલામતી છે** હાલ રોકાણકારો સંપત્તિમાં વૃદ્ધિ કરવાની સાથે જીવનમાં જરૂર સમયે એ સરળતાથી ઉપલબ્ધ થાય એ પણ જુએ છે. બાળકોના અભ્યાસની ફી બજારમાં સુધારો થાય એની રાહ જોઈ ન શકે. નિવૃત્તિની આવક ગોલ્ડ, ઈક્વિટી કે વ્યાજદરો જે તે વર્ષે સાનુકૂળ છે કે નહીં એની પર આધારિત નથી.



■ **નોન-પાર્ટિસિપેટિંગ જીવન વીમાયોજનાઓ શું છે?** નોન-પાર્ટિસિપેટિંગ એ જીવન વીમાયોજનાઓ છે, જેમાં ફાયદાની ખાતરી મળે છે અને ખરીદી સમયે જ એ નિર્ધારિત થાય છે. તેઓ વીમાકંપનીનના નફા કે બોનસમાં શામેલ નથી, ન તેમનો બજારની કામગીરી સાથે કોઈ સંબંધ છે. સરળ શબ્દોમાં કહીએ તો, ગ્રાહકને ખબર હોય છે કે, તેમને શું મળશે, ક્યારે મળશે અને એનાથી તેમને નાણાકીય લક્ષ્યાંકો પૂર્ણ કરવામાં કેવી રીતે મદદ મળશે. સામાન્ય રીતે, આ પ્રકારની યોજનાઓ ગ્રાહકની વય, પ્રીમિયમ, પૉલિસીનો ગાળો અને લાભના વિકલ્પોને આધારે વાર્ષિક 5થી 7 ટકા વળતર એટલે કે IRR આપે છે, તો કેટલીક યોજનાઓમાં એનાથી પણ વધારે વળતર મળી શકે છે. સૌથી મહત્વપૂર્ણ વાત છે - આ વળતરની સાથે જીવન વીમાકવચ અને ગેરેન્ટેડ પેમેન્ટનો લાભ પણ મળે છે, જેથી આ લક્ષ્ય પર આધારિત આયોજન માટે શ્રેષ્ઠ વિકલ્પ બની જાય છે.

# ડીએફપીસીએલ – પહેલા ત્રિમાસિક ગાળાનો નફો બમણો થયો, ઈન્ટિગ્રેટેડ વેલ્યુ ચેઈનના આધારે પાયો વધુ મજબૂત બન્યો

(એજન્સી) પુણે : ભારતના ઈન્ડસ્ટ્રીયલ અને માઈનિંગ કેમિકલ્સ તથા ફર્ટિલાઈઝર્સના અગ્રણી ઉત્પાદકોમાંની એક દીપક ફર્ટિલાઈઝર્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન લિમિટેડે (ડીએફપીસીએલ) 30 જૂન, 2026ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળાના નાણાંકીય પરિણામોની જાહેરાત કરી છે.

### નાણાંકીય વર્ષ 2027ના પ્રથમ ત્રિમાસિક ગાળાની મુખ્ય વિશેષતાઓ

અમેરિકા-ઈરાન સંઘર્ષને કારણે બજારમાં અસ્થિરતા અને સપ્લાય ચેઈનમાં અવરોધો છતાં કંપનીની કન્સોલિડેટેડ આવક વાર્ષિક ધોરણે 22 ટકા વધીને રૂ. 3,256 કરોડ પર પહોંચી હતી અને ત્રિમાસિક ધોરણે તેમાં 8 ટકા વૃદ્ધિ નોંધાઈ હતી. એમોનિયા, માઈનિંગ કેમિકલ્સ અને ઈન્ડસ્ટ્રીયલ કેમિકલ્સમાં વધુ સારા ભાવ મળતાં આવકમાં વધારો થયો હતો. TAN અને IPAના જથ્થામાં કામચલાઉ ધોરણે વિક્ષેપ છતાં ઉદ્યોગમાં અનુકૂળ ભાવને કારણે કુલ આવકમાં મજબૂત વૃદ્ધિ નોંધાઈ હતી. ઓપરેટિંગ એબિટા રૂ. 845 કરોડના સર્વોચ્ચ સ્તરે પહોંચી હતી, જે વાર્ષિક ધોરણે 65 ટકા અને ત્રિમાસિક ધોરણે 139 ટકા વધુ હતી. ઈક્વિનોર પાસેથી એલએનજી સપ્લાયની શરૂઆત તેમજ TAN, નાઈટ્રિક એસિડ અને IPAમાં વધુ સારા ભાવ મળતાં તમામ મુખ્ય વ્યવસાયોના માર્જિનમાં વધારો થયો હતો. એબિટા માર્જિન વધીને 26.0 ટકા થયું હતું.ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 101 ટકા અને ત્રિમાસિક ધોરણે 252 ટકા વધીને રૂ. 490 કરોડ થયો હતો. આ વૃદ્ધિ ઓપરેટિંગ કાર્યક્ષમતામાં સુધારો અને ઈન્ટિગ્રેટેડ વેલ્યુ ચેઈનના તમામ તબક્કામાં વધેલી નફાકારકતાને દર્શાવે છે. કંપનીએ ગ્રાહકકેન્દ્રિત અને સોલ્યુશન આધારિત પોર્ટફોલિયો તરફનું પરિવર્તન વધુ આગળ વધાર્યું છે. ક્રોપ ન્યુટ્રિશન વિભાગની આવકમાં સ્પેશિયાલિટી અને ક્રોપટેક પ્રોડક્ટ્સનો ફાળો 43 ટકા રહ્યો હતો, જ્યારે માઈનિંગ કેમિકલ્સના વેચાણમાં બીટુસી આવકનો ફાળો 17 ટકા રહ્યો હતો.

### કંપનીના દેખાવ અંગે ડીએફપીસીએલના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર એસ.સી. મહેતાએ જણાવ્યું હતું કે,

નાણાંકીય વર્ષ 2027નો પ્રથમ ત્રિમાસિક ગાળો અમારી કંપની માટે મહત્વપૂર્ણ સીમાચિહ્ન સમાન રહ્યો છે. આ ગાળામાં કંપનીએ અત્યાર સુધીનો સૌથી વધુ એબિટા અને ચોખ્ખો નફો નોંધાવ્યો છે. અમેરિકા-ઈરાન સંઘર્ષને કારણે નોંધપાત્ર અસ્થિરતા અને સપ્લાય ચેઈનમાં વિક્ષેપ છતાં આ ત્રિમાસિક ગાળામાં નફો બમણો થવો અમારી વ્યૂહરચના અને બિઝનેસ મોડલના ત્રણ મજબૂત પાયાની સફળતાને વધુ મજબૂત બનાવે છે. પ્રથમ, એલએનજી, એમોનિયા અને ડાઉનસ્ટ્રીમ પ્રોડક્ટ્સને આવરી લેતી અમારી ઈન્ટિગ્રેટેડ વેલ્યુ ચેઈનની મજબૂતાઈ. આ સંકલન માત્ર સપ્લાય અને ખર્ચ સંબંધિત જોખમ ઘટાડતું નથી, પરંતુ સમગ્ર વેલ્યુ ચેઈનમાંથી વધુ મૂલ્ય સર્જવાની અમારી ક્ષમતામાં વધારો કરે છે અને બજારમાં વધઘટ વચ્ચે પણ નફાકારકતા જાળવી રાખવામાં મદદરૂપ બને છે. બીજું, અમારા તમામ વ્યવસાય ભારતની વિકાસયાત્રા સાથે ઉત્તમ રીતે જોડાયેલા છે. માઈનિંગ કેમિકલ્સ, ક્રોપ ન્યુટ્રિશન કે ઈન્ડસ્ટ્રીયલ કેમિકલ્સ, દરેક વ્યવસાયને ખાણકામ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉત્પાદન ક્ષેત્ર અને કૃષિ સાથે જોડાયેલી લાંબા ગાળાની માંગનો લાભ મળી રહ્યો છે. તેના કારણે કાચા માલના વધેલા ખર્ચ અને ભાવવધારા છતાં અમે મજબૂત માંગ જાળવી રાખી શક્યા છીએ.

## રોકાણકારોની સંખ્યામાં આઠ વર્ષથી ઓછા સમયમાં પાંચ ગણો વધારો

મુંબઈ : નાણાં વર્ષ ૨૦૧૯માં ૨.૭૦ કરોડની સરખામણીએ દેશમાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટરોની સંખ્યા હાલમાં પાંચ ગણી જેટલી વધી ૧૩.૨૦ કરોડ પર પહોંચી ગઈ છે. શેરબજાર કમાણીનો એક સરળ માર્ગ બની રહેતા રિટેલ રોકાણકારોના આકર્ષણમાં જોરદાર વધારો થયો છે જેને પરિણામે ઈન્વેસ્ટરોની એકંદર સંખ્યામાં વધારો થયો છે. કોવિડ બાદના ગાળામાં રોકાણકારોનો ઉમેરો જે ટોચ પર જોવા મળ્યો હતો તે ગતિ હાલમાં ધીમી પડી ગઈ છે, એમ એનએસઈના જુલાઈના માર્કેટ પલ્સ રિપોર્ટમાં જણાવાયું છે.હાલમાં રજિસ્ટર્ડ થયેલા દરેક પાંચ ઈન્વેસ્ટર્સમાંથી ચાર ઈન્વેસ્ટર્સ નાણાં વર્ષ ૨૦૧૯ બાદ બજારમાં પ્રવેશ્યા છે. દેશમાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટરોની સંખ્યા એક કરોડ પર પહોંચવા માટે ૧૪ વર્ષનો સમય લાગી ગયો હતો.

## ઓગસ્ટમાં ફુગાવાનો આંચકો : ટીવી, રેફ્રિજરેટર, ચા અને કપડાં બધું મોંઘુ થશે

મુંબઈ : ઓગસ્ટમાં તહેવારોની મોસમ શરૂ થતાં, ફુગાવો વધવાની શક્યતા છે. ઓગસ્ટમાં ચાથી લઈને કાર સુધીની દરેક વસ્તુના ભાવ વધવાના છે. ૨૦૨૬માં આ સતત ત્રીજી વખત છે જ્યારે ગ્રાહક સાથે સંકળાયેલી કંપનીઓ ભાવ વધારવાની તૈયારી કરી રહી છે. આ વખતે, ભાવમાં 6 થી 8 ટકાનો વધારો થવાની ધારણા છે. ઓગસ્ટમાં ચા, હેર ઓઈલ, કાર, રેફ્રિજરેટર, ટીવી, કપડાં, કાર, સ્ટીલના વાસણો, કુકર વગેરેના ભાવ વધી શકે છે. તહેવારોની મોસમ પહેલા ફરી એક ભાવ વધારો ગ્રાહકો માટે મોટો આંચકો હોવાની શક્યતા છે. રક્ષાબંધન, દશેરા અને દિવાળીની સિઝન પહેલા, કંપનીઓએ તેમના ઉત્પાદનોના ભાવમાં વધારો કરવાનો નિર્ણય લીધો. જૂન 2026માં રિટેલ ફુગાવો વધીને 4.38% થયો હતો.

ઈન્ડો-એમઆઈએમ આઈપીઓ અને માર્કેટ ડેબ્યુ

## ઈન્ડો-એમઆઈએમ IPO દ્વારા રોકાણકારોને મળ્યો ૪૫% થી વધુનો ત્વરિત નફો

(એજન્સી) બેંગલુરુ । તા. 30

સ્પેશિયલાઈઝ્ડ એન્જિનિયરિંગ કમ્પોનન્ટ્સ બનાવતી કંપની, ઈન્ડો-એમઆઈએમ, એ શેરબજારમાં સનસનાટીભર્યા પ્રવેશ કર્યો છે. 485 ની કિંમતનો આ શેર 703 પર લિસ્ટ થયો - લગભગ 45% નો ઉછાળો - પ્રથમ દિવસે જ રોકાણકારોની મૂડીમાં લગભગ 1.5 ગણો વધારો થયો. આ બમ્પર લિસ્ટિંગ પછી, કંપનીનું કુલ બજાર મૂલ્યાંકન 35,000 કરોડને વટાવી ગયું છે. સ્પેશિયલાઈઝ્ડ એન્જિનિયરિંગ કમ્પોનન્ટ્સ બનાવતી કંપની, ઈન્ડો-એમઆઈએમ, આજે શેરબજારમાં પ્રવેશી અને તાત્કાલિક તેજી કરી. કંપનીના આઈપીઓમાં ભાગ લેનારા રોકાણકારોએ લિસ્ટિંગ સમયે જ લગભગ 45% નો સુંદર નફો મેળવ્યો. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) પર શેર સીધો 703 પર ખુલ્યો, જે તેની 485 ની ઈશ્યૂ કિંમતથી વધુ હતો. આઈપીઓએ રોકાણકારોના પૈસા પહેલા દિવસે શરૂઆતની રકમ કરતાં લગભગ 1.5 ગણા વટાવી દીધા. બેંગલુરુમાં મુખ્ય મથક ધરાવતી કંપની પાસે IPO દ્વારા એકત્ર કરાયેલા ભંડોળ માટે સ્પષ્ટ યોજના છે. આ જાહેર ઈશ્યૂમાં 500 કરોડના નવા શેર જારી કરવામાં આવ્યા હતા.




### બજાર ખુલતાની સાથે જ રોકાણકારોને મોટો ફાયદો થયો

ઈન્ડો-એમઆઈએમ શેરોએ બજારમાં પ્રવેશતાની સાથે જ રોકાણકારોને નોંધપાત્ર ફાયદો કરાવ્યો. બીએસઈ પર, શેર તેના ઈશ્યૂ ભાવથી 44.94% ઉપર વધીને 703 પર ટ્રેડિંગ શરૂ કર્યું. ત્યારબાદ શેરનો વેગ વધુ વધ્યો; તે ઝડપથી 55% વધીને 757.75 ના સ્તરે પહોંચ્યો. બપોરે 3 વાગ્યા સુધીમાં, શેર 742 પર ટ્રેડિંગ કરી રહ્યા હતા. જે છૂટક રોકાણકારોને શેર ફાળવવામાં આવ્યા હતા, તેમની રોકાણ કરેલી મૂડી એક જ દિવસમાં લગભગ 1.5 ગણી વધી હતી.

### સબ્સ્ક્રિપ્શન તબક્કા દરમિયાન સફળતાના સંકેતો સ્પષ્ટ હતા

બજારના નિષ્ણાતોએ કંપની માટે આટલી મજબૂત શરૂઆતની અપેક્ષા રાખી હતી. નોંધનીય છે કે, સોમવારે - IPO સબ્સ્ક્રિપ્શનના અંતિમ દિવસે - ઈશ્યૂ 72 ગણાથી વધુ (ખાસ કરીને, 72.34 ગણો) સબસ્ક્રાઈબ થયો હતો. બિડ્સના જથ્થાએ સ્પષ્ટ કર્યું કે રોકાણકારો આ શેર ખરીદવા માટે ઉત્સુક હતા. કંપનીએ તેનો શેર પ્રાઈસ બેન્ડ 461 અને 485 વચ્ચે નક્કી કર્યો હતો. રોકાણકારોના આ જબરદસ્ત પ્રતિસાદ અને શાનદાર લિસ્ટિંગને પગલે, ઈન્ડો-એમઆઈએમનું કુલ બજાર મૂડી હવે 35,132.87 કરોડને વટાવી ગયું છે.

# આર્દી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનો IPO 5 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે

બિડ/ઓફર ખુલવાની તારીખ - બુધવાર, 5 ઓગસ્ટ, 2026 અને બિડ/ઓફર બંધ થવાની તારીખ - શુક્રવાર, 7 ઓગસ્ટ, 2026

(એજન્સી) અમદાવાદ । તા. 30

આર્દી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (the "Company") તેનો રૂ. 2 ની ફેસ વેલ્યૂ ધરાવતા ઈક્વિટી શેરોનો આઈપીઓ ("Offer") બુધવાર, 5 ઓગસ્ટ, 2026ના રોજ ખોલવાની યોજના ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર માટે બિડીંગ તારીખ, બિડીંગ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ અગાઉ એટલે કે મંગળવાર, 4 ઓગસ્ટ, 2026 રહેશે. જ્યારે બિડીંગ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, 7 ઓગસ્ટ, 2026 રહેશે.આ ઓફર માટે રૂ. 2 ની ફેસ વેલ્યૂ ધરાવતા દરેક ઈક્વિટી શેરનો પ્રાઈસ બેન્ડ રૂ. 50થી રૂ. 53 નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા 281 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 281 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ્સ લગાવી શકશે.આ ઓફરમાં રૂ. 320 કરોડ સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ (the "Fresh Issue") તેમજ અમુક પ્રમોટર વેચાણકર્તા શેરધારકો દ્વારા કુલ 1,99,75,000 સુધીના ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફરનો સમાવેશ



થાય છે. તેમાં સંદીપ અગ્રવાલ દ્વારા રૂ. 2 ની ફેસ વેલ્યૂ ધરાવતા 99,87,500 સુધીના ઈક્વિટી શેર અને નિકુંજ અગ્રવાલ (together the "Promoter Selling Shareholders") દ્વારા રૂ. 2 ની ફેસ વેલ્યૂ ધરાવતા 99,87,500 સુધીના ઈક્વિટી શેરનું વેચાણ કરવામાં આવશે.આ ઓફર સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રૂલ્સ, 1957, સુધારેલા ("SCRR") નિયમ 19(2)(બી), સેબી આઈસીડીઆર નિયમનના નિયમ 31 તથા સેબી આઈસીડીઆર નિયમનના નિયમ 6(1) અનુસાર બુક બિલ્ડિંગ પ્રક્રિયા દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. આ પ્રક્રિયા મુજબ ઓફરનો મહત્તમ 50 ટકા હિસ્સો ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ("QIBs" and such portion, the "QIB Portion") ને પ્રમાણસર ધોરણે કરવામાં આવશે, એ શરતે કે અમારી કંપની, બુક રનિંગ લીડ મેનેજર સાથેની ચર્ચા બાદ, સેબી આઈસીડીઆર નિયમો અનુસાર ક્યુઆઈબી હિસ્સામાંથી મહત્તમ 60 ટકા હિસ્સો પોતાની વિવેકબુદ્ધિથી એન્કર રોકાણકારોને ફાળવી શકે છે ("Anchor Investor Portion").

## Vi ફાઉન્ડેશન અને એરિકસ્સને રોબોટ્ત્સવ શરૂ કર્યો વર્ગખંડની બહાર રોબોટિક્સ શિક્ષણને વ્યવહારિક સ્વરૂપ આપ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.30

વોડાફોન આઈડિયાની CSR શાખા Vi ફાઉન્ડેશન એ એરિક્સસન સાથે ભાગીદારીમાં રોબોટ્ત્સ્વ - ટેકનોલૉજીનો તહેવારની જાહેરાત કરી છે. આ સ્કૂલો વચ્ચે રોબોટિક્સનું એક એવું પ્લેટફૉર્મ છે, જેને યુવાન વિદ્યાર્થીઓમાં ઈનોવેશન, રચનાત્મકતા અને STEM પ્રત્યે ઝૂનન પેદા કરવા માટે બનાવ્યું છે. રોબોટિક્સ લેબ પ્રોગ્રામ અંતર્ગત રોબોટ્ત્સ્વની વેબસાઈટ (https://robotsav.org/) ને આજે અમારા નૉલેજ પાર્ટનર મોઈની ફાઉન્ડેશનના સહયોગથી લૉંચ કરી છે. આ પહેલનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને રોબોટિક્સ, 3D પ્રિન્ટિંગ, પ્રોગ્રામિંગ, વર્ચ્યુઅલ રિયાલિટી (VR) અને જનરેટિવ AIનો વ્યવહારિક અનુભવ આપવાનો છે. ઑનલાઈન અને ઑફલાઈન શીખવાના અનુભવો, સ્પર્ધાઓ અને મળીને થતી પ્રવૃત્તિઓ માટે રોબોટ્ત્સ્વ વિદ્યાર્થીઓને રસપ્રદ રીતોથી રોબોટિક્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની દુનિયાનો પરિચય કરાવે છે. રોબોટ્ત્સવ વેબસાઈટ પર સમગ્ર ભારતના વિદ્યાર્થીઓ ક્વિઝ અને નિબંધલેખન જેવી સ્પર્ધાઓમાં ભાગ લઈ શકે છે, બ્લૉગ વાંચી શકે છે અને રોબોટિક્સ, AI અને અન્ય નવી ટેક્નોલૉજીઓ વિશે પોતાની સમજણ વધારવા ખાસ રીતે પસંદ કરેલા લર્નિંગ સંસાધનો જોઈ શકે છે. એક ઓપન ડિજિટલ પ્લેટફૉર્મ તરીકે બનાવેલી આ વેબસાઈટ વિદ્યાર્થીઓને પોતાની ઝડપથી શીખવા, જોડવાની અને પોતાની કુશળતાઓ વધારવાની તક આપે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, અષાઢ વદ - 02

# શું યુપીએ સરકાર પર થયેલા ભ્રષ્ટાચારના આક્ષેપો પોલા હતા?

સુપ્રીમ કોર્ટે 2012ના કોલસા બ્લોક ફાળવણી કેસમાં પૂર્વ PM મનમોહન સિંહને ક્લિનચીટ આપી છે. આ કેસમાં વિશેષ કોર્ટનો સમન્સ રદ કર્યો છે. મધ્યપ્રદેશમાં ખેડૂતો MSP પર મગની 100% ખરીદીની માંગ સાથે ભોપાલ તરફ કૂચ કરી રહ્યા છે, જેથી સરકાર ચિંતિત છે. RSS નેતા મોહન ભાગવતના નિવેદનથી સ્વયંસેવકો દ્વિધામાં છે.૨૦૧૨માં યુપીએ સરકારમાં ભ્રષ્ટાચાર વધ્યો હોવાનો આક્ષેપ કરીને અન્ના હજારે અને અરવિંદ કેજરીવાલે મોટું આંદોલન કર્યું હતું. એમની માંગણી જન લોકપાલ બીલની હતી, પરંતુ મુખ્ય ટાર્ગેટ તત્કાલીન કેન્દ્ર સરકાર હતી. એ વખતે વિરોધપક્ષોએ પણ આંદોલનનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો હતો. હવે એક પછી એક એવા ચુકાદા આવી રહ્યા છે કે, યુપીએ સરકાર સામે ભાજપે કરેલા ભ્રષ્ટાચારના આક્ષેપો ખોટા પુરવાર થઈ રહ્યા છે. તત્કાલીન વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ સામે કોલસા બ્લોક વહેંચણી મામલે ભ્રષ્ટાચારનો કેસ થયો હતો, એ કેસ સુપ્રિમ કોર્ટે બંધ કરીને મનમોહન સિંહને ક્લિનચીટ આપી છે. નવાઈની વાત એ છે કે મનમોહન સિંહનું મૃત્યુ બે વર્ષ પહેલા થઈ ગયું હતું અને હવે સુપ્રિમ કોર્ટે હુકમ કર્યો છે કે, મનમોહન સિંહ અને બીજા આરોપીઓને સમન્સ પાઠવવાનો સ્પેશ્યલ કોર્ટનો હુકમ રદ કરવામાં આવે છે. આપણા દેશની ન્યાય પ્રણાલી એટલી હદે ધીમી ગતિએ ચાલે છે કે, આવા અગત્યના કેસોના ચુકાદા પણ જ્યારે સમયસર નહીં આવતા હોય ત્યારે બીજા કેસોનું તો શું કહેવું.કોકરોચ જનતા પાર્ટીએ ફરીથી દેશવ્યાપી આંદોલન કરવાની ચેતવણી આપી છે. પક્ષનો આક્ષેપ છે કે કેન્દ્ર સરકાર પેપર લીક વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ સામે થયેલી એફઆઈઆર પરત લેવાના વચનથી પીછેહઠ કરી રહી છે. સીજેપીનું કહેવું છે કે સરકાર પોતાની મનમાની કરવા સુપ્રિમ કોર્ટે કરેલી ટીપ્પણીઓની મદદ લે છે. સીજેપીના સ્થાપક અભિજીત દિપકેએ કહ્યું હતું કે, જો વિદ્યાર્થીઓને પરેશાન કરવાનું બંધ નહીં થાય અને એમની સામે થયેલી ફરિયાદો પાછી નહીં ખેંચાય તો એમનો પક્ષ ટૂંક સમયમાં ફરીથી રસ્તા પર ઉતરશે. ૨૦ જુલાઈએ વિદ્યાર્થીઓએ પોલીસની લાઠીઓ ખાઈ છે. જો સરકાર વિદ્યાર્થીઓને હેરાન કરવાનું ચાલુ રાખશે તો એને ભારે પડશે. દિપકેનું એમ પણ કહેવું છે કે એફઆઈઆર પાછી ખેંચવા માટે સુપ્રિમ કોર્ટે કહ્યું નથી.'આરએસએસના સર સંઘચાલક મોહન ભાગવતે ફરી વખત એક એવું નિવેદન કર્યું છે કે, સંઘના ટેકેદારો તેમજ ભાજપના નેતાઓ દ્વિધામાં પડી ગયા છે. કોકરોચ જનતા પાર્ટીએ દિલ્હીમાં જે આંદોલન કર્યું એનાથી ભાજપના નેતાઓ અને સંઘના સ્વયંસેવકો સ્વાભાવિક છે કે નારાજ થયા હતા. જોકે ૭૫ વર્ષના મોહન ભાગવત કઈક અલગ માનતા હોય એમ લાગે છે. એમ લાગે છે કે, મોહન ભાગવત આંદોલનકારીઓને મનોમન ટેકો આપતા હતા. હૈદરાબાદમાં વિશ્વ માંગલ્ય સભા દ્વારા આયોજીત એક કાર્યક્રમમાં ભાગવતે કહ્યું હતું કે, આજના યુવાનો વિવિધ ટ્રેન્ડ્સથી ભારે પ્રભાવિત થાય છે અને લાગણીશીલ પણ થઈ જાય છે. તેઓ કોઈ વખત શાંત મનથી વિચારતા નથી. ભાગવતે કહ્યું હતું કે, 'જેન ઝી સારી છે, પરિસ્થિતિ પ્રમાણે સમાધાન કરી લે છે. સ્વભાવથી લાગણીશીલ છે. જો એમની સામે કોઈ વસ્તુ પ્રમાણીકતાપૂર્વક રજુ કરવામાં આવે તો તેઓ આકર્ષિત થઈ જાય છે.'મધ્યપ્રદેશમાં ખેડૂતોનું આંદોલન ધીરે ધીરે જોર પકડી રહ્યું છે. મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં લગભગ ત્રણ હજાર ખેડૂતોએ રસ્તા પર ધરણાંઓ જમાવ્યા છે. તેઓ મુખ્યમંત્રીના નિવાસસ્થાને કૂચ કરવાની તૈયારીમાં છે. 'મીનીમમ સપોર્ટ પ્રાઈઝ ઈન એગ્રીકલ્ચર' (એમએસપી) પર મગની ૧૦૦ ટકા ખરીદ કરવાની માંગણી ખેડૂતો કરી રહ્યા છે. સંયુક્ત કિસાન મોરચાના બેનર હેઠળ ૧૯ ખેડૂત સંગઠનો સરકાર સામે દેખાવો કરી રહ્યા છે. જે રીતે કેન્દ્રમાં ખેડૂત આંદોલન વખતે ખેડૂતો બોરીયા બીસ્તર સાથે રસ્તા પર બેસી ગયા હતા, એ જ રીતે મધ્યપ્રદેશના ખેડૂતો ખાવાનું બનાવવા વાસણો, રેશન, કપડા અને ગાદલા તકિયા સાથે ભોપાલ પહોંચી ગયા છે. જે રીતે રાજ્યભરમાંથી ખેડૂતો ભોપાલ તરફ આવી રહ્યા છે એ જોઈને મધ્યપ્રદેશ સરકારની ઊંઘ ઉડી ગઈ છે.દિલ્હીમાં વિદ્યાર્થીઓએ કરેલા પ્રદર્શન બાબતે વિવાદાસ્પદ નિવેદન આપનાર આરએસએસના નેતા ટીજી મોહનદાસ વિરુદ્ધ કેરળની પોલીસે કેસ દાખલ કર્યો છે. મોહનદાસે કરેલા નિવેદન પછી એમની સામે ઘણી ફરિયાદો થઈ હતી. ટીજી મોહનદાસે યુટયુબ ચેનલ પર એક વીડિયો મૂક્યો હતો, જેમાં એમણે કહ્યું હતું કે, 'દેખાવ કરનારાઓમાં એવી મહિલાઓ પણ હતી કે જેમને બળાત્કાર પસંદ છે.

## છોટાઉદેપુર SOG એ સંખેડા તાલુકાના હરેશ્વર વસાહતમાંથી લાઇસન્સ વગરની પિસ્તોલ સાથે એક યુવકની ધરપકડ કરી



રિપોર્ટર.કમલેશ પટેલ. સંખેડા

છોટાઉદેપુર SOG એ સંખેડા તાલુકાના હરેશ્વર વસાહતમાંથી લાઇસન્સ વગરની પિસ્તોલ સાથે એક યુવકની ધરપકડ કરી છે. આ કાર્યવાહી ગેરકાયદેસર હથિયારો વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલી ઝુંબેશના ભાગરૂપે કરવામાં આવી હતી.ATS અને કોસ્ટલ સિક્યુરિટી ગુજરાત તેમજ વડોદરાના IGP સંદીપસિંહ અને SP ઈમ્તીયાઝ શેખની સૂચનાથી જિલ્લામાં ગેરકાયદેસર હથિયાર ધરાવતા લોકો પર સતત નજર રાખવામાં આવી રહી હતી.SOG PSI એમ.એચ. જાદવને મળેલી ખાનગી બાતમીના આધારે સંખેડા પોલીસ સ્ટેશન વિસ્તારના હરેશ્વર વસાહત ખાતે રેઈડ કરવામાં આવી હતી.રેઈડ દરમિયાન ગુજરીયાભાઈ સાંગાભાઈ રાઠવા (ઉંમર 25, રહે. હરેશ્વર વસાહત, તા. સંખેડા) ના કબજામાંથી લાઇસન્સ-પરવાના વગરની એક પિસ્તોલ મળી આવી હતી. આ પિસ્તોલની અંદાજિત કિંમત રૂ. 25,000 આંકવામાં આવી છે. પકડાયેલા આરોપી વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ સંખેડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.આ કામગીરીમાં SOG PSI એમ.એચ. જાદવ, ASI મિનેષભાઈ, ભાવસીંગભાઈ, મુકેશકુમાર, છત્રસિંહ, HC મહેશભાઈ, વિક્રમભાઈ, દશરથભાઈ, મિતેષકુમાર, અર્જુનભાઈ અને પ્રવિણભાઈ સહિતનો સ્ટાફ જોડાયો હતો.પોલીસે જણાવ્યું છે કે જિલ્લામાં ગેરકાયદેસર હથિયારો સામે આગામી દિવસોમાં પણ સઘન કાર્યવાહી ચાલુ રહેશે.

## કેશોદ કન્યા વિનય મંદિર શાળામાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી, 650 વિદ્યાર્થીનીઓએ ગુરુપૂજન કરી વ્યક્ત કર્યો આદરભાવ



નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ, તા. 29- કેશોદના અગતરાય રોડ સ્થિત કન્યા વિનય મંદિર શાળામાં ગુરુપૂર્ણિમા નિમિત્તે ભવ્ય 'ગુરુ વંદન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય વર્ષાબેન ભાખરના માર્ગદર્શન અને આયોજન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં આશરે 650 વિદ્યાર્થીનીઓ એ પોતાના ગુરુજનોનું પૂજન કરી ભારતીય સંસ્કૃતિ અને ગુરુ-શિષ્ય પરંપરાને વંદન કર્યું હતું.કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદ કેશોદના ડૉ.સ્નેહલ તન્ના તેમની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગુરુપૂર્ણિમાના પાવન પર્વનું મહત્વ તેમજ જીવનમાં ગુરુના સ્થાન વિશે વિદ્યાર્થીનીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. ભારત વિકાસ પરિષદના દિનેશભાઈ કાનાબારે ગુરુપૂર્ણિમા નું ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્વ સમજાવતાં ગુરુના માર્ગદર્શનથી જીવનમાં સફળતા અને સંસ્કારોનું નિર્માણ થાય છે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. જલ્પેશભાઈ ડોબરિયાએ ભારત વિકાસ પરિષદની સેવાકીય અને રાષ્ટ્રનિર્માણની વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય આપી વિદ્યાર્થીઓને સમાજસેવામાં જોડાવા માટે પ્રેરિત કર્યા હતા. જ્યારે દિનેશભાઈ સિદ્ધપરાએ પર્યાવરણ જાળવણીનું મહત્વ સમજાવી તમામ વિદ્યાર્થીનીઓને વૃક્ષારોપણ, સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ માટે શપથ લેવડાવ્યો હતો.કાર્યક્રમ દરમિયાન ગુરુજનોનું સન્માન, ગુરુપૂજન તેમજ સંસ્કારલક્ષી માર્ગદર્શનથી સમગ્ર વાતાવરણ ભક્તિમય અને પ્રેરણાદાયી બન્યું હતું. શાળા પરિવાર દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## શ્રી કેશવ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી કેશોદ શાખાની સભાસદો અને શાખા વિકાસ સમિતિની બેઠક યોજાઈ



નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ, તા. 29- શ્રી કેશવ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ, જૂનાગઢની કેશોદ શાખા દ્વારા સભાસદો તથા શાખા વિકાસ સમિતિની ત્રિમાસિક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કેશોદ બ્રાન્ચ સંયોજક શ્રી શંભુભાઈ પાંચાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં બેંકના વિકાસ, ગ્રાહક સેવા અને વિવિધ લોન યોજનાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.બેઠકમાં શાખા વિકાસ સમિતિના ગૌરાંગભાઈ વ્યાસ, કાંતિભાઈ બુટાણી, દિનેશભાઈ કાનાબાર, સિદ્ધરાજસિંહ રાયજાદા, રાવલભાઈ પંડ્યા ભાઈ સહિતના સભ્યો તેમજ મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.બ્રાન્ચ મેનેજરશ્રી રાજેશ ઢેબરિયાએ જણાવ્યું હતું કે શ્રી કેશવ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી રાષ્ટ્રવાદી વિચારધારા સાથે કાર્યરત સંસ્થા છે, જે સામાન્ય અને નાના વેપારીઓને સરળ પ્રક્રિયા અને વાજબી વ્યાજદરે બિઝનેસ લોન, ડિપોઝિટ યોજના, નાના ઉદ્યોગ માટેની લોન, હોમ લોન, વાહન લોન, કન્ઝ્યુમર લોન સહિતની વિવિધ નાણાકીય સેવાઓ પૂરી પાડે છે. તેમણે જણાવ્યું હતું કે નાના લોનધારકો વ્યાજખોરોના ચુંગાલમાં ન ફસાય અને પોતાના વ્યવસાયનો વિકાસ કરી શકે તે શુભ હેતુથી બેંક સતત કાર્યરત છે. આ બેઠકમાં મેંદરડા શાખાના સર્કલ મેનેજર ચેતનભાઈ બાલધા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સભાસદો અને શાખા વિકાસ સમિતિના સભ્યોને બેંકના વિકાસમાં સક્રિય સહભાગી બનવા અપીલ કરતાં જણાવ્યું હતું કે દરેક સભ્યના સહયોગથી વધુ ગ્રાહકોને બેંકિંગ સેવાઓનો લાભ મળશે તેમજ લોનધારકો અને સભાસદોને વધુ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાશે.

## જુનાગઢમાં વરસાદી વાતાવરણ વચ્ચે ફરજ બજાવતા TRB જવાનોને રેનકોટ વિતરણના સરાહનીય કાર્યક્રમનું આયોજન.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૩૦. જુનાગઢ શહેરમાં હાલ ચોમાસાની ઋતુ અને વરસાદી વાતાવરણ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ રહે તે માટે TRB (ટ્રાફિક બ્રિગેડ) ના જવાનો અવિરતપણે શહેરના મુખ્ય ચોક અને રસ્તાઓ પર પોતાની ફરજ નિભાવી રહ્યા છે. આવા કઠિન વાતાવરણમાં સેવા આપતા જવાનોની ચિંતા કરીને જુનાગઢના જાગૃત નાગરિક શ્રી વિજયભાઈ ચાવડા દ્વારા એક પ્રેરણાદાયી અને સરાહનીય આયોજન દોમડીયા વાડી, જુનાગઢ ખાતે તા.30 -07 -2026 નાં રોજ સાંજે 04:30 વાગે કરવામાં આવેલ.

## શ્યામ મહિલા મંડળ દ્વારા એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષો ના રોપાઓ નું વિતરણ

નરેન્દ્ર દવે જૂનાગઢ



જૂનાગઢ તા.૩૦. શ્યામ મહિલા મંડળ, જૂનાગઢની માસિક મિટિંગ આ મહિને ઈગલ ગણપતિ મંદિર, રાજકોટ રોડ, જૂનાગઢ ખાતે પ્રમુખશ્રી મીનાબેન ધીરુભાઈ ગોહેલના અધ્યક્ષસ્થાને મળેલી જેમાં પર્યાવરણની જાળવણી માટે 'અમારૂ ગુજરાત, હરિયાળુ ગુજરાત' ના હેતુ માટે ડુંગરપુર વન ખાતાની નર્સરીમાથી 350 વિવિધ પ્રકારની વનસ્પતિના રોપાઓ મેળવી મહિલા મંડળની બહેનો તેમજ જુનાગઢ શહેરમાથી આવતા દર્શનાર્થીઓને વિતરણ કરવામાં આવેલ, આ કાર્યક્રમમાં ભાજપ મહિલા મોરચાના પ્રદેશ મહામંત્રી અને સોમનાથ જિલ્લાના પ્રભારીશ્રી ભાવનાબેન જીતુભાઈ હિરપરા એ ખાસ હાજરી આપી હતી, જેમનું શ્રીમતિ મીનાબેન પ્રકાશભાઈ ચૌહાણ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ, તેમજ ઈગલ એસ્ટેટના શ્રી પ્રકાશભાઈ ચૌહાણ તથા આર. એફ.ઓ. શ્રી વિનોદભાઈ ભેડા એ હાજરી આપી હતીશ્રી ભાવનાબેન હિરપરા તેમજ મંડળની સર્વે બહેનોએ ગણપતિ દાદાના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવેલ.

## નોબલ યુનિવર્સિટી, જૂનાગઢના એસોસિયેટ ડિરેક્ટર ઓફ રિસર્ચ ડૉ.સાવન ટાંકને પ્રતિષ્ઠિત ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ રાષ્ટ્રીય શિક્ષણવિદ પુરસ્કારથી ઉત્તમ સંશોધકનો ખિતાબ એનાયત કરવામાં આવ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૩૦. નોબલ યુનિવર્સિટીને ગર્વ છે કે ડૉ.સાવન ટાંક, એસોસિયેટ ડિરેક્ટર ઓફ રિસર્ચ, ને ભારત સરકારના કોર્પોરેટ બાબતોના મંત્રાલય હેઠળ નોંધાયેલ સેક્શન 8 નોન-પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન, WELRED ફાઉન્ડેશન દ્વારા ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ રાષ્ટ્રીય શિક્ષણશાસ્ત્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ પુરસ્કાર સંશોધન, શૈક્ષણિક શ્રેષ્ઠતા અને ઉચ્ચ શિક્ષણ પ્રત્યેના તેમના સમર્પણમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાનને માન્યતા આપે છે.આ પુરસ્કાર ડૉ.ટાંકના એક ઉત્તમ સંશોધક (Excellent Researcher) તરીકેના અસાધારણ પ્રદર્શનને માન્યતા આપવા માટે આપવામાં આવ્યો છે, જે વૈજ્ઞાનિક સંશોધન, નવીનતા, શૈક્ષણિક નેતૃત્વ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટેના તેમના સતત પ્રયાસોને સ્વીકારે છે. આ પુરસ્કાર તેમના ખંત, સમર્પણ અને નોંધપાત્ર યોગદાનની પ્રશંસા કરે છે જેણે વિદ્યાર્થીઓ, સંશોધકો અને સાથી શિક્ષણશાસ્ત્રીઓને પ્રેરણા આપી છે.

## આપા ગીગાની પવિત્ર ભૂમિ સતાધારમાં રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયાએ શીશ નમાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૯. ગુરુપૂર્ણિમાના પાવન અવસરે જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના પવિત્ર યાત્રાધામ આપા ગીગાની જગ્યા સતાધાર ખાતે ગુજરાત રાજ્યના કાયદો અને ન્યાયતંત્ર, ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ તેમજ વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રીશ્રી કૌશિક વેકરિયાએ પવિત્રધામના દર્શન કરી શીશ નમાવી મહંત શ્રી વિજયબાપુના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી. ગુરુપૂર્ણિમાના પાવન પર્વે સતાધારમાં ભજન, ભક્તિ અને આધ્યાત્મિકતાના માહોલ વચ્ચે રાજ્ય મંત્રીશ્રીએ આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકો સાથે તેમણે ભક્તિમય વાતાવરણમાં સહભાગી બની ગુરુશક્તિ પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

## "તમારું રસોડું જ બની શકે છે તમારું ફિટનેસ સેન્ટર:: જીમની કસરત વગર 'સ્માર્ટ ડાયેટ' અને 'બ્રેઈન ફૂડ'થી ઘટાડો મેદસ્વિતા"

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૩૦ આજના સમયમાં મેદસ્વિતા (Obesity) એ માત્ર એક શારીરિક સમસ્યા નથી, પરંતુ તે 'સાયલન્ટ કિલર' તરીકે ઉભરી રહી છે. રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્ય સર્વેક્ષણ (NFHS-5) ના આંકડા અનુસાર, શહેરી વિસ્તારોમાં દર ચોથો વ્યક્તિ વધતા વજનની સમસ્યાથી પીડાય છે. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ચલાવવામાં આવતા 'ફિટ ઈન્ડિયા મુવમેન્ટ', 'ઈટ રાઈટ ઈન્ડિયા' અને 'મેદસ્વિતામુક્ત ગુજરાત સ્વસ્થ ગુજરાત અભિયાન' નો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોને કઠિન કસરતો, મોંઘીદાટ દવાઓ વગર, માત્ર પોતાના રસોડાના સાચા ઉપયોગથી નિરોગી બનાવવાનો છે. ૧. ''૮૦:૨૦ નો ગોલ્ડન રૂલ: મહેનત ઓછી, પરિણામ વધુ'' : આરોગ્ય નિષ્ણાતોના મતે વજન નિયંત્રણમાં ૮૦% ફાળો દૈનિક આહારનો અને માત્ર ૨૦% ફાળો શારીરિક શ્રમનો હોય છે. એટલે કે, જો આહારનું ગણિત સમજી લેવામાં આવે, તો જીમમાં કલાકો સુધી પરસેવો પાડયા વગર પણ મેદસ્વિતા પર વિજય મેળવી શકાય છે. ૨. ''૧-મિનિટ હોમમેઈડ હેલ્ધી ડ્રિંક્સ (Fat Burner Drinks) :: સવારે ખાલી પેટે લેવામાં આવતા આ સરળ પીણાં શરીરનું મેટાબોલિઝમ (ચયાપચય દર) બુસ્ટ કરે છે. જીરા-મેથી-તજ ઉકાળો જેમાં રાત્રે ૧ ચમચી જીરું અને અડધી ચમચી મેથી પલાળીને સવારે તેમાં ચપટી તજ પાવડર ઉમેરી નવશેકું પીવાથી બેલી ફેટ/ પેટની ચરબી ઓગળે છે. સરગવાના પાનનું પાણી (Moringa Water) જે આજકાલ ખૂબ પ્રચલિત બન્યું છે. સરગવો એ સુપરફૂડ છે. સરગવાના પાનનો પાવડર ઉકાળીને પીવાથી શરીરમાંથી ઝેરી તત્વો (Toxins) દૂર થાય છે અને ઈન્સ્યુલિન લેવલ જળવાઈ રહે છે. હળદર-લીંબુનું પાણી એ એક આયુર્વેદિક દવા પણ છે. નવશેકા પાણીમાં હળદર અને અડધું લીંબુ નીચોવીને પીવાથી પેટની પાચનક્રિયા ઝડપી બને છે. ૩. Smart Meal Dish - સંતુલિત ભોજન :: શ્રી અન્ન (મિલેટસ) કે જેમાં બાજરો, જુવાર, રાગી, રાજગરો આવે છે.

## નખત્રાણા પોલીસ સ્ટેશનમાં સ્વચ્છતા મહાઅભિયાન યોજાયું

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)



નખત્રાણા પોલીસ સ્ટેશનનેખરા અર્થમાં સ્માર્ટ અને સ્વચ્છ પોલીસ સ્ટેશન બનાવવા માટે ગુરુવારે પોલીસ વિભાગ દ્વારા વિશેષ સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું. નખત્રાણા પીઆઈ એ. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ રાજેશ બેગડિયા સહિત સમગ્ર પોલીસ સ્ટાફ, જીઆરડી, ટીઆરબીના જવાનો અને પોલીસ મિત્રોએ ઉત્સાહપૂર્વક શ્રમયજ્ઞમાં ભાગ લીધો હતો.

અભિયાન દરમિયાન પોલીસ સ્ટેશનના સમગ્ર પરિસર, ગ્રાઉન્ડ, ડીવાયએસપી કચેરીના કમ્પાઉન્ડ તેમજ આસપાસના વિસ્તારોમાં સફાઈ કરવામાં આવી હતી. અધિકારીઓ અને કર્મચારીઓએ જાતે જ શ્રમદાન કરી સરકારી કચેરીને સ્વચ્છ રાખવાનો પ્રેરણાદાયી સંદેશ સમાજ સુધી પહોંચાડ્યો હતો.સ્વચ્છતા સાથે જીવદયાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં પક્ષીઓને પીવાના પાણી માટે પાણીના કુંડા મૂકવામાં આવ્યા હતા, જે પર્યાવરણ પ્રત્યેની સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ બન્યું હતું.આ શ્રમયજ્ઞથી નખત્રાણા પોલીસ સ્ટેશન વધુ સ્વચ્છ, સુવ્યવસ્થિત અને આકર્ષક બન્યું છે. અન્ય સરકારી કચેરીઓ પણ પોતાના કર્મચારીઓના સહયોગથી આવા સ્વચ્છતા અભિયાન યોજી સ્વચ્છતા જાળવે તો સમગ્ર સમાજમાં સકારાત્મક સંદેશ પ્રસરે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## સંત શિરોમણી ગુરુ શ્રી રવિદાસજીની 650મી જયંતી નિમિત્તે સમરસતા સંકલ્પ અભિયાન અંતર્ગત નખત્રાણા તાલુકા ભાજપ દ્વારા ધાર્મિક કાર્યક્રમ યોજાયો

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)



સંત શિરોમણી ગુરુ શ્રી રવિદાસજીની 650મી જન્મજયંતી નિમિત્તે સમગ્ર રાજ્યમાં ઉજવાઈ રહેલા સમરસતા સંકલ્પ અભિયાન અંતર્ગત ગુરુપૂર્ણિમાના પાવન અવસરે નખત્રાણા તાલુકા ભાજપ દ્વારા સિધેશ્વર મહાદેવ મંદિર ખાતે ભવ્ય દીપોત્સવ પર્વ અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ભગવાન મહાદેવની શ્રદ્ધાભેર આરતી ઉતારી સૌના સુખ, સમૃદ્ધિ અને રાષ્ટ્રકલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ પ્રસંગે સંત શિરોમણી ગુરુ શ્રી રવિદાસજીના સમરસતા, સમાનતા, માનવતા અને સેવાભાવના આદર્શોને યાદ કરી સમાજમાં એકતા, ભાઈચારો અને સામાજિક સમરસતાનો સંદેશ પ્રસરાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં નખત્રાણા તાલુકા ભાજપના હોદ્દેદારો, વિવિધ મોરચાના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત કાર્યકર્તાઓએ સંત રવિદાસજીના જીવનમૂલ્યોને સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવા અને સમરસ સમાજના નિર્માણ માટે સતત કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

દીપોત્સવ દરમિયાન સમગ્ર મંદિર પરિસર દીપોના અજવાળાથી ઝળહળી ઊઠ્યું હતું, જ્યારે મહાઆરતી દરમિયાન ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. કાર્યક્રમ અંતે ઉપસ્થિત સૌએ સમાજમાં પ્રેમ, સમાનતા અને સૌહાર્દની ભાવના વધુ મજબૂત બને તે માટે સાથે મળીને કાર્ય કરવાનો સંકલ્પ લીધો હતો.

## મહાનગર પાલિકા,જૂનાગઢ દ્વારા અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર દોલતપરા દ્વારા GIDC - 2 વિસ્તારમાં ચાંદીપુરા અને વાહકજન્ય રોગો સામે સઘન આરોગ્ય ઝુંબેશ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૩૦. અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર (UPHC) દોલતપરા દ્વારા આજે વોર્ડ નંબર 01 માં આવેલ GIDC - 2 વિસ્તારમાં નાગરિકો તેમજ શ્રમિકોના સ્વાસ્થ્ય રક્ષણ અર્થે ખાસ કરીને ચાંદીપુરા રોગ અને વાહકજન્ય રોગોના નિયંત્રણ માટે સઘન આરોગ્ય ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ અંતર્ગત GIDC - 2 વિસ્તારમાં આવેલા કારખાનાઓમાં કામ કરતા અને ત્યાં જ નિવાસ કરતા શ્રમિકો તેમજ સ્થાનિક રહીશો માટે આરોગ્ય તપાસ, રોગજાગૃતિ અને રોગ અટકાયતી વિવિધ કામગીરીઓ એકસાથે હાથ ધરવામાં આવી હતી, આ ઝુંબેશ દરમિયાન આરોગ્ય ટીમ દ્વારા મેડિકલ કેમ્પનું આયોજન કરી મેડિકલ ઑફિસર તથા એ. એન.એમ. દ્વારા શારીરિક તપાસ હાથ ધરીને ૪૨ જેટલા લાભાર્થીઓને જરૂરિયાત મુજબ વિનામૂલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું, તેમજ નિદાન પ્રક્રિયાના ભાગરૂપે ૦૯ જેટલી બ્લડ સ્લાઈડ લેવામાં આવી હતી. આ ઉપરાંત, પાણી જન્ય અને વાહકજન્ય રોગોને અટકાવવા માટે ૦૫ વોટર સેમ્પલ કલેક્શન કરી સ્થાનિકોને ક્લોરિન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.રોગચાળો ફેલાતો અટકાવવાના ભાગરૂપે મચ્છર તેમજ રેતીમાખીના ઉપદ્રવ પર કાબૂ મેળવવા માટે ૫૨ જેટલા કારખાનાઓમાં એન્ટિ-લાર્વલ કામગીરી કરવામાં આવી હતી અને સમગ્ર વિસ્તારમાં સઘન ફોગિંગ હાથ ધરાયું હતું. આ સાથે જ, આરોગ્ય ટીમ દ્વારા સ્થાનિકોને ચાંદીપુરા વાયરસના લક્ષણો, તેનાથી બચવાના ઉપાયો અને રેતીમાખી (Sandfly) તેમજ મચ્છરોથી સાવચેત રહેવા અંગે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડીને જાગૃતિ ફેલાવવામાં આવી હતી.

## જૂનાગઢ પ્રભારી મંત્રી અને શિક્ષણ મંત્રીશ્રી ડો.પ્રદ્યુમન વાજાનો ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી ખાતે અભિવાદન સમારોહ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૩૦, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી ખાતે જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રી ડો.પ્રદ્યુમન વાજાના અભિવાદન અને સત્કાર સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીની યુનિ. કેમ્પસમાં યુનિ. નાં કુલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે શાલ, મોમેન્ટો પુષ્પગુચ્છ અને સુતરની આંટી અને ખાદીનાં રૂમાલ અર્પણ કરી સત્કાર્યા હતા.કાર્યક્રમ ને મંત્રીશ્રી અને મંચસ્થ મહાનુભાવોએ દિપ પ્રાકટ્ય થી પ્રારંભ કરાવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત યુનિ.નાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સાથે મંત્રીશ્રીએ સીધો સંવાદ સાધી જણાવ્યુ હતુ કે ગિરનારનાં નૈસર્ગિક અને આહલાદક વાતાવરણમાં ભક્તકવિ નરસિંહ મહેતાના નામથી કાર્યરત યુનિ.માં છાત્રો એશીયાની શાન એવા સિંહ અને ગિરનારી વન્યસૃષ્ટીનાં સાંનિધ્યે અભ્યાસ કરી રહ્યા છે, તે યુનિ. કેમ્પસની સાઈડ વિઝીટ દરમ્યાન જોવા મળ્યુ, ગિરનારી નૈસર્ગિક અને પ્રાકૃતિક વનસંપદાની સાંનિધ્યે યુનિ. તાબાનાં ચારેય જિલ્લાનાં વિદ્યાર્થીઓ ને વિવિધ વિદ્યાભવનો અને યુનિ. સંલગ્ન વિદ્યાલયોમાં અભ્યાસ કરવાની જે તક મળી છે તે પ્રધાનમંત્રીશ્રી નું વિકાસ ફલકનું વિઝન દર્શાવે છે. યુનિ.માં ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ પીએચ.ડી. કરી રહ્યા છે. સાથે સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર વાઈલ્ડ લાઈફ દ્વારા વિવિધ અભ્યાસની જે ઉજળી તકો યુવાનોને મળી રહી છે તે બાબતે મંત્રીશ્રીએ ખુશી વ્યક્ત કરી જણાવ્યુ હતુ કે વિસાવદર પરગણાનાં સરસઈ સંતશ્રી રવિદાસની તપોભુમિને વૈશ્વિક ઓળખ પ્રસ્થાપિત થાય અને તેના નામે યુનિ.માં એક ચેર કાર્યાન્વીત બને તે દિશામાં ઈચ્છનિય છે. મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે યુનિ. દ્વારા પ્રાકૃતિક કૃષિની નવી પદ્ધતિઓ, કેન્સર દવા સંશોધન માટે પેટન્ટ રજીસ્ટર કરાવવામાં આવી છે. ૨૦૧૫ માં સ્થપાયેલી આ યુનિવર્સીટીને માત્ર ૭ વર્ષ બાદ જ યુજીસી દ્વારા માન્યતા મળી છે. જે સમગ્ર રાજ્યમાં સૌપ્રથમ શૈક્ષણિક સંસ્થા બની છે. દેશનાં યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન વિકસિત ભારત ૨૦૪૭ ને સાકાર કરવા માટે પાયાની ભૂમિકા શિક્ષણની છે. રાષ્ટ્રનું નિર્માણ વર્ગખંડમાંથી જ થાય છે. કર્તવ્ય સ્મરણ એ જ ઈશ્વર સ્મરણ છે. મંત્રીશ્રીએ યુવા છાત્રોને સંબોધતા જણાવ્યું હતું કે, આજે દેશમાં માત્ર સફળ લોકોની જ જરૂર નથી. સફળતાની સાથે માનવતા રાખવી પણ એટલી જ જરૂરી છે. IQ એટલે ઈન્ટેલિજન્સ ક્વોશન્ટ, અને EQ એટલે ઈમોશનલ ક્વોશન્ટ. એટલે કે સફળ વ્યક્તિત્વની સાથે બુદ્ધિશાળી મગજ અને દયાળુ હૃદય પણ આજના યુવાનો રાખે એ બદલાતા સમયની તાતી જરૂરિયાત છે. તિમિરમાં સુરજ પ્રગટાવે એ યુવાન, સામે કાંઠે નૈયા લઈને જાય એ જ યુવાન- અંતમાં મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને આ શુભેચ્છા સંદેશ અર્પણ કર્યો હતો. કાર્યક્રમનાં પ્રારંભે યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે મંત્રીશ્રી અને શિક્ષણવિદો, સેનેટ સભ્યોને શબ્દસુમનથી આવકારી યુનિ.નાં વિદ્યાભ્યાસનાં આયમોથી અવગત કર્યા હતા. અને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં નુતનભવનમાં શિક્ષણકાર્ય શરૂ થવા અને શિક્ષણક્ષેત્રે મેળવેલ સિધ્ધીઓની વાત કરી વધુ માળખાગત સવલતો, સ્ટાફની નિયુક્તિ અંગે મંત્રીશ્રીને અવગત કર્યા હતા.

## હવામાન વિભાગની આગાહીને ધ્યાને લઈ જોખમી હોર્ડીંગ્સ બોર્ડ દૂર કરાવતી મહાનગરપાલિકા જુનાગઢ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૩૦. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહીને ધ્યાને લઈ સરકારશ્રીની સૂચના તથા જનસુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા મહાનગર પાલિકા જૂનાગઢ દ્વારા મહાનગરપાલિકા હદ વિસ્તારમાં જોખમી તેમજ વધુ ઊંચાઈ પર આવેલા હોર્ડીંગ્સ બોર્ડ સામે સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે આ કામગીરી અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૮ જોખમી હોર્ડીંગ્સ બોર્ડ સ્ટ્રક્ચર સહિત ઉતારી લેવામાં આવ્યા છે. ઉપરાંત ૮ હોર્ડીંગ્સ બોર્ડની ફ્લેક્સ/ પ્રિન્ટ દૂર કરવામાં આવી છે, જેથી ભારે પવન કે વરસાદ દરમિયાન કોઈપણ પ્રકારની જાનહાનિ કે માલમિલકતને નુકસાન થવાની સંભાવના ન રહે તેમજ મહાનગરપાલિકાની ટીમ દ્વારા જોખમી તેમજ વધુ ઊંચાઈ પર આવેલા અન્ય હોર્ડીંગ્સ બોર્ડને દૂર કરવાની કામગીરી હાલ ચાલુ છે.

## ડભોઇ-બોડેલી રોડ પર પાટણા ગામ નજીક વારંવાર થતા અકસ્માતોને રોકવા માટે બોડેલી માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડ સેફ્ટીના પગલાં લેવામાં આવ્યા છે

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

ડભોઈ-બોડેલી રોડ પર પાટણા ગામ નજીક વારંવાર થતા અકસ્માતોને રોકવા માટે બોડેલી માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડ સેફ્ટીના પગલાં લેવામાં આવ્યા છે.આ વિસ્તારમાં અકસ્માતોની વધતી ફરિયાદોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે.

રોડ સેફ્ટી અંતર્ગત થર્મોપ્લાસ્ટ માર્કિંગ, જે રાત્રિના સમયે પણ સ્પષ્ટ દેખાય તેવી રોડ લાઈનો, સ્પીડ લિમિટ બોર્ડ અને ચેતવણી દર્શક બોર્ડ ગોઠવવામાં આવ્યા છે.

આ બોર્ડ વાહનચાલકોને ઝડપ ધીમી રાખવા અને આગળ જોખમી વળાંક અથવા અકસ્માત ઝોન વિશે જાણકારી પૂરી પાડશે. રાત્રિ દરમિયાન દિશા દર્શન માટે પણ આ બોર્ડ મદદરૂપ થશે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પગલાંથી માર્ગ અકસ્માતોમાં ઘટાડો થશે અને વાહનચાલકોને વધુ સુરક્ષિત મુસાફરીનો અનુભવ મળશે.

### સખી મંડળના નામે બીલો બનાવામા આવ્યા અને કટકી કરી ગયા !

# જામકંડોરણા ICDS ની તાલીમમા નિયમો ની એસીકીતેસી !

જામકંડોરણા | તાલુકા ICDS ઘટક દ્વારા આંગણવાડી કાર્યકર બહેનો માટે યોજાતી તાલીમોમાં ગંભીર અનિયમિતતાઓનો પર્દાફાશ RTI થી થયો છે. જાગૃત અને સિનિયર પત્રકાર દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માંગેલ માહિતીમાં અનેક વિસંગતાઓ સામે આવી છે.

સૂત્રો પાસેથી મળેલ માહિતી મુજબ તાલુકાની આંગણવાડી કાર્યકર બહેનોની તાલીમ દરમિયાન જમવા-નાસ્તાની વ્યવસ્થા માટે પ્રાઈવેટ કેટરર્સને કામ સોંપવામાં આવ્યું હતું. પરંતુ તેના બીલો સખીમંડળના નામે તૈયાર કરી મંજૂર કરાવવામાં આવ્યા હોવાનો ગંભીર આક્ષેપ છે.

કેટરિંગનું કામ બહાર આપ્યું હોવા છતાં ચૂકવણી સખીમંડળના નામે કરીને સરકારી ગ્રાન્ટમાં ગોટાળો કરી ને કટકી કરેલ હોવાનુ સામે આવ્યું છે.



થોડા મહિના પહેલા યોજાયેલ 'આધારશિલા તાલીમ' ના રેકોર્ડમાં બેચ પૂર્ણ બતાવવા માટે ધોરાજી તાલુકાના ૧૦ આંગણવાડી કાર્યકરોના નામ સામેલ કરાયા છે. જ્યારે હકીકતમાં ધોરાજીના એક પણ કાર્યકર જામકંડોરણા ખાતે તાલીમ માટે હાજર ન હતા તેવો દાવો સ્થાનિકો કરી રહ્યા છે. આ તાલીમ જામકંડોરણા BRC ભવન ખાતે યોજાઈ હતી. જો BRC ભવનમાં લાગેલા CCTV કેમેરાના ફૂટેજ ની હાજરી સાથે ચકાસણી કરવામાં આવે તો હકીકત સામે આવી શકે તેમ છે. નોંધનીય છે કે આ તાલીમ જામકંડોરણા ICDS ઘટકમાં ફિક્સ પગાર ધરાવતા મુખ્યસેવિકાને બાળ વિકાસ યોજના અધિકારીનો વધારાનો ચાર્જ હતો તે સમયે યોજવામાં આવી હતી.સૌથી મોટો સવાલ એ છે કે સિનિયર પત્રકારને માહિતી પૂરી કરતી વખતે પણ ઈન્ચાર્જ બાળ વિકાસ યોજના અધિકારીની જગ્યાએ કોઈ કર્મચારી દ્વારા સહી-સિક્કા મારીને માહિતી આપવામાં આવી. જે માહિતી અધિકાર અધિનિયમ ના નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન છે.જાગૃત નાગરિકો અને કાર્યકરો દ્વારા માંગ કરવામાં આવી છે કે આ સમયગાળાની તમામ તાલીમોના રેકોર્ડ, હાજરી પત્રક અને સ્થળની સ્વતંત્ર તપાસ કરવામાં આવે. જેથી વહીવટમાં પારદર્શિતા જળવાય અને સરકારી ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થાય. આ સમગ્ર મામલે જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા પ્રોગ્રામ ઓફિસર દ્વારા તાત્કાલિક તપાસ કરી દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી આશા સેવાઈ રહી છે.

# કલરાવાંઢ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ 'સિડ બોલ' અભિયાનથી 50 હજાર વૃક્ષોનું લક્ષ્ય નક્કી કર્યું

### વિદ્યાર્થીઓની અનોખી પર્યાવરણલક્ષી પહેલ; દેશી વૃક્ષોના બીજથી હરિયાળા કચ્છનો સંકલ્પ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

પર્યાવરણ સંરક્ષણ અને વનીકરણને પ્રોત્સાહન આપવા માટે શ્રી કલરાવાંઢ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ અનોખું 'સિડ બોલ' અભિયાન શરૂ કર્યું છે. વૈશ્વિક તાપમાનમાં થઈ રહેલા વધારા અને પર્યાવરણ સામે ઊભા થયેલા પડકારોને ધ્યાનમાં રાખી શાળાના ધોરણ 5થી 8ના વિદ્યાર્થીઓએ માટી, સજીવ ખાતર અને વિવિધ દેશી વૃક્ષોના બીજ વડે સિડ બોલ તૈયાર કરી વનીકરણનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો.આ અભિયાન અંતર્ગત કુલ 50 હજાર વૃક્ષોનું સર્જન કરવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. તૈયાર કરાયેલા સિડ બોલને શાળાની આસપાસના ખુલ્લા વિસ્તારો, સીમાડા, ઉજ્જડ જમીનો અને અન્ય યોગ્ય સ્થળોએ વિખેરવામાં આવ્યા હતા, જેથી વરસાદી ઋતુમાં બીજ કુદરતી રીતે અંકુરિત થઈ વધુમાં વધુ વૃક્ષો ઉગી શકે.આ પર્યાવરણલક્ષી



અભિયાનમાં શાળાના આચાર્ય ગોવિંદભાઈ પ્રજાપતિ તેમજ મદદનીશ શિક્ષકો રાજેશભાઈ બારૈયા અને રીતુબેન ચૌધરીએ સક્રિય માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. શિક્ષકોએ વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, આજની નાની પહેલ આવતીકાલના હરિયાળા અને સ્વચ્છ પર્યાવરણનો મજબૂત પાયો બની શકે છે.વિદ્યાર્થીઓની આ સર્જનાત્મક પહેલને ગ્રામજનો અને વાલીઓએ પણ બિરદાવી હતી. શાળાનો આ પ્રયાસ માત્ર વૃક્ષારોપણ પૂરતો મર્યાદિત નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં પ્રકૃતિપ્રેમ, પર્યાવરણ પ્રત્યેની જવાબદારી અને સામાજિક જાગૃતિ વિકસાવવાનો ઉત્તમ પ્રયાસ છે. 50 હજાર વૃક્ષોના લક્ષ્ય સાથે શરૂ થયેલું આ અભિયાન હરિયાળા કચ્છના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# લિપો ક્લબ ઓફ ભુજ જીએનએમ હોસ્પિટલના નવા હોદ્દેદારો વરાયા



મહેશ એલ. સોની નખત્રાણા

સેવા એ જ સાધના અને સેવા એ જ પ્રાર્થના ના સિદ્ધાંતને આગળ વધારતા લાયન્સ ક્લબ ઓફ ભુજ જીએનએમ હોસ્પિટલના નેજા હેઠળ કાર્યરત 'લિપો ક્લબ ઓફ ભુજ જીએનએમ હોસ્પિટલ' ના નવા કારોબારી મંડળની વરણી કરવામાં આવી.લિપો ક્લબ ઓફ ભુજ જીએનએમ હોસ્પિટલના નવા હોદ્દેદારો વરાયા યુવાનોને સેવા પ્રવૃત્તિઓ સાથે જોડવાના શુભ આશયથી શરૂ થયેલ આ ક્લબ દ્વારા સમાજમાં આરોગ્ય, શિક્ષણ અને માનવતા લક્ષી કામો કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે.

ક્લબના નવનિયુક્ત હોદ્દેદારો તરીકે પ્રમુખ પદે પાર્થ શાહ, ઉપ્રમુખ પદે ઉર્વશી સોની, મંત્રી પદે વૈભવ સોની, સહમંત્રી પદે વિનીતા પટેલ, ખજાનચી પદે જાનકી ઠક્કર અને સહખજાનચી પદે માધવ મહેતાની વરણી કરવામાં આવી.

આ ઉપરાંત ટેમર તરીકે યેશા ચૌહાણ, ટેઈલ ટ્વિસ્ટર તરીકે પ્રતીક ગોર તથા અન્ય કારોબારી સભ્યોની પણ નિમણૂક કરવામાં આવી હતી.નવા હોદ્દેદારોએ જણાવ્યું કે આવનારા દિવસોમાં રક્તદાન શિબિર, નિ:શુલ્ક આરોગ્ય તપાસ, જરૂરિયાતમંદોને સહાય જેવી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

# નેત્રા ખાતે કાનૂની જાગૃતિ શિબિર યોજાઈ: જેમાં હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ સાથે વિશ્વ માનવ તસ્કરી વિરોધ દિવસ ઉજવવામાં આવ્યો

મહેશ એલ. સોની નખત્રાણા

તાલુકા કાનૂની સેવા સમિતિ, નખત્રાણા દ્વારા તા. ૩૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ સારસ્વતમ હાઈસ્કૂલ, નેત્રા ખાતે કાનૂની જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ૩૦ જુલાઈ એટલે કે વિશ્વ માનવ તસ્કરી વિરોધ દિવસના નેત્રા હાઈસ્કૂલના વિધાર્થીઓને માનવ તસ્કરી વિશે કાયદાકી સમજ આપવામાં આવી. ઉપરાંત હાલના યુગમાં જ્યારે મોબાઈલ અને બેંકિંગ સેવાઓનો દરેક લોકો ઉપયોગ કરતા હોઈ તેમાં થતા ફ્રોડ તથા ચિટિંગ વિશે માહિતી આપવામાં આવી.

નખત્રાણા કોર્ટના વકીલશ્રી અબ્દુલ લાંઘાય એ ઉપસ્થિત રહી ખૂબ જ સરળ અને દૃષ્ટાંતરૂપ ભાષામાં કાયદાની જોગવાઈઓ સમજાવી હતી. ખાસ કરીને હાલમાં વિદેશમાં કમાવવાની લાલચ આપીને લોકોને ત્યાં લઈ જઈ તેમની તસ્કરી કે ત્યાં વિઝા પાસપોર્ટ જપ્ત કરી તેમની સાથે થતા દુર્વ્યવહાર વિશે માહિતી આપવામા આવી હતી. વિદેશ કમાવવા જવું એ તક છે પણ ખોટી લાલચમાં ન



આવવું તેમજ તેની સંપૂર્ણ માહિતી મેળવી પછી નિર્ણય લેવું. માનવ તસ્કરી એ આંતરરાષ્ટ્રીય સમસ્યા છે અને તેનો ભોગ ન બનીએ એ માટે સાવચેત રહેવા જણાવ્યું હતું. આ ઉપરાંત સ્ત્રીઓના વિશેષ અધિકારો, તેમની સુરક્ષા માટેના કાયદાઓમાં કઈ રીતે મદદ લઈ શકાય તે વિશે માહિતી આપવામાં આવી હતી. હાલના સમયમાં જ્યારે અવાર નવાર આવી ઘટનાઓ સામે આવે છે ત્યારે ૧૮૧ મહિલા હેલ્પલાઈન વિશે વિગતવાર જણાવવામાં આવ્યું હતું. જેથી જરૂરિયાતના સમયે તાત્કાલિક મદદ મેળવી શકાય. વિધાર્થીઓને હક અને તેમની જવાબદારી વિશે પણ માહિતી આપવામાં આવી હતી. પોલીસ અને કાયદાની કાર્યવાહી વિશે વિશેષ માહિતી આપવામાં આવી હતી.

પેરા લીગલ વોલન્ટિયર તરીકે રવાપરના વિશાલ રવજીભાઈ બારમેડા એ બેંકિંગ ક્ષેત્રે થતી છેતરપિંડી અંતર્ગત માહિતી આપતા બેંક ખાતામાંથી પૈસા ઉપાડી જાય તો શું પગલા લેવા તને વિશે માહિતી આપી હતી. સાયબર હેલ્પલાઈન નંબર 1930 વિશે સમજ આપી હતી. સાથોસાથ પોલીસ વ્યવસ્થા નાગરિકોની સુરક્ષા માટે છે અને તેમની મદદ લેવાથી ડરવાની જરૂર નથી તે બાબત પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. તેમજ નખત્રાણા ખાતે કાર્યરત મીડીએસન સેન્ટર વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે કેવી રીતે મીડિયેશન સેન્ટરમાં કોર્ટની લાંબી અને ખર્ચાળ કાર્યવાહીથી બચવા અને ઝડપી તેમજ નિ:શુલ્ક ન્યાય મેળવવામાં આવે છે.અને વિધાર્થીઓને કોઈપણ જાતની કાયદાકીય સલાહ માટે નખત્રાણા કોર્ટ ખાતે કાર્યરત ઈ સેવા કેન્દ્રની મુલાકાત લેવા જણાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિધાર્થીઓ સાથે પ્રશ્ન જવાબ દ્વારા તેમની સાથે વાતચીત કરવામાં આવી હતી. તેમજ શાળાના આચાર્ય ગિરીશભાઈ પરમાર સાહેબ તથા સ્ટાફ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો અને શાળાના વિધાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહીને કાનૂની માર્ગદર્શન મેળવ્યું હતું.

# રાજપીપલા ની ખાણી પીણી ની લારીઓ પર ફૂડ& ડ્રગ્સ તંત્ર ત્રાટક્યું

રાજપીપલા | રાજપીપલા માં વરસાદી સીઝન માં લોકો ના આરોગ્ય ની સુરક્ષા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર એ ક્ષર્યવંશી કરી હતી . રાજપીપળા શહેરમાં food &. ડ્રગસ વિભાગ તરફ થી 30 જેટલી ખાણીપીણીના સ્ટોલ-લારીઓની તપાસ કરી 27 કિલોથી વધુ બિનઆરોગ્યપ્રદ ખાદ્ય સામગ્રી અને 26 લિટર પાણીનો નાશ કરાયો હતો આ અભિયાન અંતર્ગત સિવિલ હોસ્પિટલની આસપાસ તેમજ ગાર્ડન વિસ્તાર ખાતે આવેલા ખાણીપીણીના સ્ટોલ અને લારીઓ સહિત કુલ 30 જેટલા એકમોની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન કેટલીક જગ્યાએ અનહાઈજીનિક અને માનવ આરોગ્ય માટે અયોગ્ય ખાદ્ય સામગ્રી જોવા મળતાં સ્થળ પર જ તેનો નાશ કરાવવામાં આવ્યો હતો. તેમાં 21 કિલોગ્રામ બટાકાનો માવો અને મન્ચુરિયન બોલ્સ, 6 કિલોગ્રામ મન્ચુરિયન



બનાવવા માટેનો લોટ, આશરે 26 લિટર પાણીપૂરીનું પાણી તેમજ કૃત્રિમ રંગના 10 પેકેટનો સમાવેશ થાય છે.નાગરિકોને પણ અપીલ કરવામાં આવી છે કે, તેઓ ખુલ્લામાં વેચાતા અથવા અસ્વચ્છતા જણાતી ખાદ્ય ચીજવસ્તુઓનું સેવન ટાળે, સ્વચ્છતા ધરાવતા સ્થળેથી જ ખાદ્યપદાર્થોની ખરીદી કરે અને આરોગ્ય પ્રત્યે સજાગ રહી વરસાદી સિઝનમાં જરૂરી તકેદારી રાખે.

# ગળતેશ્વર તાલુકામાં સ્વામી વિવેકાનંદ પ્રાયમરી ટીચર કોલેજનું D.El.Ed.માં 100 ટકા પરિણામ

અશેષ વ્યાસ | ખેડા

ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના ટીંબાનામુવાડા સ્થિત સ્વામી વિવેકાનંદ પ્રાયમરી ટીચર કોલેજ દ્વારા શૈક્ષણિક વર્ષ 2024-25ની D.El.Ed. (PTC) પરીક્ષામાં શત-પ્રતિશત (100%) પરિણામ નોંધાવી વધુ એક શૈક્ષણિક સિદ્ધિ હાંસલ કરી છે.

કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ ગુણ સાથે સફળતા મેળવી છે. જેમાં *પટેલ જહાનવી ડી.એ 85.38 ટકા, **બોડકા સુરભિયાબેન એમ.એ 84.90 ટકા, **પરમાર ધ્રુવિલભાઈ પી.એ 84.34 ટકા, **ડાભી જાનવી એચ.એ 84.34 ટકા તેમજ **ઠાકોર મધુશ્રીબેન જી.*એ 84.42 ટકા ગુણ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે.

આ પ્રસંગે કોલેજના સંચાલક મંડળ, આચાર્યશ્રી તથા સમગ્ર શિક્ષકગણે સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે જ વિદ્યાર્થીઓની મહેનત, શિક્ષકોના માર્ગદર્શન અને વાલીઓના સહકારને આ સફળતાનું મુખ્ય કારણ ગણાવ્યું હતું. આ પ્રસંગે કોલેજના સંચાલક મંડળ, આચાર્યશ્રી તથા સમગ્ર શિક્ષકગણે તમામ સફળ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સંસ્થાના વરિષ્ઠ અગ્રણીઓએ આ ઐતિહાસિક સફળતા પાછળ વિદ્યાર્થીઓની અથાક મહેનત, માર્ગદર્શક શિક્ષકોનું ઉત્તમ શિક્ષણ અને વાલીઓનો અમૂલ્ય સહકાર મુખ્ય કારણ હોવાનું જણાવ્યું હતું.

# વાવ-થરાદ જિલ્લામાં સંભવિત ભારે વરસાદને લઈ તંત્ર એલર્ટ મોડમાં : કલેક્ટર શ્રી મયુર મહેતાએ પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી

થરાદ | હવામાન વિભાગ દ્વારા તારીખ ૩૦ જુલાઈ થી લઈને ૨ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન રાજ્યમાં ચક્રવાત તથા ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા વાવ - થરાદ જિલ્લામાં તા.૩૧ જુલાઈથી ૨ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન ભારે વરસાદની આગાહી કરવામાં આવતાં જિલ્લા કલેક્ટરશ્રી મયુર મહેતાના અધ્યક્ષસ્થાને થરાદ સ્થિત કલેક્ટર કચેરી ખાતે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં સંભવિત ભારે વરસાદ દરમિયાન જાનમાલનું નુકસાન અટકાવવા તેમજ બચાવ અને રાહત કામગીરી સમયસર અને અસરકારક રીતે હાથ ધરવા માટે જરૂરી તમામ પૂર્વ તૈયારીઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

કલેક્ટરશ્રીએ તમામ વિભાગોને હાઈ એલર્ટ પર રહેવા તેમજ પરસ્પર સંકલન સાથે કામગીરી કરવાની સૂચના આપી હતી. જિલ્લામાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાય તો તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી શકાય તે માટે સ્થળાંતરની પૂર્વ તૈયારીઓ, રેસ્ક્યૂ બોટોની વ્યવસ્થા, તેમજ તમામ સંબંધિત સાધન-સામગ્રી તૈયાર રાખવા સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત જિલ્લા કંટ્રોલ રૂમને ૨૪ કલાક કાર્યરત રાખવા તેમજ મળતી દરેક માહિતી પર ત્વરિત પ્રતિસાદ આપવા ભાર મૂકવામાં આવ્યો હતો. સંભવિત આપત્તિને પહોંચી વળવા NDRFની ટીમને પણ તૈનાત રાખવામાં આવી છે.

આ બેઠકમાં નીચાણવાળા વિસ્તારો, નદી-નાળા અને જળાશયો આસપાસ સતત નજર રાખવા, માર્ગ વ્યવહાર, વીજ પુરવઠો, આરોગ્ય સેવાઓ, પીવાના પાણી અને આવશ્યક સેવાઓ અવિરત ચાલુ રહે તે માટે સંબંધિત વિભાગોને જરૂરી આયોજન સાથે સતર્ક રહેવા સૂચનાઓ આપવામાં આવી હતી.

કલેક્ટરશ્રી મયુર મહેતાએ જિલ્લાના નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું હતું કે, બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું, પાણીના વહેણવાળા રસ્તાઓ કે કોઝવે પાર કરવાનો પ્રયાસ ન કરવો, વરસાદ દરમિયાન પશુઓને ખુલ્લામાં ન બાંધવા, તેમજ નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકો જરૂર જણાય તો સલામત સ્થળે સ્થળાંતર કરે. તેમણે અફવાઓથી દૂર રહી માત્ર સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવતી સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવા અનુરોધ કર્યો હતો. આ સાથે કોઈપણ પ્રકારની આપત્તિજનક પરિસ્થિતિમાં નાગરિકોએ જિલ્લા કંટ્રોલ રૂમના ૦૨૭૩૭-૨૨૩૩૭૪ નંબર પર સંપર્ક કરવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી કલ્પેશકુમાર શર્મા, નિવાસી અધિક કલેક્ટરશ્રી તુષાર જાની સહિત તમામ તાલુકાના લાયઝન અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મારી પત્ની શિખાને નિહાળું છું ને ત્યારે થાય છે કે સારુ કર્યું એ...

અણધાર્યો પડ્યો એ એટલો ને કે,
આભાસી વાદળા વિખરાઈ ગયા....

લગ્ન ની પંદર મી એનિવર્સરી ના દિવસે બે સુંદર બાળકો ની માતા મારી પત્ની શિખા ને નિહાળું છું ને ત્યારે થાય છે કે સારુ કર્યું એ દિવસે પપ્પા એ લગ્ન સબંધ ની પવિત્રતા વિશે મને સમજાવ્યું હતું. લગ્ન ના દિવસે પપ્પા એ રૂમ માં આવી ને શિખા ને ફોન કરવાનું ન કીધું હોત ને તો અત્યારે હું પણ એકલો અટૂલો બેચલર ફરતો હોત..લગ્ન ના દિવસે ભાગવાનો નિર્ણય પાક્કો હતો પણ શિખા ના મુખેથી મીઠા મધ વાક્ય "આઈ લવ યુ" સાંભળતા જ ભાગવાના નિર્ણય માં મોટું પંચર પાડી ગયું હતું. થૅન્ક ગોડ!!મને શિખા જેવી પ્રેમાળ પત્ની અને બે બાળકો અનુજ અને કૃપા આપવા બદલ.

પપ્પા ની સાચી વાત છે કે દરેક ના જીવન માં એકસરખા બનાવો બનતા નથી,ઘણીવાર ઘટનાઓના ભોગ એ વિચર્યા વગર થયેલા નિર્ણયો ને કારણે થતા હોઈએ છીએ. બધી છોકરીઓ જ્યોતિ ની માફક લાલચુ લુટારુ દુલ્હન હોતી નથી.સમાજ માં પાંચ ટકા જ્યોતિ જેવી લાલચુ છોકરીઓના કારણે આખા સમાજ પર બદનામી ની કાળી ટીલી લાગી જતી હોય છે..એ દિવસે પપ્પા એ વાત સાચી કરી હતી દરેક ના જોડા પૂર્ણ પરમાત્મા એ જન્મ સાથે જ બનાવી ને ધરતી પર મોકલ્યા હોય છે એટલે દરેક ને એના ઋણાનું બંધન નો જીવન સાથી એક ના એક દિવસ વહેલું મોડું મળી જ રહેતો હોય છે.૨૮ વર્ષ ના માધવ ના મમ્મી પપ્પા એ દીકરા ના લગ્નની ઉંમર વિતિ જશે વિચારી ને માધવ ની મરજી જાણ્યા વગર નાના ગામ ની શહેર માં જોબ કરતી જ્યોતિ સાથે નક્કી કરી નાંખ્યું હતું. લગ્ન ની ઉતાવળ બન્ને પક્ષો ને એટલી બધી હતી કે માધવ અને જયોતિ ના સગાઈ બાદ પંદર દિવસ માં લગ્ન પણ થઈ ગયા. શહેર માં ભણ્યા બાદ ત્રણ ચાર વર્ષ થી ત્યાં નોકરી કરતી જ્યોતિ પાસે ડિવોર્સ લેવાનું કારણ "અમારા વિચાર મળતા નથી" પાછળ અફેર છે કે લગ્નની જવાબદારીઓથી એણે છટકવું છે,શું છે?

શરણાઈ ના સુર માં બધેય આનંદઆનંદ હતો પણ વરરાજા આનંદ ઉદાસ હતો,કેમ? એને મનમાં ઊંડે ઊંડે લાગતું હતું કે લગ્ન તો બેત્રણ કલાક માં થઈ જશે પણ લાઈફ ટાઈમ લગ્નની ગાડી ચાલશે કે પછી થોડા દિવસો કે માસ માં અધવચ્ચે અટકી પડશે..લગ્ન બાદ શિખા પણ જયોતિ જેવું કરશે તોતો.શું થશે? શિખા સાથે સગાઈ બાદ છ મહિના વીત્યા છતાંય એવું તો ક્યારેય લાગ્યું નથી કે એ મારાથી કંઈક છુપાવે છે..પણ. .પણ..

ડર શેનો ?

લગ્ન બાદ માધવ જેવું થશે તો..

મારા બાળપણ ના બેસ્ટી માધવ ના મુખ પરની ગુમાવ્યા ની પીડા નિહાળું છું ને ત્યારે થાય છે કે કાયમ હસતો અને હસાવતો મારો માધવ ખોવાઈ ગયો છે. લગ્ન બાદ માત્ર બે જ વર્ષ માં જ્યોતિ એ ડિવોર્સ નો કેસ કર્યો એ બાદ આજ સુધી મતલબ પાંચ વર્ષ બાદ પણ માધવ નું જીવન ડિવોર્સ ની રમત માં ફસાઈ ને પડ્યું છે..

કેમ?

માધવ નો શું વાંક?

અરેન્જ મેરેજ એ બે વ્યક્તિ સાથે બન્નેના પરિવારની સહમતિ બાદ બંધાતા લગ્ન સબંધો છે છતાંય વર્તમાન સમયમાં લવ મેરેજ કરતા એરેન્જ મેરેજ નું આયુષ્ય અધવચ્ચે અટકી ને પત્તા ના મહેલ ની માફક તૂટી પડે છે.

કાશ મને પ્રેમ થયો હોત તો કેટલું સારું થાત,



આભાસી અંધકાર
- રુપાલી દવે

માધવ ની જેમ મારું પણ લગ્ન જીવન બરબાદ થઈ જશે તો..

લગ્ન બાદ ડિવોર્સ કેસ ફાઈલ થશે તો પપ્પા ના અધધધ લાખો રૂપિયા મહેનત ના વેડફાઈ જશે તો..

જીવનભર અથાગ સંઘર્ષ કર્યા બાદ ઘડપણ માટે ભેગા કરેલ પપ્પા નું બેંક બેલેન્સ એલીમની ના લાખો રૂપિયા પાછળ ખર્ચાઈ જશે તો..

આમ પણ દિકરાના ધામધૂમ થી લગ્ન પાછળ પપ્પા એ સગા સબંધીઓ ની આગળ દેખાડો કરવા લાખો ખર્ચ્યા છે..

આનંદ મનોમન ભગવાન ને પ્રાર્થના કરતા બોલ્યો કે હે ઈશ્વર,મારા પાપા ના નસીબ માં સરકારી નોકરી નહતી એટલે એનો એક એક પાય રાત દિવસ ની દોડ ભાગ અને અથાગ પરિશ્રમ નો છે.મહેબાની કરીને મને રસ્તો બતાવો કે મારે શું કરવું? લગ્ન કરું કે પછી ચુપચાપ ભાગી જાવ..થનાર પત્ની શિખા નો સ્વભાવ તો સારો પ્રેમાળ છે પણ પણ..લગ્ન બાદ એ બદલાઈ જશે તો..

શું કરું?

વરરાજા ના રૂમ માં સફેદ શેરવાની,માથા પર બાંધણી ની પાઘડી અને ગળા માં લાલ મોતી ની માળા માં એકદમ હીરો જેવા લાગતા પપ્પા ની એન્ટ્રી થતા જ વિચાર મંથન પર બ્રેક મારતા આનંદ સહેજ સ્માઈલ કરતા બોલ્યો કે અરે!!વાહ,પપ્પા તમને જોઈને કોઈ કહે જ નહી કે તમે ૩૩ વર્ષ ના દિકરા ના પિતા છો.કેટલા મસ્ત લાગો છો? એકદમ યંગ &ફિટ અનિલ કપૂર માફક..

હસમુખ ભાઈ થી આનંદ ના ચહેરા પર ની ચિંતાની રેખા છાની ન રહી એ સમજી ગયા કે આનંદ નું મન ચાર પાંચ કલાક બાદ લગ્ન થવાના છે એનાથી ખુશ ખુશાલ થવાના બદલે બેચેન છે.મારા સંઘર્ષમય જીવન માં પણ પપ્પા ની આંગળી પકડી ને આગળ દોડતા આનંદ ના મનમાં ખુદ ને દુઃખ કે ઠોકર વાગશે એ ચિંતા સતાવતી નથી. કદાચ એના અને શિખા ના લગ્ન સબંધ ટકશે નહી તો પપ્પાની બચત ખર્ચાઈ જશે તો..તો..એની ચિંતા સતાવે છે

હસમુખ ભાઈ એ હમેશ મુજબ મીઠું સ્માઈલ કરતા કહ્યું કે દીકરા,કાલ ની ચિંતા કાલ પર છોડી ને આજ પર ફોક્સ કર,જેવું વિચારો એવું થતું નથી પણ એનું નિર્માણ કંઈક ને કંઈક રીતે આપણે જ કરતા હોય છીએ. આનંદ એ એના પપ્પા ને ભેટતા કહ્યું કે ડેડી,યુ આર વર્લ્ડ બેસ્ટ પણ..મારા મનના ખૂણે એ ડર બેઠેલો છે કે મારી સાથે માધવ જેવું થશે તો..તો.. શિખા નો બહાર થી અને અંદર થી એમ બે પર્સનાલિટી ધરાવતી હશે તો.. આપણે તો એને માત્ર છ મહિના થી જ ઓળખીએ છીએ..હસમુખ ભાઈ એ ખડખડાટ હસતા હસતાં કહ્યું કે એલા!!લગ્ન ના ત્રણ ચાર કલાક પહેલા જે ડર સતાવે છે એ છ મહિના માં કેમ ન સતાવ્યો? એકદમ પાગલ છો બુદ્ધિ પર જોર આપવાના બદલે થોડી અક્કલ વાપર. બિચારી પેલી શિખાડી કલાક થી તને ફોન કર્યા કરે છે? ગાંડા લાલ,અક્કલ ઓછી વાપરવાનું બંધ કરી ને ભવિષ્ય ની ચિંતા પર તાળા મારીને ફટાફટ શિખા ને ફોન કર. જેવા પપ્પા રૂમ માંથી બહાર નીકળ્યા એ ભેગા આનંદ એ સ્માર્ટ મોબાઈલ નું વોટ સેપ ખોલતા જ લગ્ન માટે સુંદર રીતે શણગાર સજેલી શિખા ના પિક્સ દેખાયા.. શિખા ના પિક્સ માં આનંદ એવો ખોવાયો ને કે આભાસી અંધકાર વિખરાઈ ગયા બાદ લગ્ન ના પંદર વર્ષ ફટાફટ વિતિ ગયા એ પણ એને ખબર ન પડી..

# 'ભાઈ તેરા સ્ટાર હૈ' : વાર્તામાં દમ નથી, કોમેડીમાં હસવું નહીં આવે ; રાઘવની પહેલી સોલો લીડ ફિલ્મે માથાનો દુખાવો કર્યો

(એજન્સી) મુંબઈ | તા.30

કોમેડી ફિલ્મની સૌથી મોટી જવાબદારી દર્શકોને હસાવવાની હોય છે. ફિલ્મ 'ભાઈ તેરા સ્ટાર હૈ' આ સૌથી જરૂરી કામમાં ખરાબ રીતે નિષ્ફળ રહે છે. ફિલ્મ શરૂઆતથી અંત સુધી એ વિશ્વાસ અપાવતી રહે છે કે હવે કંઈક મજેદાર થવાનું છે, પરંતુ દરેક આગલા સીન સાથે નિરાશા જ હાથ લાગે છે. ઘોંઘાટ છે, ભાગદોડ છે, ગેરસમજો છે, પરંતુ હાસ્ય ક્યાંય દેખાતું નથી. રાઘવ જુયાલની પહેલી સોલો લીડ ફિલ્મથી જે ધમાકાની અપેક્ષા હતી, તે શરૂઆતમાં જ હવા થઈ જાય છે.

વાર્તા લંડનમાં રહેતા સંઘર્ષશીલ એક્ટર અજય સિંહ (રાઘવ જુયાલ)ની છે. ક્રિકેટની એક શરત હાર્યા પછી તેના પર ક્લબ માલિક ફેટી (સંજય કપૂર)નું દસ હજાર પાઉન્ડનું દેવું ચડી જાય છે. પૈસા પાછા આપવા માટે તેની પાસે ફક્ત એક રાત છે. પરંતુ સાચું બોલવાને બદલે અજય એક પછી એક જૂઠું બોલતો જાય છે. તેની ગર્લફ્રેન્ડ રોશની (નિહારિકા એન એમ), બહેન નતાશા (પાર્વતી ઓમનાકુટ્ટન) અને રોશનીનો ભાઈ સિડ (વિવન ભટેના) પણ આ જૂઠના જાળમાં ફસાતા જાય છે.

વાર્તાનો વિચાર સાંભળવામાં રસપ્રદ લાગે છે. એક રાત, ઘણી બધી ગેરસમજો અને ભાગદોડવાળી કોમેડી. પરંતુ સ્ક્રીન પર બધું જ એટલું વેરવિખેર છે કે થોડા સમય પછી એ સમજવું મુશ્કેલ થઈ જાય છે કે વાર્તા આખરે ક્યાં જવા માંગે છે. ઘણા દ્રશ્યો ફક્ત સમય પસાર કરવા માટે ઉમેરવામાં આવ્યા હોય તેવું લાગે છે અને ક્લાઈમેક્સ સુધી પહોંચતા પહોંચતા ફિલ્મ સંપૂર્ણપણે થકવી દે છે.

રાઘવ જુયાલે કિલ જેવી ફિલ્મોમાં પોતાના અભિનયથી પ્રભાવિત કર્યા હતા, પરંતુ અહીં તે સંપૂર્ણપણે લથડી જાય છે. આ તેમની પહેલી સોલો લીડ ફિલ્મ છે, પરંતુ આખી ફિલ્મમાં તે લીડ હીરો કરતાં કોઈ સાઈડ કેરેક્ટર જેવા વધુ લાગે છે. તેમના ચહેરાના હાવભાવ જરૂરિયાત કરતાં વધુ બનાવટી લાગે છે અને ઘણી જગ્યાએ ઓવરએક્ટિંગ કોમેડીને સંપૂર્ણપણે ખતમ કરી દે છે. કોમિક ટાઈમિંગ પણ વારંવાર ચૂકી જાય છે, જેના કારણે તેમનું પાત્ર દર્શકો સાથે જોડાઈ શકતું નથી.

સંજય કપૂર પોતાના અનુભવથી કેટલાક દ્રશ્યોને સંભાળવાનો પ્રયાસ કરે છે, પરંતુ નબળી સ્ક્રિપ્ટ તેમના હાથ પણ બાંધી દે છે. વિવન ભટેના પોતાના સીમિત સ્ક્રીન ટાઈમમાં અસર છોડે છે અને ઘણી જગ્યાએ રાઘવ કરતાં વધુ સહજ દેખાય છે. પાર્વતી ઓમનાકુટ્ટન ફિલ્મનું સૌથી સંતુલિત પ્રદર્શન આપે છે. નિહારિકા એન એમ પ્રામાણિક પ્રયાસ કરે છે, પરંતુ નબળું લેખન તેમને પણ વધુ તક આપતું નથી. ચંદન રાય સાન્યાલ અને નિકી વાલિયા જેવા ઉત્તમ કલાકારોની પ્રતિભાનો ફિલ્મમાં ખૂબ જ ખરાબ ઉપયોગ કરવામાં આવ્યો છે.

દિગ્દર્શક વિવેક બી અગ્રવાલની સૌથી મોટી ભૂલ એ છે કે તેમણે ઘોંઘાટને કોમેડી સમજી લીધો. આખી ફિલ્મમાં પાત્રો સતત દોડે છે, બૂમો પાડે છે અને એકબીજાની પાછળ દોડતા રહે છે, પરંતુ કોઈ પણ એવી પરિસ્થિતિ બનતી નથી જેના પર ખુલ્લીને હસી શકાય.સ્ક્રીનપ્લે જરૂરિયાત કરતાં વધુ ગૂંચવાયેલો છે. નવા પાત્રો આવતા રહે છે, પરંતુ વાર્તાને મજબૂત કરવાને બદલે તેને વધુ વેરવિખેર કરી દે છે. ઘણી પંચલાઈન અસર છોડ્યા વિના નીકળી જાય છે.

ગેરસમજો પર આધારિત ફિલ્મની સૌથી મોટી તાકાત તેની રાઈટિંગ હોય છે, પરંતુ અહીં તે જ સૌથી નબળી કડી સાબિત થાય છે. ક્લાઈમેક્સ સુધી પહોંચતા પહોંચતા ફિલ્મ સંપૂર્ણપણે પોતાની પકડ ગુમાવી દે છે.

લંડનનું લોકેશન સારું લાગે છે અને સિનેમેટોગ્રાફી પણ ઠીકઠાક છે. જો એડિટિંગ થોડું વધુ કડક હોત તો ફિલ્મની અસર થોડી વધુ સારી થઈ શકી હોત. પરંતુ નબળી વાર્તા અને ઢીલા સ્ક્રીનપ્લે સામે ટેકનિકલ પક્ષ પણ લાચાર દેખાય છે.



**ફિલ્મમાં સંગીત** અમિત ત્રિવેદીનું સંગીત ફિલ્મની કેટલીક ગણી-ચૂની સારી બાબતોમાં સામેલ છે. જોકે, ગીતો વાર્તાની ગતિને રોકે છે. સૌથી વિચિત્ર નિર્ણય અંતમાં સતત ગીતો રાખવાનો છે, જેના કારણે ફિલ્મ પૂરી થયા પછી પણ પૂરી થતી હોય તેવું લાગતું નથી.

'ભાઈ તેરા સ્ટાર હૈ' એક એવી કોમેડી છે, જેમાં સૌથી વધુ હાસ્યની કમી છે. નબળી વાર્તા, વેરવિખેર સ્ક્રીનપ્લે, નિસ્તેજ દિગ્દર્શન અને રાઘવ જુયાલની નિરાશાજનક મુખ્ય ભૂમિકાનું પ્રદર્શન મળીને આ ફિલ્મને ખૂબ જ કંટાળાજનક અનુભવ બનાવે છે. જે ફિલ્મથી રાઘવને સોલો હીરો તરીકે નવી ઓળખ મળવાની હતી, તે જ ફિલ્મ તેના કરિયર માટે એક મોટો આંચકો સાબિત થઈ શકે છે. જો સારી કોમેડી જોવાની આશા રાખીને થિયેટર જઈ રહ્યા છો, તો આ ફિલ્મ તમારી આશા અને તમારી ધીરજ બંને તોડી નાખશે.

રાઘવ જુયાલે કિલ જેવી ફિલ્મોમાં પોતાના અભિનયથી પ્રભાવિત કર્યા હતા, પરંતુ અહીં તે સંપૂર્ણપણે લથડી જાય છે. આ તેમની પહેલી સોલો લીડ ફિલ્મ છે, પરંતુ આખી ફિલ્મમાં તે લીડ હીરો કરતાં કોઈ સાઈડ કેરેક્ટર જેવા વધુ લાગે છે. તેમના ચહેરાના હાવભાવ જરૂરિયાત કરતાં વધુ બનાવટી લાગે છે અને ઘણી જગ્યાએ ઓવરએક્ટિંગ કોમેડીને સંપૂર્ણપણે ખતમ કરી દે છે. કોમિક ટાઈમિંગ પણ વારંવાર ચૂકી જાય છે, જેના કારણે તેમનું પાત્ર દર્શકો સાથે જોડાઈ શકતું નથી.

# બ્રહ્મ મુહૂર્તમાં ભગવાન રામે દર્શન આપ્યા!

## ₹4000 કરોડમાં બનેલી 'રામાયણ'નું ટ્રેલર રિલીઝ; રાવણના રૂપમાં યશનો મહાકાય લુક, માતા સીતા-લક્ષ્મણની ઝલક

(એજન્સી) મુંબઈ | તા.30

નિતીશ તિવારીના નિર્દેશનમાં બની રહેલી બહુચર્ચિત ફિલ્મ 'રામાયણ'નું મોસ્ટ અવેટેડ ટ્રેલર આજે રિલીઝ થઈ ગયું છે. મેકર્સે તેને ભારતીય સમય અનુસાર 30 જુલાઈ સવારે 4:15 વાગ્યે, બ્રહ્મ મુહૂર્તના શુભ અવસરે દુનિયાભરમાં લોન્ચ કર્યું.



'રામાયણ'ના ટ્રેલરને હિન્દી, તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ સહિત અનેક ભાષાઓમાં એકસાથે ડિજિટલ પ્લેટફોર્મ્સ પર રિલીઝ કરવામાં આવ્યું છે.

રિલીઝ થયેલા ટ્રેલરમાં રણબીર કપૂરની ભગવાન રામ તરીકેની ભવ્ય અને અદભુત ઝલક જોવા મળે છે. તેમાં યશનો ભયાનક રાવણનો લુક પણ છે. દ્રશ્યો સ્પષ્ટ કરે છે કે તે પડદા પર પ્રભુત્વ મેળવવા માટે તૈયાર છે. સાઈ પલ્લવી સીતા તરીકે પ્રભાવશાળી દેખાય છે. ટ્રેલર સૂચવે છે કે પહેલો ભાગ રામના વનવાસથી લઈને રાવણના ઉદય સુધીના કથાવસ્તુને તેજસ્વી રીતે આવરી લેશે. નિતેશ તિવારીએ પહેલાથી જ ખુલાસો કર્યો છે કે પહેલો ભાગ એક ક્લિપહેન્ગર પર સમાપ્ત થશે - પહેલી 'બાહુબલી' ફિલ્મની જેમ, જેણે દર્શકોને આશ્ચર્યચકિત કર્યા હતા કે કટપ્પાએ બાહુબલીને કેમ માર્યો, જેના કારણે તેઓ જવાબ શોધવા માટે સિક્વલ જોવા માટે પ્રેરિત થયા. આ સ્પષ્ટપણે સૂચવે છે કે પહેલો ભાગ એક રોમાંચક તબક્કે સમાપ્ત થશે.

'રામાયણ'નું ટ્રેલર રિલીઝ થતાં જ સોશિયલ મીડિયા પર છવાઈ ગયું. ભવ્ય દ્રશ્યો, ભગવાન રામના પાત્ર અને રાવણ બનેલા યશના દમદાર અંદાજની ખૂબ પ્રશંસા થઈ રહી છે. એક યુઝરે લખ્યું, 'આ માત્ર ટ્રેલર નથી, પેઢીઓથી જોડાયેલી એક ભાવના છે.' જ્યારે બીજાએ કહ્યું, 'કેટલીક ફિલ્મો જોવાય છે, રામાયણ અનુભવાય છે.' એક યુઝરે લખ્યું, 'રાવણના પાત્રમાં યશની કાસ્ટિંગ શાનદાર છે.' જ્યારે સાઈ પલ્લવીના સીતા રૂપને જોઈને લોકોએ કહ્યું, 'મા સીતાના રૂપમાં સાઈ પલ્લવી દિવ્ય લાગી રહી છે.' ઘણા દર્શકોએ એ પણ લખ્યું કે ટ્રેલર જોવાની ઉત્સુકતામાં તેઓ આખી રાત સૂઈ શક્યા નહીં. આ પહેલા ફિલ્મના નિર્માતા નમિત મલ્હોત્રાએ સોશિયલ મીડિયા પર ટ્રેલર રિલીઝની જાણકારી આપી હતી કે હિંદુ પરંપરામાં સવારે 4 થી 5 વાગ્યા વચ્ચેનો સમય બ્રહ્મ મુહૂર્ત માનવામાં આવે છે, જેને કોઈપણ નવા અને શુભ કાર્યની શરૂઆત માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.

# SBI જનરલ ઈન્શ્યોરન્સે પંકજ ત્રિપાઠીનો અભિનય ધરાવતી ન્યુ મોટર ઈન્શ્યોરન્સ ફિલ્મ લોંચ કરી

મુંબઈ : ભારતની અગ્રણી જનરલ ઈન્સ્યોરન્સ કંપનીઓ પૈકીની એક SBI જનરલ ઈન્શ્યોરન્સે તેના ઈન્ટીગ્રેટેડ બ્રાન્ડ કેમ્પેઇન 'ચુનિયે ભરોસા, અપનો સા(Chuniye Bharosa, Apno Sa)'નો હવે પછીનો તબક્કો શરૂ કર્યો છે. આ અંતર્ગત મોટર ઈન્શ્યોરન્સને ધ્યાનમાં રાખીને એક નવી ફિલ્મ જાહેર કરવામાં આવી છે. એક્ટર અને બ્રાન્ડએમ્બેસેડર પંકજ ત્રિપાઠીનો અભિનય ધરાવતા આ કેમ્પેઈન વિશ્વાસ સાથે ઈન્સ્યોરન્સ પાર્ટનર પસંદ કરવાની પ્રાથમિકતાને દર્શાવી SBI જનરલે વિશ્વાસથી ભરેલા આ સંદેશને રજૂ કર્યો છે. મોટર ઈન્શ્યોરન્સ ફિલ્મ દૈનિક જીવનમાં એક અત્યંત મહત્વના પાસા સાથે 'ચુનિયે ભરોસા, અપનો સા'ના મુખ્ય વિચારોને આગળ વધારે છે. એક બિલકુલ સરળ સમજણ પર આધારિત આ ફિલ્મ દર્શાવે છે કે જે રીતે લોકો તેમની ગાડી જેવી કિંમતી ચીજવસ્તુ માટે વિશ્વાસપાત્ર વ્યક્તિની પસંદગી કરવામાં સાવચેતી ધરાવે છે બસ એવી જ રીતે યોગ્ય મોટર ઈન્શ્યોરન્સ પાર્ટનર પસંદ કરવા માટે પણ એટલી જ સમજણ તથા વિશ્વાસની જરૂર હોય છે. એક બિલકુલ સરળ પણ ખૂબ જ રસપ્રદ એવી કહાની મારફતે આ ફિલ્મ ગ્રાહકોને એક પ્રોડક્ટથી પણ આગળ જોવા તથા એક એવા પાર્ટનરની પસંદગી કરવા પ્રેરણા આપે છે કે જે જરૂરિયાતના સમયમાં તેમની સાથે ઉભા રહે.મોટાભાગના ગ્રાહકો માટે વાહન ખરીદવું એ ખૂબ જ સમજી-વિચારીને લેવામાં આવતો નિર્ણય હોય છે તેમ છતાં મોટર ઈન્સ્યોરન્સને અવારનવાર એક સામાન્ય કે રોજિંદી ખરીદી તરીકે જ જોવામાં આવે છે. પોતાના મોટર ફિલ્મ મારફતે SBI જનરલ ઈન્સ્યોરન્સ ગ્રાહકોને પોલિસીથી પણ આગળ વધીને એક એવા સાથીદાર એટલે કે પાર્ટનરની પસંદ કરવા પ્રોત્સાહન આપે છે કે જેના પર તેઓ વિશ્વાસ કરી શકે. જેથી તેઓ યોગ્ય અને સભાન નિર્ણય લઈ શકે તથા વીમાને વધારે સરળ,એક્સેસિબલ અને વધુ ઉપયોગી બનાવવાના પોતાના સંકલ્પ પ્રત્યે કટિબદ્ધ રહી કંપની જરૂરિયાતના સમયે વિશ્વાસ અને સહકારથી સજ્જ સુરક્ષા પૂરી પાડવાનું જાળવી રાખે છે.

# આસામના પૂર પીડિતોની મદદ માટે આગળ આવ્યું બોલિવૂડ

(એજન્સી) મુંબઈ | તા.30

અસમમાં ચાલી રહેલા ભયાનક પૂર વચ્ચે બોલિવૂડ હસ્તીઓએ મદદનો હાથ લંબાવ્યો છે. એક્ટરે સલમાન ખાન અને એક્ટ્રેસ આલિયા ભટ્ટ પીડિતોની મદદ માટે આગળ આવી છે. સલમાન ખાને પોતાની ચેરિટેબલ સંસ્થા 'બીઈંગ હ્યુમન' દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં બહુ-સ્તરીય રાહત અભિયાન શરૂ કર્યું છે.

ઉપરાંત, આલિયા ભટ્ટે સોશિયલ મીડિયા પર અપીલ જારી કરીને દેશવાસીઓને અસમના પૂર પીડિતોને મદદ કરવા વિનંતી કરી છે. અસમમાં ચોમાસાના ભારે વરસાદને કારણે લાખો લોકો પ્રભાવિત થયા છે.

મિડ ડેના રિપોર્ટ અનુસાર સલમાન ખાનની સંસ્થા 'બીઈંગ હ્યુમન'એ આસામમાં જમીની સ્તરે કામ કરવા માટે પોતાના સ્થાનિક ફેન ક્લબ સાથે હાથ મિલાવ્યા છે. અભિયાનના પ્રથમ તબક્કામાં પૂર પ્રભાવિત વિસ્તારોમાં તૈયાર ભોજનના પેકેટ અને અન્ય જરૂરી સામાનનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.



રાહત સામગ્રીમાં પીવાનું પાણી, દવાઓ, સેનિટરી પેડ્સ અને મચ્છર ભગાડતી રિપેલન્ટ ક્રીમનો સમાવેશ થાય છે. આવનારા અઠવાડિયામાં આ અભિયાન હેઠળ સૂકો રાશન, અસ્થાયી આશ્રય સામગ્રી અને પૂરથી ક્ષતિગ્રસ્ત થયેલી શાળાઓ અને હોસ્પિટલોના પુનર્નિર્માણમાં મદદ કરવામાં આવશે.

એક્ટ્રેસ આલિયા ભટ્ટે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક ભાવુક પોસ્ટ શેર કરીને આસામની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી. આલિયાએ લખ્યું, આ સમયે દેશના ઘણા ભાગો પૂરથી પ્રભાવિત છે, જેમાં આસામ સૌથી મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યું છે. 60થી વધુ લોકોના જીવ ગયા છે અને લાખો લોકો બેઘર થઈ ગયા છે.

પરિવારોએ પોતાના ઘર, જમીન, પશુધન અને સ્વજનો ગુમાવ્યા છે. તેણે આગળ લખ્યું કે આ આફત દર વર્ષે આવે છે, છતાં લોકો તેના માટે તૈયાર થઈ શકતા નથી. આલિયાએ વચન આપ્યું કે તે ટૂંક સમયમાં મદદ માટે જમીની સંગઠનોની માહિતી શેર કરશે.

એક્ટર આયુષ્માન ખુરાના અને તેમની પત્ની તાહિરા કશ્યપે આસામમાં ચાલી રહેલા ભયાનક પૂરથી પ્રભાવિત લોકોની મદદ માટે હાથ લંબાવ્યો છે. આ દંપતીએ આસામ મુખ્યમંત્રી રાહત કોષમાં આર્થિક યોગદાન આપ્યું છે, જેનો ઉપયોગ પૂર પીડિત પરિવારોના રાહત અને પુનર્વસન કાર્યોમાં કરવામાં આવશે.

સામાજિક કાર્યોમાં સતત સક્રિય રહેતા આયુષ્માન અને તાહિરા આ પહેલા પણ સંકટના સમયે મદદ માટે આગળ આવતા રહ્યા છે. કોવિડ-19 મહામારી દરમિયાન તેમણે મહારાષ્ટ્ર મુખ્યમંત્રી રાહત કોષમાં યોગદાન આપ્યું હતું,

# 'હું થોડો-ઘણો યંગ હૃતિક રોશન જેવો દેખાઉં છું' : સૌરવ દાસે કંગનાની દુખતી નસ દબાવી, કહ્યું- એક્ટ્રેસ સાથે કોફી પર જવામાં મને કોઈ વાંધો નથી

(એજન્સી) મુંબઈ | તા.30

ભાજપના સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌત સાથે ચાલી રહેલી શાબ્દિક યુદ્ધ વચ્ચે, CJP પ્રવક્તા સૌરવ દાસે કહ્યું કે તેના એક મિત્રએ તેને કહ્યું કે તે યંગ હૃતિક રોશન જેવા દેખાય છે. 'ધ મોજો સ્ટોરી' પર પત્રકાર બરખા દત્ત સાથેની વાતચીતમાં સૌરવે કહ્યું કે તેના મનમાં કંગના પ્રત્યે કોઈ અંગત દુશ્મની નથી.

સૌરવે કહ્યું કે તેણે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા પણ કંગનાને શાંત રહેવા અને બેસીને વાતચીત કરવાની અપીલ કરી હતી. તેના મતે, મતભેદોનું સમાધાન સંવાદથી થવું જોઈએ કારણ કે દેશમાં ચર્ચા અને દલીલની સંસ્કૃતિ સતત નબળી પડી રહી છે.

સૌરવે કહ્યું કે તેના મિત્રોએ પણ આ અંગે સવાલો ઉઠાવ્યા. તેણે જણાવ્યું, 'મારા મિત્રો પણ મને મેસેજ કરી રહ્યા હતા કે હવે તે તારી પાછળ કેમ પડી છે? તેમાંથી એકે કહ્યું કે હું થોડો-ઘણો યંગ હૃતિક રોશન જેવો દેખાઉં છું.' જોકે, આના પર સૌરવે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

જ્યારે સૌરવને પૂછવામાં આવ્યું કે શું તે કંગના સાથે કોફી પર મળવા માંગશે, તો તેણે કહ્યું કે તેને આમાં કોઈ વાંધો નથી. તેના મતે, તેના મનમાં કોઈના માટે, ભાજપના સાંસદો પ્રત્યે પણ, કોઈ વ્યક્તિગત દુશ્મની નથી.

આ પહેલા સતત વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનની ટીકા કરી રહેલી અભિનેત્રી અને સાંસદ કંગના રનૌત કોકરોચ જનતા પાર્ટીના પ્રવક્તા સૌરવ દાસના નિવેદન પર ભડકી ઉઠી હતી. ખરેખર, કંગનાના વિરોધ પ્રદર્શન વિરોધી નિવેદનો પર સૌરવે કહ્યું કે તેમને તેમની પાર્ટી પણ ગંભીરતાથી લેતી નથી, તો બાકીના લોકોએ પણ ન લેવા જોઈએ. સૌરવના નિવેદન પર કંગના ભડકી ઉઠી હતી અને જવાબમાં તેમને બેરોજગાર અને નકામા કહ્યા હતા. સંપૂર્ણ સમાચાર અહીં વાંચો

પૂર્વ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પછીથી જ કંગના રનૌત સતત સોશિયલ મીડિયા પર કોકરોચ જનતા પાર્ટી અને સ્ટુડન્ટ પ્રોટેસ્ટ વિરુદ્ધ નિવેદનો આપી રહી છે. મંગળવારે કંગનાએ સોશિયલ મીડિયા પર લખ્યું હતું,

પ્રદર્શનકારીઓને સામાન્ય લોકો તેમની ગંદી અને અપમાનજનક રીલ્સને કારણે રસ્તાઓ પર મારી રહ્યા છે અને ગાળો આપી રહ્યા છે. તેમને સમજવું જોઈએ કે જ્યારે બોલો છો ત્યારે સાંભળવું પણ પડશે. જો તમે સાર્વજનિક સંપત્તિને નુકસાન પહોંચાડો છો, તો તે જ જનતા પણ તમને નુકસાન પહોંચાડશે. જો તમને દેશ અને નેતૃત્વથી સમસ્યા છે અને તમે સાર્વજનિક રૂપે ખૂબ ગંદી-ગંદી ગાળો આપી છે, તો હવે તેમની પણ સાંભળો જે આ દેશને પ્રેમ કરે છે અને આ સરકારને વોટની તાકાતથી લાવ્યા છે. કારણ કે બોલવાનો હક તેમને પણ છે. હવે રડવા જેવી કોઈ વાત નથી. ઉપરાંત કંગનાએ એક અન્ય ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું હતું,



સૌથી વધુ ચોંકાવનારી વાત યુવા હિંદુ મહિલાઓનું વર્તન છે. તેઓ સ્વતંત્ર અને કારકિર્દી બનાવતી મહિલાઓના જીવનની નકલ કરવા માંગે છે, પરંતુ તે આઝાદી કમાવવા માંગતી નથી. જે મહિલાઓ ખરેખર સ્વતંત્ર હોય છે, તેઓ વિદ્રોહી નિર્ણયો લે છે, સ્પષ્ટ અભિપ્રાય રાખે છે, પરંપરાઓથી હટીને કારકિર્દી પસંદ કરે છે અને પોતાના દરેક નિર્ણયની જવાબદારી પણ પોતે જ ઉઠાવે છે, કારણ કે તેઓ પોતાના દમ પર જીવન જીવે છે. તેઓ આ બધું પોતાના માતા-પિતા કે પરિવારના ભોગે કરતી નથી. આ કહેવાતી પશ્ચિમી વિચારસરણીવાળી ભારતીય મહિલાઓની નવી પેઢી છે, જેને હું 'જનરેશન ગટર' કહું છું.

તેમણે આગળ લખ્યું હતું, આમાંથી કેટલાક પાસે સમાજને આપવા માટે કંઈ નથી. તેઓ ભણવામાં સારા નથી અને તેમની વિચારસરણી એટલી કદરૂપી તથા માનસિકતા એટલી ભ્રષ્ટ છે કે તેઓ સારી ગૃહિણી પણ બની શકતી નથી. તેમ છતાં તેઓ નશો કરવા, દારૂ પીવા કે ઘણા લોકો સાથે શારીરિક સંબંધ બાંધવાની પોતાની કહેવાતી આઝાદીનું ખુલ્લેઆમ પ્રદર્શન કરે છે. તેઓ નિર્લજ્જતાથી પોતાના માતા-પિતાની કમાણી પર નિર્ભર રહે છે અને ખરેખર આત્મનિર્ભર થયા વિના સ્વતંત્ર જીવન જીવવાની માંગ કરતી રહે છે. એક નમ્ર યાદ અપાવવું: સ્વતંત્ર જીવન કમાવવું પડે છે. જો તમે જવાબદારી ઉઠાવ્યા વિના સ્વતંત્ર જીવન જીવવાનો પ્રયાસ કરો છો.



# સલમાન ખાનની 'એલાયન્સ'માં થશે એન્ટ્રી! : ભાઈ સોહેલને સપોર્ટ કરવા પહોંચશે, કાઉબોય હેટ અને ઓલ-ડેનિમ લુકમાં જોવા મળ્યો

(એજન્સી) મુંબઈ | તા.30

સલમાન ખાન બુધવારે રિયાલિટી શો 'એલાયન્સ'ના સેટ પર પહોંચ્યો હતો. અહીં તે પોતાના ભાઈ સોહેલ ખાનને સપોર્ટ કરવા આવ્યો હતો.

સોહેલ ખાનની પૂર્વ પત્ની સીમા સજદેહ વાઈલ્ડ કાર્ડ કન્ટેસ્ટન્ટ તરીકે શોમાં સામેલ થઈ હતી. જોકે, તાજેતરમાં જ તે શોમાંથી બહાર થઈ ગઈ. સીમાના એલિમિનેટ થયા બાદ સોહેલ ભાવુક જોવા મળ્યો હતો. હવે સલમાન શોમાં ગેસ્ટ તરીકે દેખાશે.

સેટ પર જતા પહેલા સલમાને પાપારાઝી માટે પણ પોઝ આપ્યો હતો. આ દરમિયાન તેના ઓલ-ડેનિમ લુક અને કાઉબોય હેટ લોકોનું ધ્યાન ખેંચ્યું. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો સલમાન જલ્દી જ ફિલ્મ 'માતૃભૂમિ: મે રેસ્ટ ઈન પીસ'માં દેખાશે. આ ફિલ્મનું નિર્દેશન અપૂર્વ લાખિયાએ કર્યું છે.

રિયાલિટી ગેમ શો 'એલાયન્સ'માં જ્યારે સીમાની એન્ટ્રી થઈ, ત્યારે સોહેલે તેના વખાણ કર્યા હતા. તે દરમિયાન હોસ્ટ કુણાલ ખેમુએ સોહેલને સીમા વિશે સવાલ કર્યો હતો, જેના પર તેણે પોતાના લગ્ન અને સંબંધો વિશે ખુલીને વાત કરી.

કુણાલ ખેમુએ પૂછ્યું હતું કે સીમાને શોમાં જોઈને તેમને કેવું લાગી રહ્યું છે. આના પર સોહેલ ખાને કહ્યું હતું કે તેમણે સીમા સાથે પોતાના જીવનના 25 વર્ષ વિતાવ્યા છે. તેમણે સીમાને એક સુંદર અને સારા દિલવાળી મહિલા ગણાવી. સોહેલે એમ પણ કહ્યું હતું કે જો તેમના સંબંધમાં ક્યારેય કોઈ ભૂલ થઈ હશે, તો તે તેમની તરફથી થઈ હશે. સોહેલ અને સીમાની પહેલી મુલાકાત ચંકી પાંડેની સગાઈની પાર્ટીમાં થઈ હતી. સોહેલ પહેલી નજરમાં જ સીમાને દિલ દઈ બેઠા. જલ્દી જ બંનેએ એકબીજાને ડેટ કરવાનું શરૂ કરી દીધું. પરંતુ અલગ-અલગ ધર્મ હોવાને કારણે સીમાનો પરિવાર આ સંબંધની વિરુદ્ધ હતો.

પરિવારના વિરોધ છતાં બંનેએ સાથે રહેવાનો નિર્ણય કર્યો. 15 માર્ચ 1998ના રોજ, જે દિવસે સોહેલની પહેલી ડિરેક્ટેડ ફિલ્મ 'પ્યાર કિયા તો ડરના ક્યા' રિલીઝ થઈ, તે જ દિવસે બંનેએ ઘરેથી ભાગીને લગ્ન કરી લીધા. પહેલા આર્ય સમાજ મંદિરમાં ફેરા લીધા અને પછી નિકાહ કર્યા. તેમનો પહેલો દીકરો નિર્વાણ 2000માં અને બીજો દીકરો યોહાન 2011માં થયો. બંને 2022માં અલગ થઈ ગયા. રિયાલિટી ગેમ શો 'એલાયન્સ' ને કુણાલ ખેમુ હોસ્ટ કરી રહ્યા છે. શોમાં સંબંધો અને મિત્રતાના સમીકરણો દરરોજ બદલાતા રહે છે. આ શો પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ થઈ રહ્યો છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# જીનેસવા ખાતે ઐતિહાસિક વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ યોજાશે

## ● ડી ગુકેશ પોતાના ખિતાબનો બચાવ કરશે, જવોખિર સિંદારોવ સામે ખરાખરીનો જંગ



(એજન્સી) કોઝિકોડ । તા. 30

બુદ્ધિની રમત ગણાતી ચેસ જગતમાં આગામી મહાસંગ્રામ માટેનું સ્ટેજ સંપૂર્ણપણે તૈયાર થઈ ગયું છે. આગામી પચીસમી નવેમ્બરથી સ્વિટ્ઝરલેન્ડના સુંદર શહેર જીનેસવા ખાતે વિશ્વભરના ખેલાડીઓની નજર રહેશે, જ્યાં ભારતનો યુવા સ્ટાર ખેલાડી પોતાના ખિતાબની રક્ષા માટે મેદાનમાં ઉતરશે. આ ભવ્ય સ્પર્ધામાં ભારતના પ્રખ્યાત ગ્રાન્ડમાસ્ટરનો મુકાબલો ઉઝબેકિસ્તાનના તેજસ્વી પ્રતિભાશાળી ખેલાડી સામે થશે, જેને લઈને રમતપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

મીડિયા અહેવાલ અનુસાર, વિશ્વ ચેસ સંઘ દ્વારા યજમાન શહેરની જાહેરાત કરવામાં થોડો સમય લાગ્યો હતો અને રસ ધરાવનાર શહેરો માટેની અરજીઓની સમયમર્યાદા પણ લંબાવવામાં આવી હતી. આ પહેલાં ગત સ્પર્ધા સિંગાપુરના સેન્ટોસા ટાપુ પર સફળતાપૂર્વક યોજાઈ હતી, જ્યાં ભારતીય ખેલાડીએ શાનદાર વિજય મેળવીને ઈતિહાસ રચ્યો હતો. સ્વિટ્ઝરલેન્ડ માટે આ પ્રકારની વૈશ્વિક સ્પર્ધાનું આયોજન કરવાનો ઈતિહાસ રહ્યો છે, કારણ કે ભૂતકાળમાં પણ અહીં વિશ્વ સ્તરની ટૂર્નામેન્ટ્સ સફળ રહી છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, તૈયારીઓ માટે બંને ખેલાડીઓ પાસે પૂરતો સમય છે અને આ મુકાબલો અત્યંત રોમાંચક બનવાની પૂરી શક્યતા છે. તાજેતરના પ્રદર્શન અને રેન્કિંગની દૃષ્ટિએ પ્રતિસ્પર્ધી ખેલાડી થોડો મજબૂત દેખાઈ રહ્યો છે, જ્યારે ભારતીય ખેલાડીએ તાજેતરના સમયમાં પોતાના ફોર્મ માટે સંઘર્ષ કરવો પડ્યો છે. તેમ છતાં, માત્ર વીસ વર્ષની વય ધરાવતા આ યુવા ભારતીય ચેમ્પિયન પાસે અદ્ભુત ક્ષમતા છે અને તે અગાઉ પણ વિપરિત પરિસ્થિતિઓમાં શાનદાર વાપસી કરી ચૂકેલો છે.

# ભારતીય ક્રિકેટના દિગ્ગજ અજિંક્ય રહાણે નિવૃત્તિ જાહેર કરી, આં.રા. ક્રિકેટના તમામ ફોર્મેટ છોડ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 30



ભારતીય ક્રિકેટ જગતમાં એક મોટો યુગ પૂરો થયો છે, કારણ કે અનુભવી બેટ્સમેન અજિંક્ય રહાણેએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી દીધી છે. સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક સંદેશ શેર કરીને તેમણે પોતાના શાનદાર આંતરરાષ્ટ્રીય પ્રવાસને વિરામ આપ્યો છે. વર્ષ 2013માં પોતાની કારકિર્દીની શરૂઆત કરનાર રહાણેએ લાંબા સમય સુધી ભારતની બેટિંગ લાઈનઅપને મજબૂતી પૂરી પાડી હતી અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં અનેક યાદગાર ઈનિંગ્સ રમીને દેશનું નામ રોશન કર્યું હતું.

મીડિયા અહેવાલ અનુસાર, વેસ્ટ ઈન્ડિઝ સામેની 2023ની શ્રેણી પછી તેમને રાષ્ટ્રીય ટીમમાં રમવાની તક મળી ન હતી, છતાં તેઓ ઘરેલુ ક્રિકેટમાં મુંબઈની ટીમ માટે સતત સક્રિય રહ્યા હતા. ૩૮ વર્ષીય આ ખેલાડીએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર 'કેપ નંબર 278' યાદ કરતા ચાહકો અને સમર્થકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમના આ નિર્ણયથી ક્રિકેટપ્રેમીઓમાં થોડી નિરાશા વ્યાપી ગઈ છે, પરંતુ ભારતીય ક્રિકેટમાં તેમનું યોગદાન હંમેશાં સુવર્ણ અક્ષરે લખાશે.

રહાણેના કરિયરનો સૌથી સોનેરી અને ઐતિહાસિક તબક્કો ૨૦૨૦-૨૧નો ઓસ્ટ્રેલિયા પ્રવાસ રહ્યો હતો, જ્યારે નિયમિત કપ્તાનની ગેરહાજરીમાં તેમણે ટીમનું સુકાન સંભાળ્યું હતું. એડિલેડની શરમજનક હાર બાદ તેમણે મેલબર્નમાં શાનદાર સદી ફટકારીને વાપસી કરાવી હતી અને ગાબાના મેદાન પર ભારતને ઐતિહાસિક વિજય અપાવીને શ્રેણી જીતાડી હતી. તેમની કપ્તાની હેઠળ ભારતે રમેલી છ ટેસ્ટમાંથી ચારમાં વિજય મેળવ્યો હતો અને બે મેચ ડ્રો રહી હતી, એટલે કે કપ્તાન તરીકે તેમનો ટેસ્ટ રેકોર્ડ અદ્ભુત અને અજય રહ્યો છે.

પોતાની લાંબી કારકિર્દી દરમિયાન રહાણેએ ૮૫ ટેસ્ટ મેચમાં ૫૦૭૭ રન, ૯૦ વન-ડે મેચમાં ૨૯૬૨ રન અને ૨૦ ટી-ટ્વેન્ટી મેચમાં ૩૭૫ રન બનાવ્યા છે. આ ઉપરાંત ઈન્ડિયન પ્રીમિયર લીગમાં પણ તેમણે શાનદાર પ્રદર્શન કર્યું હતું અને કોલકાતા નાઈટ રાઈડર્સ સહિત અનેક ફ્રેન્ચાઈઝીનું નેતૃત્વ કર્યું હતું. ભલે તેઓ આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી વિદાય લઈ ચૂક્યા છે, પરંતુ યુવા ખેલાડીઓ માટે તેમનું પ્રેરણાદાયી જીવન હંમેશા માર્ગદર્શક બની રહેશે.

# કોમનવેલ્થ ગેમ્સમાં પારુલ અને મનપ્રીત મેડલ ચૂકી ગયા

(એજન્સી) ચેન્નાઈ । તા. 30



કોમનવેલ્થ ગેમ્સની સાતમા દિવસે ભારત માટે મિશ્ર પરિણામો આવ્યા છે, જેમાં દેશના સ્ટાર એથ્લીટ્સ પોડિયમ સ્થાન મેળવવાથી સહેજ માટે ચૂકી ગયા છે. મહિલાઓની સ્ટેપલચેઝ અને શોર્ટ પુટ સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ ઉત્કૃષ્ટ સંઘર્ષ બતાવ્યો હોવા છતાં મેડલ જીતવામાં સફળતા મળી ન હતી. આ પરિણામોથી રમતપ્રેમીઓમાં થોડી નિરાશા જન્મી છે, પરંતુ ખેલાડીઓની મહેનત અને સમર્પણની ચારેય તરફ પ્રશંસા થઈ રહી છે.

મીડિયા અહેવાલ અનુસાર, મહિલાઓની ત્રણ હજાર મીટર સ્ટેપલચેઝ ફાઈનલ સ્પર્ધામાં પારુલ ચૌધરીએ શાનદાર દોડ લગાવી હતી પરંતુ તે પાંચમા સ્થાને રહી હતી. તેણે નિર્ધારિત અંતર નવ મિનિટ અને છ્બીસ સેકન્ડમાં પૂરું કર્યું હતું, જે તેના રાષ્ટ્રીય રેકોર્ડ કરતા થોડું પાછળ રહ્યું હતું. આ સ્પર્ધામાં કેન્યા અને ઈંગ્લેન્ડના ખેલાડીઓએ શ્રેષ્ઠ સમય નોંધાવીને મેડલ જીતી લીધા હતા, જ્યારે ભારતીય ખેલાડીએ કઠિન મુકાબલો આપ્યો હતો.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, શોર્ટ પુટની ફાઈનલ સ્પર્ધામાં મનપ્રીત કૌર ઈતિહાસ રચવાની બિલકુલ નજીક પહોંચી ગઈ હતી. તેમણે સત્તર મીટર અને ઓગણપચાસ સેન્ટીમીટરનો શાનદાર થ્રો કર્યો હતો, પરંતુ અંતિમ ક્ષણોમાં જમૈકાના ખેલાડીએ સરસાઈ મેળવી લેતા તેમને ચોથા સ્થાન પર સંતોષ માનવો પડ્યો હતો. આ ઉપરાંત પેરા એથ્લેટિક્સ વિભાગમાં પણ ભારતીય ખેલાડીઓએ પોતાના વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શનમાં સુધારો કરીને એરિયા રેકોર્ડ તોડ્યા હતા. આ સ્પર્ધાઓમાં ભલે મેડલ ન મળ્યો હોય, પરંતુ ભારતીય ખેલાડીઓનું પ્રદર્શન ભવિષ્ય માટે ઘણી આશાઓ જગાવે છે. પ્રશાસન અને કોચિંગ સ્ટાફ ખેલાડીઓની આગામી તૈયારીઓ પર ધ્યાન આપી રહ્યા છે જેથી આગામી ટૂર્નામેન્ટ્સમાં વધુ સારા પરિણામો મેળવી શકાય. સમગ્ર દેશના ખેલપ્રેમીઓ હજુ પણ અન્ય સ્પર્ધાઓમાં મેડલ જીતવાની આશા સાથે ખેલાડીઓનો ઉત્સાહ વધારી રહ્યા છે.

બેંગલુરુ ટીમ બની સૌથી મોંઘી ફ્રેન્ચાઈઝી

# IPL બિઝનેસમાં મોટો ઉછાળો બ્રાન્ડ વેલ્યુ RCB નંબર વન



(એજન્સી) અમદાવાદ । તા. 30

રમતગમત જગતમાંથી પ્રાપ્ત થયેલા અહેવાલો મુજબ, ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ બેંક હૂલીહાન લોકી દ્વારા જારી કરવામાં આવેલા તાજેતરના રિપોર્ટમાં ઈન્ડિયન પ્રીમિયર લીગના આર્થિક સામ્રાજ્યમાં અભૂતપૂર્વ ઉછાળો જોવા મળ્યો છે, જેના કારણે આ ટૂર્નામેન્ટ દુનિયાની સૌથી અમીર ક્રિકેટ લીગ તરીકે વધુ મજબૂત બની છે અને તેની કુલ બિઝનેસ વેલ્યુ વધીને અંદાજે બે લાખ કરોડ રૂપિયાની આસપાસ પહોંચી ગઈ છે, જેમાં દેશ-વિદેશના રોકાણકારોનો ભારે રસ દેખાઈ રહ્યો છે.

આ અગાઉ પણ ક્રિકેટ ફ્રેન્ચાઈઝીના મૂલ્યાંકનમાં સતત વધારો નોંધાતો રહ્યો છે, પરંતુ ચાલુ વર્ષે લીગના બિઝનેસમાં અગિયાર ટકાથી વધુનો જબરદસ્ત વધારો નોંધાતા તમામ આર્થિક નિષ્ણાતો ચોંકી ઉઠ્યા છે. રિપોર્ટ અનુસાર, આખી લીગનું એકંદર મૂલ્ય બાવીસ બિલિયન ડોલરની નજીક પહોંચી ગયું છે, જે દર્શાવે છે કે રમતગમત અને મનોરંજનના ક્ષેત્રમાં ભારતીય બજારનું વજન વૈશ્વિક સ્તરે કેટલું મોટું થઈ ગયું છે. પ્રતિ મેચ વેલ્યુએશનની દ્રષ્ટિએ આ ટૂર્નામેન્ટ હવે વિશ્વની માત્ર અન્ય એક મોટી અમેરિકન ફૂટબોલ લીગ પાછળ બીજા ક્રમે બિરાજમાન છે.

આ વર્ષે માત્ર બિઝનેસમાં જ નહીં પરંતુ ફ્રેન્ચાઈઝીઓની માલિકીમાં પણ મોટા ફેરફારો જોવા મળ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ફ્રેન્ચાઈઝીને અગ્રણી જૂથો દ્વારા સોદા હેઠળ હસ્તગત કરવામાં આવી હતી, જ્યારે રાજસ્થાન રોયલ્સના માં પણ નોંધપાત્ર બદલાવ આવ્યો છે. આ ફેરફારોની સીધી અસર ટીમોની બ્રાન્ડ વેલ્યુ પર જોવા મળી છે. બેંગલુરુની ટીમ સોળ ટકા જેટલા જબરદસ્ત વધારા સાથે ત્રણસો મિલિયન ડોલરનો આંકડો પાર કરનારી ઈતિહાસની પહેલી ફ્રેન્ચાઈઝી બની ગઈ છે અને મોસ્ટ વેલ્યુએબલ ટીમનું સિંહાસન કબજે કર્યું છે.

### ભવિષ્યની રૂપરેખા અને જનતા પર પ્રભાવ

આ અતિશય આર્થિક વૃદ્ધિને કારણે આગામી સમયમાં ખેલાડીઓ, કોચિંગ સ્ટાફ અને સ્થાનિક પ્રતિભાઓ માટે રોજગારી તથા કમાણીની તકોમાં અનેકગણો વધારો થવાની પૂરી સંભાવના છે. રમતગમત સાથે જોડાયેલા નાના વેપારીઓ, હોસ્પિટાલિટી ઉદ્યોગ અને પ્રવાસન ક્ષેત્રને પણ આનાથી મોટો આર્થિક વેગ મળશે તે નિશ્ચિત છે.



# કોમનવેલ્થ ટેબલ ટેનિસ સ્પર્ધામાં ભારતીય ટીમો ફાઈનલમાં પહોંચી

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

રાજધાનીના પ્રખ્યાત ત્યાગરાજ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ચાલી રહેલી 22મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ અદ્ભુત પ્રદર્શન કરીને ઈતિહાસ રચ્યો છે. બુધવારે રમાયેલી અત્યંત રોમાંચક સેમિફાઈનલ મુકાબલાઓમાં પુરુષ અને મહિલા બંને વર્ગની ભારતીય ટીમોએ ઈંગ્લેન્ડની ટીમને પરાજય આપીને ફાઈનલમાં શાનદાર પ્રવેશ કર્યો છે. આ જીત સાથે સમગ્ર દેશના રમતપ્રેમીઓમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે અને હવે ગુરુવારે રમાનાર ખિતાબી મુકાબલા પર સૌની નજર રહેશે.

મહિલાઓની સેમિફાઈનલ મેચમાં ભારતીય ખેલાડી શ્રીજા અકુલાએ પોતાની ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરીને ઈંગ્લેન્ડના ખેલાડીને સરળતાથી હરાવીને ભારતને શાનદાર શરૂઆત અપાવી હતી. જોકે, ઈંગ્લેન્ડની અનુભવી ખેલાડીએ વળતી લડત આપીને સ્કોર સરભર કર્યો હતો, પરંતુ યુવા ખેલાડી સિન્ડ્રેલા દાસ અને ફરીથી મેદાનમાં આવેલી શ્રીજાએ દમદાર રમત બતાવીને રોમાંચક પાંચ ગેમ્સના મુકાબલામાં જીત મેળવીને ભારતને ફાઈનલમાં પહોંચાડી દીધું હતું. મહિલાઓની સફળતા બાદ પુરુષ ટીમ પણ પાછળ રહી ન હતી. માનવ ઠક્કરે તાજેતરમાં જ ઈજા પામ્યા હોવા છતાં અને કપાળ પર ટાંકા આવ્યા હોવા છતાં મેદાન પર અદભુત સાહસ અને કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. માનવ અને માનુષ શાહની આગેવાની હેઠળ ભારતીય પુરુષ ટીમે ઈંગ્લેન્ડ વિરુદ્ધ એક પણ મેચ ગુમાવ્યા વગર ત્રણ-શૂન્યથી ક્લીન સ્વીપ કરીને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી દીધી હતી. આ શાનદાર વિજયથી ખેલાડીઓનોત્મવિશ્વાસ સાતમા આસમાને પહોંચી ગયો છે. બંને ભારતીય ટીમો હવે ફાઈનલમાં મલેશિયા સામે ટકરાશે. ખાસ કરીને પુરુષ ટીમ લીગ તબક્કામાં મલેશિયા સામે મળેલી હારનો બદલો લેવા માટે પૂરી રીતે તૈયાર છે.

# ભારતીય હોકી જર્સીનો રંગ કેસરી કરવામાં આવ્યો, હોકી ઈન્ડિયાએ કારણ સ્પષ્ટ કર્યું

(એજન્સી) ચેન્નાઈ । તા. 30



ભારતીય હોકી ટીમની પરંપરાગત વાદળી જર્સીને લઈને એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે અને આગામી ટૂર્નામેન્ટમાં ખેલાડીઓ કેસરી રંગની જર્સી પહેરીને મેદાનમાં ઉતરશે. આ બદલાવને લઈને સોશિયલ મીડિયા પર વિવિધ ચર્ચાઓ શરૂ થયા બાદ, રમતનું સંચાલન કરતી સંસ્થા દ્વારા સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી છે. ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફના ટેકનિકલ અભિપ્રાયના આધારે આ મોટો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવવામાં આવ્યું છે.

મીડિયા અહેવાલ અનુસાર, તાજેતરમાં જ ફેડરેશન દ્વારા એક વીડિયો જારી કરીને જર્સીના રંગમાં ફેરફાર કરવાની જાહેરાત કરવામાં આવી હતી, જેના પછી સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયાઓનો દોર શરૂ થયો હતો. સંસ્થાએ સ્પષ્ટ કર્યું છે કે વાદળી રંગની જર્સી અને મેદાન પરના વાદળી કૃત્રિમ ટર્ફ વચ્ચે દૃશ્યતાની સમસ્યા સર્જાતી હતી, જેના કારણે ઓન-ફીલ્ડ સ્પષ્ટતા પર અસર પડતી હતી. આ ટેકનિકલ મુશ્કેલીને દૂર કરવા માટે જ રંગ બદલવાની આવશ્યકતા ઊભી થઈ હતી.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ સમસ્યાના ઉકેલ માટે પીળા અને કેસરી રંગના વિકલ્પો ઉપર વિચારણા કરવામાં આવી હતી, અંતે રાષ્ટ્રીય ધ્વજના પ્રતિક સમાન કેસરી રંગને પસંદ કરવામાં આવ્યો છે જે સાહસ, બલિદાન અને રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક છે. આગામી મહિને નેધરલેન્ડ્સ અને બેલ્જિયમમાં રમાનાર એફઆઈએચ વર્લ્ડ કપથી જ ભારતીય પુરુષ અને મહિલા હોકી ટીમો આ નવી કેસરી જર્સીમાં જોવા મળશે. આ ઉપરાંત કિટમાં સફેદ રંગની જર્સીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ટીમ આ નવા સ્વરૂપ સાથે મેદાન પર ઉતરવા માટે પૂરી રીતે ઉત્સાહિત છે. જર્સીના ડિઝાઈન અને રંગમાં આવેલા આ ફેરફારથી ખેલાડીઓને મેદાન પર એકબીજાને ઓળખવામાં સરળતા રહેશે. રમતપ્રેમીઓ પણ પોતાની પ્રિય ટીમને આ નવા અંદાજમાં જોવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે અને આશા રાખી રહ્યા છે કે ટીમ આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ વધુ રોશન કરશે.

# ભારતીય ટીમ છોડતા જ રેયાન ટેન ડોશેટને મળી મોટી ઓફર

## વૈશ્વિક ફ્રેન્ચાઈઝી માટે સંભાળશે મોટી જવાબદારી

(એજન્સી) નવી દિલ્હી । તા. 30



આજે ક્રિકેટ જગતમાંથી સામે આવેલા મહત્વપૂર્ણ અહેવાલ મુજબ, ભારતીય પુરુષ ક્રિકેટ ટીમના આસિસ્ટન્ટ કોચ પદેથી અચાનક રાજીનામું આપ્યાના ગણતરીના કલાકોમાં જ નેધરલેન્ડ્સના પૂર્વ દિગ્ગજ ઓલરાઉન્ડર રેયાન ટેન ડોશેટને એક મોટી ફ્રેન્ચાઈઝી તરફથી આકર્ષક ઓફર મળી ગઈ છે, જેના અંતર્ગત તેઓ ફરી એકવાર પોતાની જૂની કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમ સાથે જોડાઈ ગયા છે અને તેમને ગ્લોબલ નેટવર્ક માટે હેડ ઓફ ક્રિકેટ સ્ટ્રેટેજી તરીકે સત્તાવાર રીતે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેમના આગમનથી વૈશ્વિક સ્તરે ફ્રેન્ચાઈઝીની રણનીતિ વધુ મજબૂત બનશે તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

ગત અઠવાડિયે ઈંગ્લેન્ડ પ્રવાસની સફળ સમાપ્તિ સાથે જ રેયાન ટેન ડોશેટે ભારતીય ટીમનો સાથ છોડી દીધો હતો. જુલાઈ 2024માં મુખ્ય કોચની ભલામણથી તેમણે ટીમ ઈન્ડિયાની કમાન સંભાળી હતી અને પોતાના બે વર્ષના કાર્યકાળ દરમિયાન ટીમને ચેમ્પિયન્સ ટ્રોફી, એશિયા કપ તેમજ ટી-ટ્વેન્ટી વર્લ્ડ કપ જેવી મોટી આંતરરાષ્ટ્રીય ટ્રોફીઓ જીતાડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. જોકે, ટેસ્ટ ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયા સામેની હાર અને ઘરઆંગણે થયેલા ક્લીન સ્વીપ જેવા મુશ્કેલ સમય તેમજ વ્યસ્ત આંતરરાષ્ટ્રીય શેડ્યૂલ અને સતત પ્રવાસના કારણે તેમણે પોતાના પદ પરથી સમય પહેલા જ ખસી જવાનો નિર્ણય કર્યો હતો. નાઈટ રાઈડર્સ સ્પોર્ટ્સના મુખ્ય અધિકારી દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર, રેયાન ટેન ડોશેટની આ નવી ભૂમિકા માત્ર એક ટીમ પૂરતી મર્યાદિત નથી, પરંતુ નાઈટ રાઈડર્સ નેટવર્ક હેઠળ આવતી તમામ વૈશ્વિક ફ્રેન્ચાઈઝીઓમાં સ્કાઉટિંગ, પ્લેયર રિક્રુટમેન્ટ, સ્ક્વોડ પ્લાનિંગ અને પરફોર્મન્સ ઈવેલ્યુએશન માટે તેઓ માર્ગદર્શન પૂરું પાડશે. આ ઉપરાંત તેઓ કેરેબિયન પ્રીમિયર લીગ, ઈન્ટરનેશનલ લીગ ટી-ટ્વેન્ટી અને મેજર લીગ ક્રિકેટ જેવી વિદેશી લીગની ટીમોમાં પણ આસિસ્ટન્ટ કોચ તરીકે પોતાની વધારાની સેવાઓ આપવા માટે સજ્જ થયા છે.

આ ફ્રેન્ચાઈઝી સાથે તેમનો ઈતિહાસ બહુ જૂનો અને યાદગાર રહ્યો છે. તેઓ વર્ષ 2011થી 2015 દરમિયાન ખેલાડી તરીકે આ ટીમનો હિસ્સો રહી ચૂક્યા છે અને 2024માં જ્યારે ટીમ ચેમ્પિયન બની ત્યારે તેઓ ફિલ્ડિંગ કોચની ભૂમિકામાં હતા.

ફાઈનલ // એશિયન ફૂટબોલ સમિતિએ આપી કાયમી મંજૂરી, આગામી ટૂર્નામેન્ટમાં બત્રીસ ટીમો ભાગ લેશે

# સાઉદી અરેબિયા સતત ત્રણ એશિયન ચેમ્પિયન્સ લીગ ફાઈનલ યજમાન

(એજન્સી) રિયાધ । તા. 30



આજે ફૂટબોલ જગતમાંથી પ્રાપ્ત થયેલા મહત્વપૂર્ણ અહેવાલ મુજબ, એશિયન ફૂટબોલ સમિતિની એક્ઝિક્યુટિવ કમિટી દ્વારા લેવાયેલા એક મોટા નિર્ણયમાં સાઉદી અરેબિયાને આગામી ત્રણ એશિયન ચેમ્પિયન્સ લીગ એલાઈટ ફાઈનલ મુકાબલાઓનું આયોજન કરવા માટેના અસ્થાયી હકોને સત્તાવાર રીતે કાયમી સ્વરૂપમાં તબદીલ કરી દેવામાં આવ્યા છે, જેના કારણે આ સમૃદ્ધ ખાડી દેશ આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય ક્લબ ફૂટબોલનું સૌથી મોટું કેન્દ્ર બનીને ઉભરી આવશે અને સમગ્ર વિશ્વના ખેલપ્રેમીઓની નજર આ ભવ્ય આયોજન પર રહેશે.

જ્યારે આ મહત્ત્વપૂર્ણ કોન્ટિનેન્ટલ ક્લબ સ્પર્ધાનું નવા માળખા મુજબ પુનર્ગઠન કરવામાં આવ્યું હતું, ત્યારથી લઈને અત્યાર સુધીની પ્રથમ બે સંયુક્ત સિઝનની ફાઈનલ મેચોનું સફળ સંચાલન સાઉદી અરેબિયા દ્વારા જ કરવામાં આવ્યું છે. જેદ્દાહ સ્થિત લોકપ્રિય ફૂટબોલ ક્લબ અલ્ અહલીએ પોતાના હોમ ગ્રાઉન્ડ પર રમાયેલી આ બંને તકોનો પૂરેપૂરો ફાયદો ઉઠાવીને શાનદાર પ્રદર્શન કર્યું હતું અને ફાઈનલ મુકાબલામાં જાપાનની મજબૂત ટીમોને પરાજય આપીને ટ્રોફી પોતાના નામે કરી હતી, જેના કારણે આ દેશની યજમાન તરીકેની ક્ષમતા પર ફૂટબોલ સમિતિએ સંપૂર્ણ ભરોસો વ્યક્ત કર્યો છે.

